Wednesday 29, July 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૭૦ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

# ભીલાડમાં મેમુનું એન્જીન ખડી પડતાં ૭ કલાક ટ્રેન વ્યવહાર ખોરવાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ/વાપી, તા. ૨૮ :** પશ્ચિમ રેલ્વેના ભીલાડ રેલવે સ્ટેશન પાસે બુધવારે સવારે ભરૂચ તરફ જઈ રહેલી મેમુ ટ્રેનનું એન્જિન અચાનક પાટા પરથી ઉતરી જતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ કે મુસાફરોને ઈજા થવાના અહેવાલ નથી.

મળતી માહિતી મુજબ, સવારે ૬ : ૨૭ વાગ્યે વિરારથી ભરૂચ જતી મેમુ ટ્રેન ભીલાડના પ્લેટફોર્મ નંબર-૧ પર પ્રવેશ કરી રહી હતી ત્યારે અચાનક ટ્રેનના ડીએમસી એન્જિનના ૪ વ્હિલ પાટા પરથી ઉતરી જતાં ટ્રેન તરત જ બંધ કરી દેવામાં આવી હતી. ટ્રેનની ગતિ અત્યંત ધીમી હતી, એટલે કોઈ મોટો અકસ્માત સર્જાવાની શકયતા રહી ન હતી. ત્યારબાદ મુસાફરોને તાત્કાલિક સલામત રીતે નીચે ઉતારવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જ રેલવેના ઉચ્ચ અધિકારીઓ અને મેડિકલ સાધનસામગ્રી સાથે ટેકનિકલ ટીમો ઘટનાસ્થળે દોડી આવી હતી. અપ-ડાઉન બંને ટ્રેક પર ટ્રેનોની અવરજવર અસ્થાયી ધોરણે બંધ કરી દેવામાં આવી હતી. જેના કારણે વલસાડ-સુરત સેક્શન પર કેટલીક લોકલ અને પેસેન્જર ટ્રેનો વિલંબથી દોડી હતી. અનેક ટ્રેનોના સમયપત્રકમાં વિક્ષેપ સર્જાતા વંદે ભારત એક્સપ્રેસ, શતાબ્દી એક્સપ્રેસ, ગુજરાત એક્સપ્રેસ અને વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ સહિત અનેક મહત્વપૂર્ણ ટ્રેનો કલાકો સુધી મોડી ચાલી હતી. જેના કારણે વડોદરા સહિત વિવિધ સ્ટેશનો પર મુસાફરોની ભારે ભીડ જોવા મળી હતી. રેલવે તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે ક્રેન અને રાહત ટીમને બોલાવીને એન્જિનને ફરીથી પાટા પર લાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. રેલવેના અધિકારીઓએ જણાવ્યું કે ટ્રેકને થયેલું નુકસાન અને એન્જિનના વ્હીલમાં આવેલી ખામીના કારણે આ અકસ્માત સર્જાયો હોવાનું પ્રાથમિક અનુમાન છે.

કલાકોની મહેનત બાદ બપોરે ૧:૩૩ કલાક સુધી રેલવે ટીમે યુદ્ધના ધોરણે કામ કરીને ટ્રેકને દુરસ્ત કર્યો હતો. ત્યારબાદ ટ્રેનોની અવરજવર પુનઃ શરૂ કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે થોડા દિવસો અગાઉ જ ભારે વરસાદને કારણે પારડી અને ઉદવાડા વચ્ચે રેલવે ટ્રેક નજીક માટી ધસી પડવાની ઘટના બની હતી. ત્યારે ફરી એકવાર ભિલાડ નજીક ટ્રેનનું એન્જિન પાટા પરથી ઉતરતાં મુસાફરોમાં રેલવે સુરક્ષાને લઈને ચિંતા વધી છે.

રેલવેના ઉચ્ચ અધિકારીઓએ સમગ્ર ઘટનાનું ગંભીરતાથી સંજ્ઞાન લઈ ભિલાડ ખાતે એન્જિન પાટા પરથી ઉતરવાનું ચોક્કસ ટેકનિકલ કારણ જાણવા ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપ્યા છે. હાલ તપાસ શરૂ કરવામાં આવી છે અને તેના અહેવાલના આધારે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.




## નવી ઈકોફિક્સ ટેકનોલોજીથી વરસાદમાં બગડેલા રસ્તાનું પેચવર્ક

વલસાડ જિલ્લાના પારડી તાલુકાના મોતીવાડા એપ્રોચ રોડ પર માર્ગમાં પડેલા ખાડાઓ તથા વરસાદી નુકસાનને તાત્કાલિક ધોરણે દૂર કરવા વલસાડ (મા.મ.) વિભાગ (રાજ્ય) દ્વારા ઈકોફિક્સ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને પેચવર્ક કામગીરી હાથ ધરવામાં આવી હતી. કામગીરી પૂર્ણ થતાં માર્ગની સ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો છે, વાહનવ્યવહાર વધુ સુરક્ષિત અને સુગમ બન્યો છે તેમજ સ્થાનિક નાગરિકો અને માર્ગનો ઉપયોગ કરતા વાહનચાલકોને અવરજવરમાં નોંધપાત્ર રાહત મળી છે.

## સર્વે કરાવી યોગ્ય વળતર આપવા ધારાસભ્યની રજૂઆત

# વલસાડના કાંઠામાં વરસાદી પાણીથી મીઠા ઉદ્યોગને ભારે નુકશાન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૮ :** વલસાડ જિલ્લામાં પડેલા ભારે વરસાદના કારણે વલસાડ તાલુકાના કાંઠા વિસ્તારના અગરિયા સમુદાય પર મોટો આર્થિક ફટકો પડ્યો છે. અચાનક આવેલ મુસળધાર વરસાદને કારણે કાંઠા વિસ્તારમાં અગરિયાઓ દ્વારા તૈયાર કરવામાં આવેલો મીઠાનો પાક પાણીમાં ધોવાઈ ગયો છે.

આ અંગે માહિતી આપતા વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલે જણાવ્યું હતું કે, વરસાદના કારણે વલસાડ તાલુકાના ભાગલ, કકવાડી, ધરાસણા, દાંડી, છરવાડા અને ભદેલી દેસાઈ પાર્ટી જેવા દરિયાકાંઠાના ગામોમાં ભારે હોનારત સર્જાઈ છે.

આ ગામોમાં ઉત્પાદિત કરીને રાખવામાં આવેલા હજારો ટન મીઠાના ઢગલાઓ વરસાદી પાણીમાં ઓગળીને ધોવાઈ ગયા છે.

દરિયાકાંઠે અગરિયાઓ મહિનાઓની સખત મહેનત બાદ મીઠાનું ઉત્પાદન કરતા હોય છે. પરંતુ આ કુદરતી આપત્તિના કારણે હજારો ટન પાક નષ્ટ થતાં અગરિયાઓને કરોડો રૂપિયાનું આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. મીઠું ધોવાઈ જતાં સ્થાનિક અગરિયા પરિવારો સામે રોજીરોટીનો ગંભીર પ્રશ્ન ઊભો થયો છે.

ધારાસભ્યએ અગરિયાઓની વેદના વાચા આપતા આ મામલે સરકાર કક્ષાએથી યોગ્ય સર્વે કરી નુકસાનગસ્ત અગરિયાઓને ઝડપથી આર્થિક સહાય કે વળતર મળે તેવી રજૂઆત કરવાની ખાતરી પણ આપી છે.

# વાપીના ફિલ્ટરેશન પ્લાન્ટની આજે સફાઈ કરાશે

## વાપીના માત્ર જૂના વિસ્તારોમાં જ આજે પાણી પુરવઠો બંધ રહેશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૮ :** દમણગંગા નદીમાંથી કોળીવાડ ફિલ્ટર પ્લાન્ટના ઈન્ટેકવેલ મારફતે આવતું કાચું પાણી હાલ અત્યંત ડોહળું આવી રહ્યું છે. જેના કારણે ફિલ્ટરેશન યુનિટમાં કાદવ-કીચડનો મોટા પ્રમાણમાં જમાવ થયો છે.

આ જમાવને સાફ-સફાઈ કરીને પાણી શુદ્ધિકરણની કામગીરી યોગ્ય રીતે કરવા માટે વાપી મહાનગરપાલિકા દ્વારા આવતીકાલ તા. ૨૯-૦૭-૨૦૨૬ બુધવારના રોજ વાપી શહેરના જુના વિસ્તારોમાં પાણી પુરવઠો બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મહાનગરપાલિકાના અધિકારીઓએ જણાવ્યું હતું કે ફિલ્ટર પ્લાન્ટની સફાઈ પૂર્ણ થયા બાદ પાણી પુરવઠો પુનઃ શરૂ કરવામાં આવશે. નાગરિકોને અગાઉથી જ પાણીનો પૂરતો સંગ્રહ કરી લેવા અપીલ કરવામાં આવી છે. જોકે, જોકે, વાપી મહાનગરપાલિકામાં નવા સમાવિષ્ટ થયેલા અંદાજે ૧૧ ગામોમાં પાણી પુરવઠો યથાવત ચાલુ રહેશે અને ત્યાંના નાગરિકોને કોઈ અસર નહીં થાય. પાણી પુરવઠા વિભાગ દ્વારા કામગીરી વહેલી તકે પૂર્ણ કરીને લોકોને ઓછામાં ઓછી તકલીફ પડે તે માટે પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

# વલસાડ દાણાબજારનું બગડેલું અનાજ ઔરંગામાં પધરાવવું જોખમી

## રૂા. ૪ કરોડના ખર્ચે બનેલો ખાતર બનાવવાનો પ્લાન્ટ ૨૦ વર્ષથી ધૂળ ખાય છે : બગડેલા અનાજમાંથી બાયોફર્ટીલાઈઝર બનાવી શકાયું હોત





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૮ :** ઔરંગા નદીના કિનારે આવેલા વલસાડ નગરપાલિકાના ડમ્પિંગ સાઈટ પર તંત્રની ઘોર બેદરકારી અને પ્રજાના ટેક્સના નાણાંનો ધુમાડો થતો હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. આશરે ૨૦ વર્ષ અગાઉ રૂ. ૪ કરોડથી વધુના અધધ ખર્ચે ખાતર બનાવવા માટે વસાવાયેલું મશીનરી પ્લાન્ટ વર્ષોથી ધૂળ ખાતી બંધ હાલતમાં પડ્યો છે. બીજી તરફ, વલસાડમાં ચોમાસા દરમિયાન આવતા પૂરના કારણે વેપારીઓ અને પાલિકાને કરોડોનું નુકસાન વેઠવાનો વારો આવે છે.

દર વર્ષે ઔરંગા નદીમાં આવતા રેલના પાણીને કારણે વલસાડના નીચાણવાળા વિસ્તારો જેવા કે છીપવાડ, દાણા બજાર સહિતના વેપારી મથકોમાં પૂરના પાણી ફરી વળે છે. જેના પરિણામે હજારો ટન અનાજ અને કઠોળ પલળીને બગડી જાય છે. આ સડી ગયેલા અનાજનો સદ્ઉપયોગ કરીને તેમાંથી ખાતર બનાવવાની મોટી તક હોવા છતાં, પાલિકા તંત્રની આળસને કારણે આ કચરો સીધેસીધો ઔરંગા નદીના પાણીમાં કે ખુલ્લી જગ્યાઓમાં ફેંકી દેવામાં આવે છે.

જાહેરમાં અને નદીમાં ફેંકવામાં આવતા આ સડેલા અનાજને કારણે દુર્ગંધ ફેલાય છે અને સ્થાનિક રહીશોના આરોગ્ય સામે ગંભીર ખતરો ઊભો થાય છે. જો નગરપાલિકાનું આ ખાતર બનાવવાનું મશીન ચાલુ હાલતમાં હોત, તો પૂર બાદ એકત્ર થતાં હજારો ટન બગડેલા અનાજમાંથી જૈવિક ખાતર બનાવી શકાયું હોત. જેનાથી પાલિકાને ખાતરના વેચાણ થકી નવી આવક પણ ઊભી થઈ શકી હોત.

ઉલ્લેખનીય છે કે ગુજરાત રાજયની અન્ય કેટલીક નગરપાલિકાઓ પર્યાવરણ જાળવણી અને આવક વધારવા માટે પ્લાસ્ટિક અને ભીના કચરામાંથી ખાતર બનાવવાની કામગીરી સફળતાપૂર્વક કરી રહી છે. ત્યારે વલસાડ નગરપાલિકાના શાસકો અને વહીવટદારો કરોડના ખર્ચે બનેલા આ પ્લાન્ટને પુનઃ ધમધમતો કરવા માટે ક્યારે જાગશે?

શું વલસાડ પાલિકા આ મશીનરી રિપેર કરાવીને ચાલુ કરશે કે પછી દર વર્ષે પૂર આવ્યા બાદ દાણા બજારનો સડેલો માલ આમને આમ જાહેરમાં ફેંકીને નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ખિલવાડ થતો રહેશે? તેવા અનેક તીખા સવાલો હાલ વલસાડની જનતા પૂછી રહી છે.



# વાપી શહેર કોંગ્રેસ પ્રમુખનું અચાનક રાજીનામું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૮ :** વાપી શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ મહેશ એસ. શાહે તા. ૨૮-૦૭-૨૦૨૬ના રોજ પોતાના પદેથી તાત્કાલિક અસરથી રાજીનામું આપી અપાતા વાપીના રાજકીય વર્તુળોમાં ચકચાર મચી ગઈ છે.

મહેશ શાહે રાજીનામામાં જણાવ્યું છે કે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે તેમના પર વિશ્વાસ મૂકીને આ જવાબદારી સોંપી હતી. આ પદ પર રહીને પક્ષ અને જનતાની સેવા કરવાનો અવસર મળવો તેમના માટે ગૌરવની વાત રહી છે.



જોકે તેમણે વધુમાં જણાવ્યું કે ઉંમર વધવાની સાથે વ્યવસાયિક અને વ્યક્તિગત જવાબદારીઓને કારણે તેઓ આ પદને જરૂરી સમય, ધ્યાન અને સંપૂર્ણ સમર્પણ આપી શકતા નથી. તેમની માન્યતા છે કે આટલું મહત્વનું પદ સંપૂર્ણ નિષ્ઠા અને સમય માંગે છે અને તેઓ તેનો સંપૂર્ણ ન્યાયપૂર્વક નિર્વહ કરી શકતા ન હોવાથી પદ પર યથાવત રહેવું યોગ્ય નથી.

તેમણે સ્પષ્ટતા કરી છે કે આ નિર્ણય સંપૂર્ણપણે વ્યક્તિગત છે અને પક્ષના હિતને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે. તેઓ કોંગ્રેસના વિચારો અને સિદ્ધાંતો પ્રત્યે અગાઉની જેમ જ પ્રતિબદ્ધ રહેશે અને એક સામાન્ય કાર્યકર તરીકે પણ પક્ષ અને જનતાની સેવા માટે હંમેશા કાર્યરત રહેશે.

રાજીનામા પત્રમાં તેમણે પ્રદેશ પ્રમુખને પોતાનું રાજીનામું સ્વીકારીને પદની જવાબદારીઓમાંથી મુક્ત કરવાની વિનંતી પણ કરી છે.

તાજેતરમાં યોજાઈ ગયેલી વાપી મહાનગર પાલિકાની ૫૨ માંથી ૧૧ બેઠક જીતાડી સન્માન જનક દેખાવ તેમના નેતૃત્વ હેઠળ કર્યો હતો.

તેમના ઓચિંતના રાજીનામાથી કોંગ્રેસના કાર્યકરોમાં આંચકો અનુભવ્યો છે, હવે વાપી શહેર કોંગ્રેસ પ્રમુખ પદ કોના શિરે હશે તેની અટકળો તેજ બની છે.

# કૈલાસ રોડનો ઔરંગા પુલ ચાલુ થયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૮ :** વલસાડ કલેકટર અને મા.મ. વિભાગે સ્મશાન ભૂમિ પાસેના નીચા પુલની ખરાબમાં ખરાબ હાલતને સાફ કરી રીકાર્પેટીંગ યુદ્ધના ધોરણે કરી અવર-જવર મંગળવારથી શરૂ કરાવી છે પરંતુ એક કિલોમીટર દૂર છિપવાડના રેલવે અંડરપાસમાં એક મીટર થી વધુ ભયંકર દુર્ગંધ મારતા ગંદા પાણીનો નિકાલ થયો નથી જેથી નાના વાહનોએ મોગરાવાડી ૩૨૯ રેલવે અન્ડર પાસ નો ઉપયોગ કરીને વલસાડ શહેરમાં અવરજવર કરવી પડે છે જેની ઊંચાઈ પણ બે મીટર ઓછી થઈ જતા હવે માત્ર ઈકો પસાર થઈ શકે એવું છે જેથી હાલમાં તેની અંદર ભારે અવર-જવર વધી ગઈ છે.

આ એક કિલોમીટરમાં પણ કાદવ કીચડની જોઈએ તેવી સફાઈ નહીં થતાં દ્વિચક્રી વાહનો લપસવાના બનાવો બને છે. રેલવે અંડર પાસ ૩૩૦ પહેલા ભયંકર ખરાબ હાલત રસ્તાની છે. ગુંદલાવ- ૪૦ ગામની જનતા પૂછે છે કે ઔરંગાપુલ પર અવરજવર શરૂ થઈ પણ અંડર પાસ નું શું? ક્યારે ખુલ્લો થશે? જો વલસાડમાં બે ત્રણ ઈંચ વરસાદ પડશે એટલે એ ૩૨૯- મોગરાવાડી પણ બંધ થઈ જશે.

## પૂરગ્રસ્ત શાળાઓ માટે શિક્ષણ વિભાગ એક્શનમાં

# વલસાડ જિલ્લામાં કુલ ૭,૨૦૧ વિદ્યાર્થીઓને નવા પુસ્તકો અપાશે

**વલસાડ, તા. ૨૮ :** છેલ્લા ચારથી પાંચ દિવસ દરમિયાન વલસાડ જિલ્લામાં પડેલા અતિભારે વરસાદના કારણે જિલ્લાના અનેક વિસ્તારો તેમજ શાળાઓ અસરગ્રસ્ત બની છે. વલસાડ શહેરની અનેક શાળાઓમાં પૂરનું પાણી ઘૂસી જતાં શૈક્ષણિક કામગીરીને અસર પહોંચી હતી. જિલ્લા શિક્ષણ અધિકારી ડૉ. રાજેશ્રી એલ. ટંડેલે અસરગ્રસ્ત શાળાઓની સ્થળ મુલાકાત લઈ શાળાઓમાં થયેલા નુકસાનની માહિતી મેળવી હતી. તથા તમામ શાળાઓમાં સેનિટાઈઝેશનની કામગીરી ઝડપથી પૂર્ણ થાય તે માટે આગ્રહ રાખ્યો હતો. અને જણાવ્યું હતું કે પૂરના કારણે વિદ્યાર્થીઓના પાઠ્યપુસ્તકોને થયેલા નુકસાનને ધ્યાનમાં રાખીને શિક્ષણ વિભાગને વલસાડ જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના કુલ ૨,૫૧૦ વિદ્યાર્થીઓને નવા પાઠ્યપુસ્તકોની જરૂરિયાત નોંધાઈ છે, જેમાં ધોરણ ૯ના - ૭૧૫ વિદ્યાર્થીઓ, ધોરણ ૧૦ના - ૬૩૪ વિદ્યાર્થીઓ, ધોરણ ૧૧ (સામાન્ય પ્રવાહ)ના - ૬૧૮ વિદ્યાર્થીઓ, ધોરણ ૧૧ (વિજ્ઞાન પ્રવાહ)ના - ૬૦ વિદ્યાર્થીઓ, ધોરણ ૧૨ (સામાન્ય પ્રવાહ)ના - ૪૩૦ વિદ્યાર્થીઓ અને ધોરણ ૧૨ (વિજ્ઞાન પ્રવાહ)ના - ૫૩ વિદ્યાર્થીઓનો નવા પુસ્તકો આપવામાં આવશે. આ ઉપરાંત પ્રાથમિક વિભાગના કુલ ૪,૬૯૧ વિદ્યાર્થીઓ માટે પણ નવા પાઠ્યપુસ્તકોની માંગણી કરવામાં આવી છે. આ રીતે જિલ્લાના કુલ ૭,૨૦૧ વિદ્યાર્થીઓને નવા પાઠ્યપુસ્તકો ઉપલબ્ધ કરાવવા માટે શિક્ષણ વિભાગ દ્વારા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

નેમિનાથ ટ્રેડર્સ




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી

Mo. No. 9825190301 / 9825390301

સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)

ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10

12th Year Anniversary
SPECIAL OFFERS
% Early Bird Discount Till 31st March
FREE Textbooks From Nursery to Std 10
Special Concession On Admission Fees



Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328

ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

**રાજસ્થાની સમસ્ત રાજપુરોહિત સમાજ દ્વારા**

## બીલીમોરાના પૂરગ્રસ્તો માટે ૧૮૦ પરિવારોને ૨૫ કિલોની કીટ અર્પણ કરી



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) બીલીમોરા, તા.૨૮ :** અંબિકા નદીના પૂરથી પાયમાલ થયેલા કૈલાશ રોડ, સ્મશાન ભૂમિ અને વાઢીયા શિપ વિસ્તારમાં સ્વયંસેવકોએ રૂબરૂ પહોંચી સહાય પહોંચાડી હતી. બીલીમોરામાં પાંચ દિવસ પૂર્વે અંબિકા નદીના પૂરે મચાવેલી તારાજીના કારણે અનેક વિસ્તારો જળબંબાકાર થઈ જતાં અને ઘરોમાં પાણી ઘૂસી જતાં અસંખ્ય પરિવારો પાયમાલ થઈ ગયા હતા. ઘરવખરીનો સામાન, ખાદ્યસામગ્રી તેમજ દૈનિક ઉપયોગની ચીજવસ્તુઓ પૂરના કાદવ-કીચડમાં ગરકાવ થઈ જતાં લોકો ભારે આર્થિક અને માનસિક હાલાકી ભોગવી રહ્યા હતા. આ વિકટ અને આફતજનક પરિસ્થિતિમાં માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતાં મંગળવારે રાજસ્થાની સમસ્ત રાજપુરોહિત સમાજ દ્વારા પૂરપીડિતોની વહારે આવીને મોટા પાયે રાહત કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

સમાજના આગેવાનો અને ઉત્સાહી સ્વયંસેવકોએ પૂરથી ભારે અસરગ્રસ્ત એવા કૈલાશ રોડ, સ્મશાન ભૂમિ વિસ્તાર તેમજ વાઢીયા શિપ વિસ્તારના અસરગ્રસ્ત વિસ્તારોમાં ઘરે-ઘરે પહોંચીને ૧૮૦ જેટલા અત્યંત જરૂરિયાતમંદ પરિવારોને ૨૫ કિલોગ્રામની રાશન-રાહત કીટનું વિતરણ કર્યું હતું. રાજપુરોહિત સમાજના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે,કુદરતી આપદાની આવી કઠિન ઘડીમાં સમાજ સદૈવ પીડિતોની સાથે ઊભો રહેવા કટિબદ્ધ છે અને ભવિષ્યમાં પણ આવી સેવાયજ્ઞની પ્રવૃત્તિઓ ચાલુ જ રહેશે. સ્થાનિક રહીશોએ આ મુશ્કેલ સમયમાં મળેલી તાત્કાલિક સહાય બદલ રાજપુરોહિત સમાજની આ ઉમદા અને ભાવનાત્મક પહેલને હૃદયપૂર્વક બિરદાવી આભાર વ્યક્ત કર્યો હતો.

## ચીખલીની વિવિધ સેવાકીય સંસ્થાઓએ માનવતા મ્હેકાવી

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) ચીખલી, તા.૨૮ :** ચીખલી તાલુકામાં આવેલા ભારે પુરના કારણે ઠેર ઠેર તારાજીના દ્રશ્યો બહાર આવી રહ્યા છે પુરમાં ભારે વિનાશ સર્જાતા ગરીબ અને સામાન્ય પ્રજાને ભારે નુકસાન વેઠવાની નોબત આવી છે પૂરના કારણે અસંખ્ય પરિવારો બે ઘર બન્યા છે ઘરમાં રાખેલ અનાજ નાશ પામ્યું છે. ઘરવખરીની ચીજ વસ્તુઓ પાણીમાં તણાઈ જવા પામી છે. સંવેદનશીલ બનેલા અસરગ્રસ્તોની વ્હારે વિવિધ સેવાકીય સંસ્થાઓએ માનવતાનો સાદ ઝીલી લઈને ભારે ઉદારતા દાખવી છે અસરગ્રસ્તો માટે સતત બેથી ત્રણ દિવસ સુધી ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી જેમાં ચીખલી પ્રેરણા ગ્રૂપ, લાયન્સ ક્લબ ચીખલી, જલારામ મંદિર ટ્રસ્ટ ચીખલી, આલીપોર મુસ્લિમ વેલ્ફેર ટ્રસ્ટ, બીએપીએસ સ્વામિનારાયણ મંદિર ચીખલી, ગ્રામ પંચાયત ચીખલીના સરપંચ વિરલ પટેલ દ્વારા ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી, તેમજ નવસારી જિલ્લા ક્વોરી ઓનર્સ એસોસિએશન દ્વારા અનાજ અને કપડાં સાથેની કીટ તેમજ રોટરી ક્લબ ઓફ ચીખલી રિવરફ્રન્ટ દ્વારા ભોજન અને વાસણો અને જરૂરી આવશ્યક ચીજ વસ્તુઓની કીટ તથા જેમ્સન ચેરીટેબલ ટ્રસ્ટ સોનવાડા દ્વારા અનાજ તેમજ કપડાની કીટનું વિતરણ કરાયું હતું તો બીજી તરફ ચીખલી નગરના નામાંકિત વેપારીઓ દ્વારા અસરગ્રસ્તો માટે જરૂરીયાત મુજબની ચીજ વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

**મહિલા સુરક્ષા માટે ૧૮૧ મહિલા હેલ્પલાઈનની અસરકારક કામગીરી**

## નવસારીમાં પૂર્વ પતિએ હેરાનગતિ નહીં કરવાની ખાતરી આપી

**નવસારી, તા.૨૮ :** નવસારી જિલ્લાના એક વિસ્તારમાંથી એક પીડિત મહિલાએ ૧૮૧ મહિલા હેલ્પલાઈનમાં સંપર્ક કરી જણાવ્યું હતું કે તેમના પતિ સાથે કાયદેસર રીતે ડિવોર્સ થઈ ચૂક્યા છે અને તેઓ પોતાના બાળક સાથે અલગ રહી નોકરી કરીને સ્વાવલંબન સાથે જીવન નિર્વાહ કરી રહ્યા છે, તેમ છતાં તેમના પૂર્વ પતિ વારંવાર નશાની હાલતમાં તેમના કાર્યસ્થળે પહોંચી ગાળાગાળી કરવી, અપમાનજનક શબ્દોનો ઉપયોગ કરવો, ખોટા આક્ષેપો કરી જાહેરમાં હોબાળો મચાવવો તેમજ તેમની પ્રતિષ્ઠા અને રોજગારને અસર થાય તે રીતે વર્તન કરીને સતત માનસિક હેરાનગતિ પહોંચાડતા હતાં.

પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં લઈ ૧૮૧ મહિલા હેલ્પલાઈનની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. ટીમે બંને પક્ષોને શાંતિપૂર્વક અલગ રાખી પરિસ્થિતિને નિયંત્રણમાં લઈ સંવેદનશીલ રીતે કાઉન્સેલિંગની પ્રક્રિયા હાથ ધરી હતી.

કાઉન્સેલિંગ દરમિયાન પીડિત મહિલાએ જણાવ્યું હતું કે તેમને ત્રણ બાળકો છે અને તેઓ એકલા હાથે બાળકોનું ભરણપોષણ કરે છે. પૂર્વ પતિ દ્વારા સતત નશાની હાલતમાં મારપીટ, ગાળાગાળી, માનસિક અને શારીરિક ત્રાસ તેમજ ઘરેલુ હિંસા કરવામાં આવતી હોવાથી તેમણે કાયદેસર રીતે ડિવોર્સ લીધા હતા. ડિવોર્સ બાદ પણ પૂર્વ પતિ દ્વારા સતત હેરાનગતિ કરવામાં આવતી હોવાથી તેઓ માનસિક તણાવ અનુભવી રહ્યા હતા તેમજ તેમની રોજગારી પર પણ તેની -તિકૂળ અસર પડી રહી હતી.

ત્યારબાદ ૧૮૧ મહિલા હેલ્પલાઈનની ટીમ દ્વારા પૂર્વ પતિનું વિસ્તૃત કાઉન્સેલિંગ કરવામાં આવ્યું. તેમણે જણાવ્યું હતું કે તેઓ પોતાના બાળકને મળવા માટે પીડિત મહિલાને મળવા આવે છે. ટીમ દ્વારા તેમને સમજાવવામાં આવ્યું કે ડિવોર્સ બાદ પૂર્વ પત્નીને કોઈપણ પ્રકારની માનસિક હેરાનગતિ પહોંચાડવી, ધમકી આપવી, જાહેરમાં અપમાનિત કરવું અથવા તેમના રોજિંદા જીવનમાં અવરોધ ઉભો કરવો કાયદેસર રીતે ગંભીર બાબત છે. આવી હરકતો અંગે ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત જોગવાઈઓ હેઠળ કાર્યવાહી થઈ શકે છે. ઉપરાંત પીડિત મહિલાને કાયદા મુજબ ઉપલબ્ધ રક્ષણાત્મક ઉપાયો અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બાળકની કસ્ટડી અથવા મુલાકાતનો અધિકાર માત્ર સક્ષમ અદાલતના આદેશ અથવા કાયદેસરની પ્રક્રિયા દ્વારા જ નક્કી થઈ શકે છે. નશાની હાલતમાં બાળકને બળજબરીપૂર્વક લઈ જવાનો પ્રયાસ કરવો બાળકના શ્રેષ્ઠ હિત વિરુદ્ધ છે. બાળક સાથે સંવેદનશીલ રીતે વાતચીત કરતાં તેણે પોતાની માતા સાથે રહેવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. આ બાબત પૂર્વ પતિને સમજાવી બાળકના શ્રેષ્ઠ હિતને સર્વોપરી રાખવાની સલાહ આપવામાં આવી.

## બીલીમોરાના કાંઠા વિસ્તારોમાં ૫૦૦૦ ફૂડ પેકેટનું વિતરણ કરાયું



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) બીલીમોરા, તા.૨૮ :** ઉપરવાસ અને નવસારી જિલ્લામાં ભારે વરસાદને કારણે ગુરુવારે બીલીમોરા શહેર સહિત સમગ્ર કાંઠા વિસ્તારમાં પૂરના પાણી ફરી વળતા ભારે અફરાતફરી મચી જવા પામી હતી. લોકોના ઘરોમાં નદી-ખાડીના પાણી ઘૂસી જતાં રાશન, ભોજન અને પીવાના ચોખ્ખા પાણીની ગંભીર અછત સર્જાઈ હતી. આવી કુદરતી આપદા અને સંકટની ઘડીમાં ગણદેવી તાલુકાના કોથા ગામના ગ્રામજનોએ જ્ઞાતિ, જાતિ કે ધર્મના ભેદભાવ ભૂલીને અભૂતપૂર્વ કોમી એકતા અને માનવતાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

કોથા ગામના લોકોએ એકત્રિત થઈ પૂરપીડિતોની મદદ માટે તાત્કાલિક ધોરણે રસોડું શરૂ કરી આશરે ૫૦૦૦થી વધુ ફૂડ પેકેટો તૈયાર કર્યા હતાં. ગામના યુવાનો અને આગેવાનોએ પોતાની જાનના જોખમે ગણદેવી ધોલ, વલસાડી ધોલ તેમજ બીલીમોરાના અત્યંત અસરગ્રસ્ત એવા ઓરિયામોરા વિસ્તારમાં પહોંચીને સતત બે દિવસ સુધી ભૂખ્યા અને તરસ્યા લોકોને અન્ન અને પાણી પહોંચાડ્યું હતું. આ કપરા સમયમાં કોઠા ગ્રામજનોની આ નિઃસ્વાર્થ સેવા અને માનવતાપૂર્ણ કામગીરીની સમગ્ર વિસ્તારમાં ભારે સરાહના થઈ રહી છે.

## નવસારીમાં પૂરગ્રસ્તો પરિવારોને રૂા.૬.૭૨ કરોડની કેશડોલ ચૂકવાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) બીલીમોરા, તા.૨૮ :** નવસારી જિલ્લામાં ભારે વરસાદ બાદ સર્જાયેલી પૂરની સ્થિતિ વચ્ચે તંત્ર દ્વારા રાહત અને પુનઃવસનની કામગીરી પુરજોશમાં ચલાવવામાં આવી રહી છે. જિલ્લાના પૂરગ્રસ્ત વિસ્તારોમાં અત્યાર સુધીમાં ૩૮,૪૭૯થી વધુ અસરગ્રસ્ત કુટુંબોને રૂા. ૬.૭૨ કરોડથી વધુની રોકડ (કેશડોલ) સહાયનું સફળતાપૂર્વક વિતરણ કરી દેવાયું છે, જ્યારે ઘરવખરી, મકાન નુકસાની અને પશુ મૃત્યુ અંગેના સર્વેની કામગીરી પણ ઝડપથી ચાલી રહી છે. આ સાથે જ પૂરના પાણી ઓસરતા જ નાગરિકોના આરોગ્યની સુરક્ષા અર્થે અસરગ્રસ્ત ગામોના જાહેર સ્થળો તેમજ મુખ્ય માર્ગો પરથી કાદવ-કચરો દૂર કરી યુદ્ધના ધોરણે સાફસફાઈ અને વિશુદ્ધિકરણની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

## વાંસદા કોલેજમાં જાગૃત્તિ ઝુંબેશ નિમિત્તે નિબંધલેખન વકૃત્વ સ્પર્ધા યોજાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) વાંસદા, તા.૨૮ :** સરકારી કૉલેજ વાંસદામાં 'પોષણ અને આરોગ્ય' વિષયક 'જાગૃત્તિ ઝુંબેશ' નિમિત્તે નિબંધલેખન,વકતૃત્વ અને ચિત્ર કાર્યક્રમનું આયોજન સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજ, વાંસદા ખાતે સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ, વાંસદા ખાતે જેન્ડર રિસોર્સ સેન્ટર, મહિલા અને બાળ વિકાસ વિકાસ વિભાગ દ્વારા આચાર્ય ડૉ. વાય.જે. મિસ્ત્રીના માર્ગદર્શન હેઠળ 'પોષણ અને આરોગ્ય' વિષયને કેન્દ્રમાં રાખીને 'જાગૃતિ ઝુંબેશ' અંતર્ગત વિવિધ સર્જનાત્મક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંકલન 'સેતુ-૨૦૨૬-૨૭'ના નોડલ ઓફિસર પ્રા.ડૉ. સ્નેહલબેન કે. ગાંવિતના સુચારૂ સંચાલન હેઠળ કરવામાં આવ્યું હતું. જાગૃતિ ઝુંબેશ અંતર્ગત નિબંધલેખન, વકતૃત્વ, ચિત્ર સ્પર્ધા, પોસ્ટર નિર્માણ, ચાર્ટ પ્રદર્શન તેમજ સૂત્રલેખન જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે તા.૨૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ 'પોષણ અને આરોગ્ય' વિષયક નિબંધલેખન અને તા.૨૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ વકતૃત્વ કાર્યક્રમ તેમજ તા.૨૮/૦૭/૨૦૨૬ને મંગળવારનાં રોજ ચિત્ર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. નિબંધલેખનમાં કુલ ૩૦ વિદ્યાર્થીઓ,વકતૃત્વમાં કુલ ૧૦ વિદ્યાર્થીઓએ અને ચિત્રમાં ૨૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ વિદ્યાર્થીઓએ 'પોષણયુક્ત આહાર અને સ્ત્રી સ્વાસ્થ્ય', 'આરોગ્ય, સુખાકારી અને ખોરાક', 'ધાન્ય અને તેની વિશેષતાઓ' તથા 'પોષણયુક્ત આહાર અને બાળકો' જેવા વિષયો પર નિબંધલેખન અને વકૃત્વ તેમજ ચિત્રમાં સમાજમાં પોષણ અને આરોગ્ય અંગે જાગૃતિ ફેલાવવાનો સશક્ત સંદેશ આપ્યો હતો. કાર્યક્રમ દરમિયાન આચાર્ય ડૉ.વાય.જે.મિસ્ત્રી, એસો. પ્રો.બી.ડી. ગામીત, સેતુ-૨૦૨૬-૨૭ના નોડલ ઓફિસર તથા કો-ઓર્ડિનેટર પ્રા.ડૉ.સ્નેહલબેન કે. ગાંવિત, સપ્તધારાના કો-ઓર્ડિનેટર નિમુબેન એસ. ચૌધરી, લલ્તભ્ના કો-ઓર્ડિનેટર પ્રા.ડૉ. ગૌતમભાઈ આર.ગાયકવાડ, રાષ્ટ્રીય સેવા યોજના (NSS)ના પ્રોગ્રામ ઓફિસર પ્રા.ડૉ.વૈશાલીબેન જે. પટેલ, પ્રા. મહેશભાઈ ગવળી, પ્રા. નિલધરાબેન જે. ગુજરાત, પ્રા.ડૉ.ચારૂલતાબેન સી. ચૌહાણ, ઉર્વશી જે. રાઠોડ તથા પાયલ પટેલ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને પ્રોત્સાહન આપ્યું હતું.

## ઘોઘલી ગામે પશુ મૃત્યુ સહાયના કુલ ૧૨ પશુ પાલકોને સહાયના ચેક અર્પણ કરાયા



**આહવા, તા.૨૮ :** તાજેતરમાં પડેલા અતિભારે વરસાદના કારણે ડાંગ જિલ્લાની નદીઓમાં અતિભારે પૂરની પરિસ્થિતિમાં કુદરતી આપત્તિના કારણે પશુહાનિ ભોગવનાર આહવા તાલુકાના ઘોઘલી ગામના ૧૨ પશુપાલકોને રાજ્ય સરકાર તરફથી મંજૂર થયેલી કુલ રૂ. ૭,૫૪,૫૦૦ની સહાયના ચેકનું આજે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વ ડાંગના ધારાસભ્ય વિજયભાઈ પટેલના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું. વિજયભાઈ પટેલે સૌ પશુપાલકોને રૂબરૂ મુલાકાત કરી સાંત્વના પાઠવી સહાયનો ચેક અર્પણ કર્યો હતો. ભારે વરસાદના કારણે ઘોઘલી ગામમાં કુલ ૨૧ પશુઓના મૃત્યુ નોંધાયા હતાં.

આ પ્રસંગે વિજયભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર આપત્તિગ્રસ્ત પરિવારોની પડખે અડીખમ ઊભી છે અને નુકસાનગ્રસ્તોને સમયસર સહાય પહોંચે તે માટે સતત કામગીરી કરવામાં આવી રહી છે. ગત દિવસોમાં પ્રભારી મંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાને એક સમિક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પણ પ્રભારી મંત્રીશ્રીએ નુકશાન થયેલ લોકોને જરૂરી કાર્યવાહી કરી વળતર આપવાની દિશામાં કામ કરવા જણાવ્યું હતું.

## વઘઈ-સાપુતારા માર્ગની ધારાસભ્યએ સ્થળ મુલાકાત કરી

**માર્ગ-મકાન અને સંબંધિત વિભાગના અધિકારીઓને યુદ્ધના ધોરણે સમારકામ હાથ ધરવા સૂચના અપાઈ**

**આહવા, તા.૨૮ :** ડાંગ જિલ્લામાં ગત દિવસોમાં પડેલા ભારે વરસાદને કારણે જનજીવન અને વાહન વ્યવહાર પર અસર થઈ હતી.

આ વરસાદના કારણે સર્જાયેલી સ્થિતિને ધ્યાને રાખીને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલ દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોની સઘન સ્થળ મુલાકાત લેવામાં આવી હતી.



આ મુલાકાત દરમિયાન ડાંગ જિલ્લાના બારખાંધ્યા ગામે આવેલા પુલ નજીક નદીના પૂરના પાણીના કારણે ભારે ધોવાણ થતાં વાહનવ્યવહાર પર અસર પડી હતી. આ ઉપરાંત, પ્રવાસીઓ માટે મહત્વપૂર્ણ ગણાતા વઘઈ-સાપુતારા માર્ગ પર પહાડ પરથી માટી અને પથ્થરો ધસી આવતાં (લેન્ડસ્લાઈડિંગ) રસ્તો અંશતઃ અવરોધાયો હતો.

આ બંને સંવેદનશીલ સ્થળોએ રૂબરૂ પહોંચીને શ્રી પટેલે સ્થિતિનું તદ્દન નજીકથી નિરીક્ષણ કર્યું હતું. તેમણે સ્થાનિક ગ્રામજનો અને રસ્તેથી પસાર થતા વાહનચાલકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે સ્થળ પર જ ઉપસ્થિત સંબંધિત વિભાગના ઉચ્ચ અધિકારીઓને જરૂરી તકેદારીના પગલાં લેવા સૂચના આપી હતી.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૨૯-૦૭-૨૦૨૬, **વાર :** બુધવાર **તિથિ :** અષાઢ, પૂનમ, **સૂર્યોદય :** ૦૬ : ૧૩ **સૂર્યાસ્ત** ૦૭ :૧૯, **ચંદ્રોદય** - ૦૭:૨૪ **ચંદ્રાસ્ત** - ૦૬:૩૪ **ચંદ્ર રાશિ :** મકર, **નક્ષત્ર** - ઉત્તરઅષાઢા

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજનો દિવસ તમારા માટે મધ્યમ ફળદાયી રહેશે. કાર્યક્ષેત્રમાં સહયોગીઓનો સાથ મળશે. વરિષ્ઠ અધિકારીઓ તમારા કામની પ્રશંસા કરશે. જોકે, બપોર પછી માનસિક ચિંતા કે ઉતાવળમાં કોઈ નિર્ણય લેવાનું ટાળવું.

**વૃષભ(બ.વ.ઉ) :** ગુરુપૂર્ણિમાના સંયોગથી આપના માટે આજનો દિવસ અત્યંત શુભ અને લાભદાયી છે. ભાગ્યનો પૂરો સાથ મળશે. અટકેલા કાર્યો પૂરા થશે.

**મિથુન(ક.છ.ઘ) :** વાણીની સોમવાર કે આજની સ્થિતિમાં નમ્રતા રાખવી જરૂરી છે. વેપાર અને વ્યવસાયમાં સાવધાન રહેવું. અચાનક ખર્ચ વધવાની સંભાવના છે. સ્વાસ્થ્ય બાબતે બેદરકારી ન રાખવી.

**કર્ક(ડ.હ) :** સૂર્ય અને ગુરુની યુતિ તથા ચંદ્રની દ્રષ્ટિથી આપની આવકમાં ગતિ આવશે. દાંપત્યજીવનમાં ખુશીઓ આવશે.

**સિંહ(મ.ટ.) :** આજનો દિવસ ધૈર્ય અને સંયમ રાખવાનો છે. શુક્રનું નક્ષત્ર બદલાવ તમારા માટે થોડું પડકારજનક હોઈ શકે છે, જેથી ખર્ચા પર કાબૂ રાખવો અને દેખાડાથી દૂર રહેવું.

**કન્યા(પ.ઠ.ણ.) :** વિદ્યાર્થીઓ અને શૈક્ષણિક કાર્યો સાથે જોડાયેલા જાતકો માટે ઉત્તમ દિવસ છે. સંતાન પક્ષ તરફથી કોઈ સારા સમાચાર મળી શકે છે. માતા-પિતાના આશીર્વાદથી કાર્યો સફળ થશે.

**તુલા (ર.ત.) :** આપના માટે આજનો દિવસ લાભ અને ખુશીઓ લઈને આવ્યો છે. મિલકત કે વાહન સુખ મળવાના યોગ છે.

**વૃશ્ચિક(ન.ય.) :** આજનો દિવસ સાહસ અને પરાક્રમથી ભરેલો રહેશે. ભાઈ-બહેનોનો સહયોગ મળશે. ટૂંકી મુસાફરી થઈ શકે છે જે ભવિષ્યમાં ફાયદાકારક સાબિત થશે.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આર્થિક સ્થિતિ મજબૂત બનશે પરંતુ પારિવારિક બાબતોમાં સાવધાની રાખવી. બોલતી વખતે શબ્દો પર સંયમ રાખો જેથી કોઈ વિવાદ ન થાય.

**મકર(જ.ખ) :** ચંદ્ર તમારી જ રાશિમાં બિરાજમાન હોવાથી શિસ્ત અને જવાબદારી વધશે. વેપારમાં અદ્ભુત તરક્કી અને ધનલાભના યોગ છે.

**કુંભ(ગ.શ.સ.) :** આજનો દિવસ ખર્ચાળ સાબિત થઈ શકે છે. વિદેશ કે દૂરના સ્થળેથી વેપારમાં કોઈ સારા સમાચાર મળી શકે છે.

**મીન(દ.ચ.ઝ.થ.) :** આવકના નવા સ્ત્રોત ઊભા થશે. મિત્રો અને સ્વજનો સાથે સારો સમય પસાર થશે. જો તમે નોકરી બદલવા માંગતા હોવ તો યોગ્ય તક મળી શકે છે.

### દમણ રેડિયો 102.3 FM

आकाशवाणी

**બુધવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

### સુડોકુ નં.૬૩૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 1 | | 8 | 6 | | | |
| | 5 | 9 | | | 7 | | | 8 |
| | | | | | | | | 7 |
| | 6 | | | 4 | | 8 | | |
| | 4 | 3 | 2 | | 8 | 5 | 9 | |
| | | 5 | | 6 | | | 3 | |
| 1 | | | | | | | | |
| 2 | | | 4 | | | 7 | 1 | |
| | | | 8 | 9 | | 2 | | |

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

**સુડોકુ નં.૬૩૭નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 6 | 9 | 3 | 8 | 4 | 2 | 5 | 7 |
| 2 | 5 | 7 | 9 | 1 | 6 | 4 | 8 | 3 |
| 8 | 3 | 4 | 2 | 5 | 7 | 6 | 9 | 1 |
| 9 | 7 | 8 | 4 | 6 | 3 | 1 | 2 | 5 |
| 5 | 4 | 6 | 7 | 2 | 1 | 8 | 3 | 9 |
| 3 | 2 | 1 | 5 | 9 | 8 | 7 | 6 | 4 |
| 4 | 8 | 5 | 1 | 3 | 2 | 9 | 7 | 6 |
| 6 | 1 | 3 | 8 | 7 | 9 | 5 | 4 | 2 |
| 7 | 9 | 2 | 6 | 4 | 5 | 3 | 1 | 8 |

## ઉમરગામ ન.પા. દ્વારા યુદ્ધના ધોરણે રાહત અને પુનઃસ્થાપન કામગીરી હાથ ધરાઈ

**૬૧૦ અસરગ્રસ્ત પરિવારોને રૂા. ૪૧.૪૮ લાખની સહાય, માનવ મૃત્યુના કિસ્સામાં રૂા. ૪ લાખ ચૂકવાયા : શહેરભરમાં સફાઈ, દવા છંટકાવ અને ક્લોરીનેશનથી જનજીવન ફરી સામાન્ય બન્યું**




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૮ :** ઉમરગામ તાલુકામાં તાજેતરમાં પડેલી અતિવૃષ્ટિના કારણે શહેરમાં અનેક વિસ્તારોમાં પાણી ભરાવા, કાદવ-કીચડ, ઘરવખરીને નુકસાન અને જનજીવન અસ્તવ્યસ્ત બન્યું હતું. જોકે આપત્તિ બાદ ઉમરગામ નગરપાલિકા તંત્ર તાત્કાલિક એક્શન મોડમાં આવી ગયું છે અને ચીફ ઓફિસર ચંદ્રસિંહના માર્ગદર્શન હેઠળ અધિકારીઓ તથા કર્મચારીઓ દ્વારા યુદ્ધના ધોરણે રાહત અને પુનઃસ્થાપન કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

નગરપાલિકા દ્વારા શહેરના મુખ્ય માર્ગો, જાહેર સ્થળો, શાળાઓ, હોસ્પિટલો તેમજ પાણી ભરાયેલા વિસ્તારોમાં વિશેષ સફાઈ અભિયાન ચલાવવામાં આવ્યું છે. કાદવ-કીચડ દૂર કરવાની કામગીરી સાથે સંભવિત રોગચાળાને રોકવા માટે શહેરના તમામ સાત વિસ્તારોમાં દવા છંટકાવ કરવામાં આવી રહ્યો છે. સ્વચ્છતા જળવાઈ રહે અને આરોગ્ય પર કોઈ વિપરીત અસર ન થાય તે માટે તંત્ર સતત મેદાનમાં કાર્યરત છે.

નગરજનોને શુદ્ધ પીવાનું પાણી મળી રહે તે માટે પાણીનું ફિલ્ટરેશન અને ક્લોરીનેશનની કામગીરી પણ નિયમિત રીતે કરવામાં આવી રહી છે. આરોગ્યને પ્રાથમિકતા આપતાં નગરપાલિકા દ્વારા જરૂરી તમામ તકેદારી રાખવામાં આવી રહી છે.

અતિવૃષ્ટિના કારણે થયેલા નુકસાન અંગેની વહીવટી પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરીને સરકારની સહાય અસરગ્રસ્તો સુધી સમયસર પહોંચાડવામાં આવી છે. ઘરવખરીના નુકસાન પેટે ૬૧૦ પરિવારોને પ્રતિ પરિવાર ૫,૦૦૦ મુજબ સહાય તથા કેસ ડોલ પેટે ૧,૮૦૦ મુજબ સહાય ચૂકવવામાં આવી છે. આ બંને સહાય મળીને કુલ અંદાજે ૪૧.૪૮ લાખનું વિતરણ કરવામાં આવ્યું છે. ઉપરાંત, એક માનવ મૃત્યુના કિસ્સામાં સરકાર દ્વારા નક્કી કરાયેલ ૪ લાખની સહાય પણ ચૂકવવામાં આવી છે. આયોજિત અને ઝડપી કામગીરીના પરિણામે શહેરમાં જનજીવન ફરીથી સામાન્ય બનવા લાગ્યું છે. સરકારની સહાય સમયસર પહોંચાડવા અને રાહત કામગીરીને અસરકારક રીતે અમલમાં મૂકવા બદલ સ્થાનિક નાગરિકોએ ઉમરગામ નગરપાલિકા તંત્રની કામગીરીને બિરદાવી છે. ઉમરગામના ધારાસભ્ય રમણભાઈ પાટકરે પણ નગરપાલિકા તંત્ર, ચીફ ઓફિસર ચંદ્રસિંહ તથા તમામ અધિકારીઓ અને કર્મચારીઓની કામગીરીની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે આપત્તિના સમયમાં તંત્ર દ્વારા કરાયેલી ઝડપી અને સુવ્યવસ્થિત કામગીરીના કારણે અસરગ્રસ્ત લોકોને સમયસર રાહત મળી છે અને શહેરમાં સ્થિતિ ઝડપથી સામાન્ય બની રહી છે. જો જરૂરી હોય તો આ સમાચારને ગુજરાતી દૈનિકના પ્રથમ પાનાની બેનર સ્ટોરી જેવી વધુ આકર્ષક હેડલાઈન અને હાઈલાઈટ બોક્સ સાથે પણ તૈયાર કરી આપી શકું.

## વાપી મનપા લોકભાગીદારીમાં વિકાસના કામો કરશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૭ :** વાપી મહાનગરપાલિકા દ્વારા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત શહેરની ખાનગી રહેણાંક સોસાયટીઓના સર્વાંગી વિકાસ માટે ૭૦:૨૦:૧૦ જનભાગીદારી યોજના અમલમાં મૂકવામાં આવી છે.

આ યોજના હેઠળ વિકાસકાર્યોના કુલ અંદાજિત ખર્ચમાંથી ૭૦ ટકા સહાય રાજ્ય સરકાર, ૨૦ ટકા ફાળો સંબંધિત સોસાયટી અને ૧૦ ટકા ફાળો વાપી મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવશે. આ યોજનાનો લાભ પ્રોપર્ટી ટેક્સ ભરતી તમામ ખાનગી સોસાયટીઓ, હાઉસિંગ બોર્ડની વસાહતો, રહેણાંક વિસ્તારો તેમજ ફ્લેટ પ્રકારના બહુમાળી રહેણાંક સંકુલોને મળશે.યોજનામાં નવા રસ્તા, ડામર, સીસી અને વ્હાઈટ ટોપિંગ રોડ, ડ્રેનેજ, પાણી પુરવઠો, સ્ટ્રીટ લાઈટ, રૂફટોપ રેઈનવોટર હાર્વેસ્ટિંગ, ભૂગર્ભ જળ રિચાર્જ, વરસાદી પાણીના સંગ્રહ, આંતરિક ગટર લાઈનને મુખ્ય ગટર સાથે જોડવાનું કામ, ગ્રીન બફર, વૃક્ષારોપણ, ગ્રીન રૂફ, ઓપન જીમ, પ્લેગ્રાઉન્ડ, CCTV સર્વેલન્સ કેમેરા તેમજ ક્લાઈમેટ રેસિલિયન્સને પ્રોત્સાહન આપતા વિકાસકાર્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

પૂરપીડિતોને વાપીના નમન ફાઉન્ડેશનન દ્વારા

## ટુકવાડામાં ૨૫૦થી વધુ પરિવારને ઘરવખરી કીટનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૭ :** વાપી નજીકના ટુકવાડા ગામમાં ૨૩ જુલાઈની રાત્રે કોલક નદીમાં આવેલા ભયાનક પૂરના કારણે ગામના સાતથી આઠ ફળિયામાં ભારે તારાજી સર્જાઈ હતી. પૂરના પાણી ૮થી ૧૦ ફૂટ સુધી ઘરોમાં ઘૂસી જતાં લોકોની ઘરવખરી સંપૂર્ણપણે પલળી ગઈ હતી, જ્યારે અનેક પરિવારોનો સામાન પાણીના જોરદાર પ્રવાહમાં તણાઈ ગયો હતો. પૂરના કારણે અનેક પરિવારો જીવનજરૂરી ચીજવસ્તુઓથી વંચિત બન્યા હતા.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વાપીની સામાજિક સંસ્થા નમન ફાઉન્ડેશન ગ્રુપ દ્વારા માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું. સંસ્થાના કાર્યકરોએ ગામના દરેક અસરગ્રસ્ત ઘરોનો સર્વે કરીને જરૂરિયાત મુજબની માહિતી એકત્રિત કરી હતી. ત્યારબાદ આજે ૨૫૦થી વધુ ઘરવખરી અને જીવનજરૂરી ચીજવસ્તુઓની કીટ તૈયાર કરીને સ્થાનિક લોકોની હાજરીમાં અસરગ્રસ્ત પરિવારોને તેનું વિતરણ કરવામાં આવ્યું. આ સેવાકીય કાર્યમાં નમન ફાઉન્ડેશનના મહેશભાઈ શાહ, અવિનાશ ગૌડા, પ્રશાંત પટેલ સહિત ના યુવાનો અને સ્વયંસેવકોએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

શ્રી દક્ષ પ્રજાપતિ મહારાજ જન્મજયંતિ નિમિત્તે

## સેલવાસમાં શોભાયાત્રા નિકળી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૨૮ :** દાદરા અને નગર હવેલી પ્રજાપતિ ઉત્કર્ષ મંડળના આયોજન હેઠળ શ્રી દક્ષ પ્રજાપતિ મહારાજની જન્મજયંતિ ભક્તિભાવ અને ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવી હતી. આ અવસરે ટોકરખાડા સ્થિત અંબા માતા મંદિરેથી કલશયાત્રા સાથે ભવ્ય શોભાયાત્રાનું પ્રસ્થાન થયું હતું. શોભાયાત્રા શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ ગાયત્રી મંદિર પરિસરમાં સમાપન પામી હતી. સમગ્ર યાત્રા દરમિયાન ધાર્મિક માહોલ વચ્ચે સમાજના મોટી સંખ્યામાં મહિલા, પુરુષ, યુવાનો અને બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ પ્રસંગે વક્તાઓએ જણાવ્યું હતું કે શ્રી દક્ષ પ્રજાપતિ મહારાજ પ્રજાપતિ સમાજના આદર્શ પુરુષ, કર્તવ્યનિષ્ઠા, સંગઠન શક્તિ અને લોકકલ્યાણના પ્રેરણાસ્ત્રોત તરીકે પૂજનીય છે. તેમની જન્મજયંતિ સમાજમાં એકતા, પરસ્પર પ્રેમ, ભાઈચારો, સેવા, સંસ્કાર અને પ્રગતિના મૂલ્યોને વધુ મજબૂત બનાવવાનો સંદેશ આપે છે.

કાર્યક્રમ દરમિયાન સમાજજનોએ શ્રી દક્ષ પ્રજાપતિ મહારાજના આદર્શોને જીવનમાં આત્મસાત કરીને સમાજના ઉત્કર્ષ, સુહૃદભાવ અને એકતાને વધુ મજબૂત બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. સાથે જ નવી પેઢીને સંસ્કાર, સામાજિક જવાબદારી અને રાષ્ટ્રસેવાના મૂલ્યો સાથે આગળ વધારવાનો સંદેશ પણ આપવામાં આવ્યો હતો.

## ચીવલની મરીમાતા મંદિરે દેવશયની એકાદશીની ભક્તિપૂર્વક ઉજવણી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીવલ, તા. ૨૭ :** આષાઢ સુદ એકાદશી નિમિત્તે ચીવલ ખાતે આવેલ ઐતિહાસિક મરીમાતા મંદિરે દેવશયની એકાદશી પર્વની શ્રદ્ધા અને ભક્તિભાવ સાથે ઉજવણી કરવામાં આવી. વલસાડ જિલ્લા તેમજ સંઘ પ્રદેશમાંથી મોટી સંખ્યામાં ભક્તો દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. આદિવાસી સમાજમાં આ પર્વનું વિશેષ ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્વ હોવાથી પરંપરાગત રીતિ-રિવાજો અનુસાર કળશ સ્થાપના, માતાજીનું પૂજન તથા આદિવાસી વાજિંત્રો સાથે તૂર અને નૃત્યના કાર્યક્રમો યોજાયા હતા. ભક્તો દ્વારા ગામમાં સુખ-શાંતિ, સારા વરસાદ અને સમૃદ્ધ ખેતી માટે માતાજીને પ્રાર્થના કરવામાં આવી. આદિવાસી સમાજમાં વર્ષમાં બે વખત દેવશયની એકાદશી અને દેવઉઠી એકાદશીના પ્રસંગે વિશેષ ધાર્મિક કાર્યક્રમો યોજવાની પરંપરા આજે પણ જીવંત છે. ધાર્મિક માન્યતા મુજબ દેવશયની એકાદશીના દિવસે ભગવાન શ્રીવિષ્ણુ ક્ષીરસાગરમાં અનંત શેષનાગ પર યોગનિદ્રામાં પ્રવેશ કરે છે અને આ દિવસથી ચાતુર્માસનો પ્રારંભ થાય છે. ચાતુર્માસ દરમિયાન જપ, તપ, સત્સંગ, કથા-કીર્તન અને સાત્વિક જીવનને વિશેષ મહત્વ આપવામાં આવે છે. પદ્મ પુરાણ, સ્કંદ પુરાણ અને ભવિષ્ય પુરાણમાં પણ આ પર્વના મહિમાનું વર્ણન કરવામાં આવ્યું છે. સ્થાનિક આગેવાનોના જણાવ્યા મુજબ દેવશયની એકાદશી માત્ર ધાર્મિક તહેવાર જ નહીં, પરંતુ આત્મચિંતન, સંયમ, સદાચાર અને સમાજમાં એકતા-સૌહાર્દનો સંદેશ આપતું પવિત્ર પર્વ છે, જે આદિવાસી પરંપરા અને સનાતન સંસ્કૃતિને વધુ મજબૂત બનાવે છે.

કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી દ્વારા

## પંડોરમાં વરસાદથી જીવ ગુમાવનારના પરિજનોને રૂા. ૪-૪ લાખની સહાય અપાઈ




(દમણગંગા ટાઈમ્સ )

**વલસાડ, તા. ૨૮ :** કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ તાજેતરમાં પડેલા અતિભારે વરસાદના કારણે વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના પંડોર ગામે સર્જાયેલી દુઃખદ ઘટનામાં જીવ ગુમાવનાર મૃતકોના પરિવારજનોને રૂબરૂ મળીને સાંત્વના પાઠવી હતી. આ મુશ્કેલ સમયમાં રાજ્ય સરકાર દ્વારા અસરગ્રસ્ત પરિવારોને સત્વરે આર્થિક મદદ પૂરી પાડવામાં આવી છે. રાજ્ય સરકાર તરફથી અપાતી રાહત સહાય અંતર્ગત પંડોર ગામના સ્વ. રમણભાઈ બર્જુલભાઈ પટેલ તથા સ્વ. દેવીબેન સુરેશભાઈ હળપતિના પરિવારજનોને રૂ. ૪-૪ લાખની આર્થિક સહાય અર્પણ કરવામાં આવી હતી. આ દુઃખદ ઘડીમાં સ્વ. રમણભાઈ બર્જુલભાઈ પટેલ તથા સ્વ. દેવીબેન સુરેશભાઈ હળપતિને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. પરમાત્મા દિવંગત આત્માઓને શાંતિ અર્પે તથા તેમના પરિવારજનોને આ અસહ્ય દુઃખ સહન કરવાની શક્તિ પ્રદાન કરે તેવી પ્રાર્થના કરવામાં આવી હતી.

રેઈન્બો વોરિયર્સના સ્થાપના દિવસે

## ધરમપુરમાં રક્તદાન કેમ્પ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૨૮ :** રેઈન્બો વોરિયર્સ ધરમપુરના સ્થાપના દિવસ નિમિત્તે બી. આર. ઈન્ટરનેશનલ સ્કૂલ, ધરમપુર ખાતે ભવ્ય મહા રક્તદાન કેમ્પ યોજાયો હતો. પાર્થ ટ્રેડર્સ (વાપી), સાકાર જીવન વિકાસ ટ્રસ્ટ (મુંબઈ), બી. આર. ઈન્ટરનેશનલ સ્કૂલ અને ખારવેલ ગ્રામ પંચાયતના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કેમ્પમાં યુવાનો, ગ્રામજનો અને રક્તદાતાઓએ ઉત્સાહભેર ભાગ લઈ ૮૦ જેટલી રક્તની બોટલો એકત્રિત કરી હતી. આ પ્રસંગે દેશની રક્ષા માટે શહીદ થયેલા વીર જવાનોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી કારગિલ વિજય દિવસની પણ દેશભક્તિપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ કારગિલ યુદ્ધમાં ભાગ લેનાર આર્મી અધિકારીઓ અને જવાનો સહિત વિવિધ મહાનુભાવો તથા શહીદ પરિવારોના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમને સફળ બનાવવા બી. આર. ઈન્ટરનેશનલ સ્કૂલના મેનેજર પુખરાજ, આચાર્ય નીતુ શર્મા, શૈલેષ પટેલ સહિત શિક્ષકગણ, રેઈન્બો વોરિયર્સના સભ્યો, ખારવેલ ગ્રામ પંચાયતના હોદ્દેદારો તથા સહયોગી સંસ્થાઓના પ્રતિનિધિઓએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

## નાહુલી- એકલારામાં કાંતા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પૂરપીડિતો માટે સહાય કરાઈ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૮ :** તાજેતરમાં આવેલા વિનાશક પૂરના કારણે અસરગ્રસ્ત બનેલા નાહુલીના એકલારા ગામમાં માનવસેવાનું ઉત્તમ ઉદાહરણ જોવા મળ્યું. કાંતા ચેરિટેબલ ટ્રસ્ટ, પૃથ્વી વિલા પરિવાર તથા સમાજસેવક જયેશભાઈ દાદરાના સહયોગથી પૂરપીડિત પરિવારોને જરૂરી રાહત સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું. આ સેવા કાર્ય દરમિયાન અસરગ્રસ્ત પરિવારોને કરિયાણાની કીટ, ધાબળા તેમજ નવા કપડાં આપવામાં આવ્યા, જેથી મુશ્કેલ સમયમાં તેમને તાત્કાલિક રાહત મળી શકે. આયોજકોએ જણાવ્યું કે પૂરથી અનેક પરિવારોનું જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે અને આવી પરિસ્થિતિમાં સમાજના સક્ષમ લોકો આગળ આવી જરૂરિયાતમંદોની મદદ કરે તે સમયની માંગ છે. ગામલોકોએ કાંતા ચેરિટેબલ ટ્રસ્ટ, પૃથ્વી વિલા અને જયેશભાઈ દાદરાનો આ સેવાકીય કાર્ય બદલ આભાર વ્યક્ત કર્યો હતો. રાહત સામગ્રી મળતા પૂરગ્રસ્ત પરિવારોના ચહેરા પર રાહતની લાગણી જોવા મળી હતી.

પૂરગ્રસ્તો માટે પહેલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા

## વલસાડ-ધરમપુરમાં હજારો ફૂડ પેકેટ અને શૈક્ષણિક કિટનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ )

**વલસાડ, તા. ૨૮ :** વલસાડ અને ધરમપુર તાલુકાના પૂરગ્રસ્ત વિસ્તારોમાં પહેલ ચેરિટેબલ ટ્રસ્ટ, ધરમપુરના પ્રમુખ ઋષિત મસરાણીના માર્ગદર્શન હેઠળ વ્યાપક રાહત અને પુનર્વસન કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કપરા સમયમાં કુદરતી આપદાનો ભોગ બનેલા અસરગ્રસ્તોને તાત્કાલિક મદદરૂપ થવા માટે ટ્રસ્ટ દ્વારા નિઃસ્વાર્થ ભાવે માનવતાભરી સેવાઓ પૂરી પાડવામાં આવી હતી.

પૂરથી પ્રભાવિત જરૂરિયાતમંદ પરિવારોને જીવનજરૂરી ચીજવસ્તુઓ પહોંચાડવાના હેતુથી ટ્રસ્ટ દ્વારા અંદાજે ૧૦,૦૦૦ ફૂડ પેકેટ, ૧,૦૦૦ નાઈટી અને આંતરવસ્ત્રો, ૨૦૦ લિટર દૂધ, ૨,૦૦૦ પાણીની બોટલો, ૫૦ રાશન કિટ તેમજ ૨૦૦ વિક્સ બામની ડબ્બીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. માત્ર રાહત સામગ્રીના વિતરણ પૂરતું સીમિત ન રહેતા, ટ્રસ્ટના ૩૫ જેટલા સેવાયોદ્ધાઓએ પૂરગ્રસ્ત વિવિધ વિસ્તારોમાં જઈને સઘન સફાઈ અભિયાન પણ ચલાવ્યું હતું. પહેલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલી આ માનવતાભરી કામગીરી સ્થાનિક લોકો માટે આશાનું કિરણ બની છે અને સમાજના અનેક દાતાશ્રીઓ તથા સ્વયંસેવકોના સહયોગથી આ ભગીરથ રાહત કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું હતું.

માહેશ્વરી સેવા સમિતિ દ્વારા પૂરગ્રસ્ત વિસ્તારોમાં

## રાતા-પંડોર-પિપરીયામાં રાશનકીટ વિતરણ કરાઇ



**વાપી, તા. ૨૮ :** હાલમાં પુરથી પ્રભાવિત વિસ્તારોમાં મહેશ્વરી સેવા સમિતિ દ્વારા રાહત અને સેવા કાર્ય સતત ચલાવવામાં આવી રહ્યા છે. મહેશ્વરી સમાજના પ્રમુખ ગિરાજ લઢ્ઢા, સચિવ અશોક કાબરા, રામનરેશ કાબરા, નંદકિશોર તાપડિયા, રાજીવ મુંદડા અને નીલેશ લાહોટી આજે પૂરગ્રસ્ત રાતા વિસ્તારના પંડોર ગામે પહોંચ્યા હતા.

ત્યાં ૧૨૫ પરિવારોને રાશન કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે જ મહેશ્વરી સેવા સમિતિ સિલવાસાના કાર્યકરો અશોક લાહોટી, ઓમ પ્રકાશ સોની, સુરેશ અસાવા અને આશીષ અજમેર દ્વારા પૂરગ્રસ્ત પિપરિયા ગામમાં ૧૫૦ કિલોગ્રામ રામ ખીચડીનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. સમાજ દ્વારા સેલવાસાના પિપરિયા ગામમાં જઈને ૧,૦૦૦ ચટાઈઓનું વિતરણ પણ કરવામાં આવશે.

## વાપી ભાજપ મહિલા મોરચા દ્વારા પૂરગ્રસ્તોને કપડાં અને કીટ વિતરણ કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૮ :** ભારતીય જનતા પાર્ટી વાપી નોટિફાઈડ મહિલા મોરચા દ્વારા આજે ભારે વરસાદના કારણે અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ સ્થળ પરિસ્થિતિનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. મહિલા મોરચાના આગેવાનો અને કાર્યકરોએ વિવિધ વિસ્તારોમાં પહોંચી પૂર અને વરસાદથી પ્રભાવિત પરિવારોની સ્થિતિની જાણકારી મેળવી હતી.

આ પ્રસંગે ભાજપના મહિલા કાર્યકર્તાઓએ અસરગ્રસ્ત પરિવારોને કપડાં તેમજ દૈનિક જીવન માટે જરૂરી આવશ્યક ચીજવસ્તુઓનું વિતરણ કરી માનવસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આગેવાનોએ લોકોને હિંમત રાખવા અપીલ કરી અને જરૂરિયાતના સમયે પાર્ટી તેમની સાથે ખભેખભા મિલાવી ઊભી રહેશે તેવી ખાતરી આપી હતી.

સ્થળ મુલાકાત દરમિયાન સ્થાનિક રહેવાસીઓ સાથે સંવાદ કરી તેમની સમસ્યાઓ સાંભળવામાં આવી હતી તેમજ સંબંધિત તંત્ર સુધી રજૂઆત કરી જરૂરી મદદ ઝડપથી પહોંચે તે માટે પ્રયત્નો કરવામાં આવશે તેવી ખાતરી આપવામાં આવી હતી. આ સેવા કાર્યમાં મહિલા મોરચાના હોદ્દેદારો, ભાજપના આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

સમાજ દળ ગ્રુપ વલસાડ અને ઈન્ફિનિટી સેફટી સોલ્યુશન્સના સહયોગથી

## હનુમાનભાગડામાં બાળકોને શૈક્ષણિક કીટ અપાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૮ :** તાજેતરમાં આવેલી અચાનક પૂરની ગંભીર પરિસ્થિતિએ અનેક લોકોના સામાન્ય જનજીવનને ભારે પ્રભાવિત કર્યું છે. આ કુદરતી આફતની સૌથી માઠી અને દુઃખદ અસર નાના બાળકોના શિક્ષણ પર પડી હતી. હનુમાન ભાગડા વિસ્તારમાં અચાનક પૂરના પાણી ઘૂસી જતાં શાળાએ જતા અનેક નાના ભૂલકાઓના દફતર, પાઠ્યપુસ્તકો, નોટબુક્સ અને ભણવા માટેની અન્ય તમામ સામગ્રી પાણીમાં પલળીને સંપૂર્ણપણે બગડી ગઈ હતી.

બાળકોના ચોપડા નોટબુક પાણીમાં પલળી જતા જે પરિસ્થિતિને ગંભીરતાથી લઈને બાળકોનું ભવિષ્ય અને ભણતર ન બગડે તેવા ઉમદા આશયથી વલસાડના સમાજ દળ ગ્રુપ દ્વારા તાત્કાલિક ધોરણે એક સરાહનીય પગલું લેવામાં આવ્યું હતું. ભરૂચની ઈન્ફિનિટી સેફટી સોલ્યુશન્સ સંસ્થા અને અન્ય દયાળુ દાતાઓના વિશેષ સહયોગથી સમાજ દળ ગ્રુપના સભ્યોએ હનુમાન ભાગડામાં શાળાના બાળકોને શૈક્ષણિક કીટ વિતરણ કરવામાં આવી હતી.


'દમણગંગા ટાઈમ્સ'
દૈનિક ઈન્ટરનેટ પર
PDFમાં ઉપલબ્ધ છે.
@daman_gangatimes
www.damangangatimes.com


## પારડીસાંઢપોરમાં પૂર બાદ અન્ન-પાણી અને ઘરવપરાશની સામગ્રી પહોંચાડાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૮ :** તાજેતરમાં વલસાડ માંથી પસાર થતી ઔરંગા નદીમાં આવેલા ભયાનક પૂરને કારણે પારડી સાંઢપોર પંચાયત ક્ષેત્ર સહિત આસપાસના નીચાણવાળા વિસ્તારોમાં ભારે હોનારત સર્જાઈ હતી. પૂરના પાણી ઓસર્યા બાદ હવે પૂરગ્રસ્ત વિસ્તારોમાં જનજીવન થાળે પાડવા માટે સ્થાનિક ટીમ અને જનપ્રતિનિધિઓ દ્વારા યુદ્ધના ધોરણે રાહત અને સેવા કાર્યો હાથ ધરવામાં આવ્યા છે.પૂર અસરગ્રસ્ત પરિવારોની વહારે આવતા પારડી સાંઢપોર જિલ્લા પંચાયત સભ્ય સ્નેહલભાઈ પટેલ, તાલુકા પંચાયત સભ્ય સમીરભાઈ દેસાઈ, સરપંચ નિલેશભાઈ, ભાજપ યુવા મોરચાના મહામંત્રી કેવિનભાઈ તેમજ ખજુરડી ગામના ઉત્સાહી યુવાનો અને સંગઠનની ટીમે સતત વિસ્તારોમાં ફરીને પ્રશંસનીય કામગીરી કરી છે.અસરગ્રસ્તોને પીવાનું શુદ્ધ પાણી, અનાજ અને તૈયાર ફૂડ પેકેટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું.જેમના ઘરમાં પાણી ભરાઈ જવાથી નુકસાન થયું હતું તેવા પરિવારોને સાદડી, બેડિંગ અને દૈનિક જરૂરિયાતની સામગ્રી પહોંચાડાઈ, મુશ્કેલ પરિસ્થિતિમાં નાના બાળકોનો ઉત્સાહ જળવાઈ રહે તે હેતુથી તેમને સ્કૂલ બેગનું વિતરણ કરીને પ્રોત્સાહિત કરાયા હતા. સ્થાનિક નેતાઓ અને યુવાનોની આ સમયસૂચકતા અને સેવાની સરહાનિય કામગીરીને કારણે પૂરપીડિતોને મોટી રાહત સાંપડી છે.

# જુલાઈ માસમાં પડેલાં વરસાદે રાજયમાં જે તારાજી સર્જી તેણે સાબિત કરી દીધુ કે વિકાસની વાત છેતરપિંડી જ છે!

**દર વર્ષે શહેરો અને ગામડાઓ વરસાદી પાણીમાં જળબંબાકાર બનતા રહે છે. છતાં તંત્ર પર કોઈ અસર થતી હોવાનું જણાતુ નથી : અનેક વાહનો પાણીમાં ડૂબી ગયા અને તણાઈ પણ ગયા : વાપી નજીકના ટુકવાડાગામમાં તવંગરો માટેની રહેણાંક સોસાયટી પણ ડુબી : સાડાચારથી પાંચ કરોડના બંગલાવાળી આ સોસાયટીની બધી જ કારો પાણીમાં ડુબી : રહેશોના બંગલાના ભોયતળિયામાં પાણી ઘુસી જતાં જીવ બચાવવા બધા ઉપલા માળે ચઢી ગયા : હોડી લાવી સૌને ઉગારવામાં આવ્યા : આ ખમતીઘરોની સોસાયટી સાથે સંકળાયેલા એક શ્રમજીવીએ પૂરના પરવાહથી પોતાના ત્રણ વર્ષના પુત્રને ખભે બેસાડી બચાવવા પ્રયાસ કર્યો પણ બાળક હાથમાંથી છૂટી ગયુ અને મોતને ભેટ્યું : ગરીબોનું જાણે કોઈ બેલી જ નહીં : સંઘપ્રદેશ દાદરા નગર હવેલી, દમણ અને દીવનું એક મતદાર મંડળ બનતા એક જ સંસદની બેઠક ફાળવવાની થઈ રહેલી કસરત**

### દમણગંગાના તીરેથી



- પ્રવિણસિંહ પરમાર

(વરિષ્ઠ પત્રકાર, વાપી)

મો. નં. ૯૮૨૫૧ ૫૦૯૯૯

જુલાઈ માસની પહેલી તારીખથી શરુ થયેલાં વરસાદે છેલ્લા એક મહિનામાં એતો સાબિત કરી જ દીધુ છે કે, ગુજરાતના નાના મોટા શહેરો અને ગામડાઓના વિકાસની વાત નરી છેતરપિંડી જ છે !

મોસમની શરુઆતના વરસાદે જ દક્ષિણ ગુજરાતના સુરતથી ઉમરગામ સુધીના વિસ્તારમાં જળબંબાકારની સ્થિતિ સર્જી નાંખી. દર વર્ષે ચોમાસામાં પાણીના ઘરાવાનું પુનરાવર્તન થતુ રહે છે. પ્રજાજનોના જાનમાલનું ભારે નુકશાન થતુ રહે છે. ખેતી પણ પાયમા થતી રહે છે. પશુધનો પણ ઉભરાતા પાણીમાં મોતને ભેટતાં રહે છે. નેશનલ હાઈવેથી માંડી સ્ટેટ હાઈવે, મેજરજિલ્લાલા માર્ગો, ગ્રામીણ માર્ગો, નદીઓ ઉપરના પુલો, લો લેવલ બ્રિજો પાયમાલ થતાં રહે છે. છતાં સંબંધિત તંત્રો ગેંડાની ચામડીના બની બધુ જોતાં રહે છે. વરસાદી પાણી શહેરો અને ગામડાઓને દર વર્ષે સરોવરમાં પરિવર્તિત કરતા રહે છે. આમ છતાં પાણીના ઘેરાવાનો લેશમાત્ર ઈલાજ થતો નથી.

જુલાઈ માસના વરસાદે સુરત, નવસારી, અને વલસાડ જિલ્લામાં વધુમાં વધુ માનવીઓનો ભોગ લીધો છે. કહે, આખુ ગુજરાત જાણે જળમગ્ન બની રહ્યું !

વાપીની વાત કરીએ તો, વાપીમાં જુલાઈ માસની ૨૧મી થી ૨૩મી ના ત્રણ દિવસમાં વરસાદે તારાજી સર્જી હતી. વાપી મહાનગરપાલિકા વિસ્તાર અને ઉદ્યોગનગરના વિસ્તારોમાં પણ ઠેર ઠેર વરસાદી પાણી ઘૂસી ગયા હતાં. અને હાલાકી સર્જી હતી. સેંકડો વાહનો પાણીમાં ડુબી ગયા હતાં અને કેટલાંક વાહનો પાણીના જોરદાર પ્રવાહમાં તણાઈ ગયા હતાં.

વાપી પાસેનું ટુકવાડા ગામ આમ તો પારડી તાલુકાનું ગામ છે. પરંતુ આ ગામને વાપી અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટીમાં સામેલ કરવામાં આવેલ છે. ટુકવાડા ગામમાં અવધ નામની સોસાયટી છે. આ રહેણાંક સોસાયટીમાં રહેવું હોય તો સાડા ચાર થી પાંચ કરોડ રુપિયાનો બંગલો લેવો પડે એવી વાત છે. આ સોસાયટી સંદર્ભમાં લાંબા સમયથી એવી વાત પણ ચર્ચાય છે. કે આ ખમતીઘરોને જ પરવડે એવી રહેણાંક સોસયટીમાં ગુજરાતના એક મહિલા રાજકારણીનું પણ હિત છે. વાત સાચી હોવાની પુરી શકયતા છે.

થોડા દિવસ પહેલાં ટુકવાડાની આ સોસાયટીમાં કોલક નદીના પુરના પાણી ભરાઈ ગયાં. આખી રહેણાંક સોસાયટીના બંગલાઓના ભોંયતળિયાનો હિસ્સો પાણીમાં ડુબી ગયો એટલે રહીશોએ ઉપલા માળે આશ્રય લેવો પડયો. સાસાયટી ખાધે પીધે સુખી માણસોની, એટલે ત્યાં બચાવ કાર્યને ઝડપથી પ્રાધાન્ય મળ્યું ! હોડી દ્વારા પાણીમાં ફસાયેલાઓને ઉગારવામાં આવ્યાં. બચાવ કાર્યની વાહ વાહ પણ ખુબ બોલાઈ !

અહીં કમનસીબી એ જાણવા મળી કે આ માલેતુજારોની સોસાયટી સાથે સંકળાયેલા એક શ્રમજીવીનું રહેઠાંણ નજીકમાં જ હતુ અને ત્યા પણ પાણી ફરી વળતાં આ શ્રમજીવીએ પોતાના ત્રણ વર્ષના પુત્રને ખભે બેસાડી સલામત જગ્યાએ જવાનો પ્રયાસ કર્યો પણ પાણીના જોરદાર પ્રવાહને કારણે આ બાળક પિતાના હાથમાંથી સરકી ગયું. જેનો મૃતદેહ બીજા દિવસે મળ્યો હતો. ગરીબનું નસિબ પણ ગરીબ હોવાની કહેવત ખોટી તો નથી જ. આ શ્રમજીવીના પરિવારને ઉગારવા કોઈએ અક્કલ ન દોડાવી એ મોટી કમનસીબી.

જુલાઈ મહિનાના આ વરસાદે જે તારાજી સર્જી તેવી આટલા વર્ષોમાં કદી કોઈએ જોઈ નથી.

બિલીમોરાના અમારા અકે પરિચિતે બિલીમોરા રેલ્વે સ્ટેશનનો વિડીયો મોકલ્યો. જે અમે જોયો. આખા બિલીમોરા રેલ્વે સ્ટેશનના રેલ્વેના પાટા પ્લેટફોર્મ સુધીના પાણીથી છલકાતાં હતાં. આવી હાલત તો ઘણા સ્ટેશનોની થઈ હશે.

ઉમરગામ તાલુકામાં આ વર્ષે વરસાદ મન મુકીને વરસ્યો ! તાલુકાના તમામ ગામોએ જાણે પાણીમાં ડુબકી લગાવી. ભીલાડથી ચાર કી.મી.ના અંતરે આવેલા નગવાસ અંકલાસ ગામમાં પણ પાણીના સરોવરો સર્જાયા. નગવાસ ગામમાં દરોઠા નદીના કિનારા પાસેના વેરહાઉસસિંગ, ગોદામોમાં પણ પાણી ફરી વળ્યા હતાં. અને ગોદામોમાં રાખેલા માલને નુકશાન પહોચ્યું હતું.

ઉમરગામ તાલુકાના કરમબેલા પરેટી ફળિયામાં પણ પાણીએ કેર વર્તાવ્યો હતો. ત્યા રહેતાં અરુણભાઈ ઉર્ફે અરવિંદભાઈ પટેલે અમને પોતાના ઘરમાં ઉભરાયેલાં પાણીનો વિડીયો મોકલ્યો અને અમે જોયુ તો ઘરમાં છાતી સુધીનું પાણી ઘુસી ગયું હતું. દારુઠા નદીના પાણીનું આ પરાક્રમ હતું.

વાપી નજીકના રોયલ હબલ ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં પણ પુરના પાણીએ તારાજી સર્જી હોવાનો વિડીયો અમે જોયો અહીની હાલત જાણવા કોઈ ચકલયુય ન ફરકયાનું ઔદ્યોગિક એકમવાળા વરાળ કાઢી રહ્યા હતાં. આ વરસાદની મોકાણ વચ્ચે અફવાઓને પણ પાંખ આવી હતી.

ગઈ તા. ૨૫મીએ દાદરા નગરહવેલીના નરોલી ગામમાં નાગરિકોનું અવસાન થતા ગમજનો મૃતદેહને સેલવાસના દમણગંગા નદીના સ્મશાનઘાટ પર અગ્નિસંસ્કાર માટે લઈ ગયા હતાં. એ દરમિયાન ઈનોવા કાર ત્યા પહોંચી હતી. અને કહ્યુ કે દમણગંગા નદી ઉપરનો મઘુબન ડેમ કકડભુસ થવામાં છે અને તમે બધા પાણીમાં તણાઈ જશો, માટે ભાગો! આ સાંભળી સ્મશાનઘાટમાં ભેગા થયેલાં તમામે મૃતદેહને ભગવાન ભરોસે છોડી ભાગવા માંડયું! આ અફવાની વાત વાયુવેગે ફેલાતાં વલસાડના કલેકટર નીતિન સાંગવાન અને દાદરા નગર હવેલીના નાયબ કલેકટર અમિતકુમારે એક વિડીયો સંદેશ દ્વારા અફવાનું ખંડન કરતાં પ્રજાજનોએ રાહત અનુભવી હતી.

ડરના કારણે એ પછી, લગભગ દોઢેક કલાક પછી છુમંતર થઈ ગયેલાંએ પરત ફર્યા હતાં અને મૃતકને અગ્નિદાહ દીધો હતો.

ચાલુ માસના વરસાદે સર્જેલી ભારે તારાજીમાંથી સંબીધત તંત્રો જાગે એમ ઈચ્છીએ.

વરસાદી પાણીના ભરાવાનું મુખ્ય કારણ વરસાદી પાણીના કુદરતી વહેણ ઉપરનું અતિક્રમણ જ છે. આખા રાજયમાં અતિક્રમણોનુ વિષચક્ર ગતિથી ઘુમતુ રહેલું છે. તળાવો ઉપર, નદીઓ અને ખાડીઓ ઉપર, ગૌચરની જમીનો ઉપર, નાળલેન્ડ ઉપર ગેરકાયદે બાંધકામો બાબત હરીફાઈ જેવી ચાલી રહી છે. આવા અતિક્રમણો સામે લાગતુ વળગતું તંત્ર આખો મિચેલી રાખે છે. પરિણામે દાંડિયારાસ ચાલું રહ્યો છે. ગુજરાતમાં છેલ્લાં ૨૦ વર્ષમાં ૨૬,૪૮૩ તળાવો નકશાનમાંથી ગાયબ થઈ ગયા છે. અમદાવાદ, વડોદરા સહિત ચાર મેટ્રો સીટીમાં ૧૬૧૬ પૈકી ૧૦૮૦ તળાવોને પાંખો આવેલી છે.

એ જ રીતે ગૌચરની જમીનોની પણ તસ્કરી થતી રહી છે. વરસાદી પાણીથી ભુસ્ખલન ન થાય એ માટે વૃક્ષો આશીર્વાદરૂપ બનતા હોય છે. પરંતુ ગુજરાત સરકારે જંગલની ૧૩૧૩.૩૯ હેકટર જમીન ૨૦૨૪-૨૫માં અન્ય હેતુમાં ફેરવી દીધેલ છે. ગ્લોબલ ફોરેસ્ટ નામની સંસ્થાએ આ ઘટસ્ફોટ કરેલો છે. ગુજરાતમાં સૌથી વધુ ટ્રીકવરનું નુકશાન નર્મદા જીલ્લો અને ડાંગમાં થયેલું છે. ૮૫૪.૬૩ હેકટર જંગલની જમીન માર્ગ અને ટ્રાન્સમિશન લાઈન ઉપયોગમાં લેવામાં આવી છે. ૪૨૧.૪૩ હેકટર જમીન ઉદ્યોગો અને ટાઉનશીપવાળાને ખેરાત કરવામાં આવેલી છે.

પાછા વાપી ફરીએ તો વાપીમાં નાણામંત્રી કનુભાઈ દેસાઈએ બિલખાડીને પાણીના વહેવા માટે સક્ષમ બનાવતા છેલ્લા ૪ વર્ષથી બિલખાડી ખુબ ડાહી બની રહી હતી. પરંતુ હવે ફરી બિલખાડી સાથે બળાત્કાર થવાનુ શરુ થતાં આ વખાતના વરસાદે બિલખાડીને ફરીથી તોફાની બનાવી દીધેલી છે. બિલખાડી ઉપર એક શિક્ષણસંસ્થા અને મોરાઈના એક ઔદ્યોગિક એકમે કરેલ અતિક્રમણ હઠાવોલ ન હોવાની પણ વાત છે. બિલખાડીને રેવન્યુ રેકર્ડ મુજબની મુળ પહોળાઈની બનાવવાની પણ આવશ્યકતા છે. વોટર બોડી સાથેની છેડછાડ આપત્તિને જ નોતરું આપે છે. આશા છે કે નાણામંત્રી કનુભાઈ દેસાઈ બિલખાડીના દુશ્મનો સામે લાલ આંખ કરશે. જુલાઈ માસના વરસાદે ઠેર ઠેર જે હાહાકાર મચાવ્યો તેમાં આફતમાં ફેસાયેલા લોકોને ઉગારવામાં દમણ કોસ્ટગાર્ડના હેલીકોપ્ટર, એનડીઆરએફ ટીમે, ઈમરજન્સી રેસ્કયુ ટીમે અને પોલીસ અધિકારીઓએ ખુબ પ્રસંશનીય ફાળો આપેલો છે. આમ જનતાએ પણ મોતના મુખમાં ધકેલાઈ રહેલાઓને પોતાની જાનની પરવાહ કર્યા વિના બચાવ્યા એ બધા ધન્યવાદને પાત્ર છે.

ચાલુ વર્ષના વરસાદે દાદરા નગર હવેલી અને દમણને પણ છોડયું નથી. આ બંને વિસ્તારમાં પાણીના ભરાવાએ જનજીવન ખોરવી નાંખ્યું હતું. વરસાદના પાણીએ અને દમણગંગા જળાશય યોજનામાંથી છોડાતા લાખો ક્યુસેક પાણીએ પણ નીચાણવાળા વિસ્તારો અને દમણ, સેલવાસને આંટીમાં લીધા હતાં. સેલવાસના દમણગંગા નદીના પુલે ભયજનક સપાટ વટાવતાં તે બંધ કરવો પડયો હતો. આ વખતના વરસાદે વરસાદી પાણીના કુદરતી પ્રવાહને ગળે ટુંપો દેનારાઓના હોરા ખુલ્લા કરી દીધા છે. એટલે સરકારે પાણીના વહેણને અવરોધનારાતત્વો સામે તેજાબી પગલાં લેવાની હિંમત બતાવવી પડશે.

તંત્રમાં બેરોક ચાલતાં ભ્રષ્ટાચાર અને મામા-માસીના વલખે પ્રજાને જાણે બાનમાં લીધેલી છે.

શરુઆતના વરસાદમાં જ નેશનલ હાઈવે, એક્ષ્પ્રેસ હાઈવે અને અન્ય મર્ગો બુરી રીતે ધોવાઈ જાય, રેલ્વે વ્યવહાર પણ ખોરવાઈ જાય ત્યારે વિકસિત ભારતની વાત મુંગેરીલાલના સ્વપ્ના જેવી બની રહે છે!

## દાનહ- દમણ, દીવ મળી સંસદની એક જ બેઠક રહેવાની શકયતા...

સંઘપ્રદેશ દાદરા નગર હવેલીમાં છેલ્લી મતદાર યાદી પ્રમાણે ૦.૩૦ ટકા જેટલાં મતદારો ઓછા થયાં હોવાનું જણાયૂ છે. આખરી યાદી હજુ બાકી છે. પણ આમાં ઝાઝો ફેર ડે એમ લાગતું નથી.

જાણવા મળ્યા પ્રમાણે ડિલીમીટેશન બિલ- ૨૦૨૬ મુજબ, દાદરા નગર હવેલી, દમણ અને દીવ મળી લોકસભાની એક જ બેઠક રાખવાના ચક્રો ગતિમાન થઈ ગયા છે. અત્યારે આ ત્રણે પ્રદેશ માટે બે સંસદની બેઠકો છે પરંતુ સરકાર માને છે કે ૨૫ લાખની વસતીએ એક સંસદની બેઠક હોય છે ત્યારે આ ખોબલા જેવા પ્રદેશમાં બે બેઠકો રાખવાનો કોઈ મતલબ નથી. આમ પણ ૨૦૨૦ થી દાદરા નગરહવેલી, દમણ અને દીવ (૩-ડી) એક જ પ્રદેશ થઈ ગયેલ હોઈ એક બેઠક પુરતી છે.

# જ્ઞાનપ્રાપ્તિનો સૌને સમાન અધિકાર છે

### વાસ્તવિકતા



**સ્વામી સચ્ચિદાનંદ**

(ગતાંકથી શરુ)

પછી પ્રજા સુખી થતી હોય છે. સમય-સમય ઉપર દેશકાળ પરિસ્થિતિ પ્રમાણે ધર્મવ્યવસ્થા સુધારવી જરૂરી છે. જે નથી સુધારતા તે સ્થગિત થઈ જાય છે. પછી પછાત બને છે. કુરિવાજો અને કુરૂઢિઓવાળા સમાજમાં લોકો દુ:ખી થતાં હોય છે. તેને સુધારવાથી તથા સમાજને હિતકારી બનાવવાથી પ્રજા સુખી થતી હોય છે. આવાં સુખો સમાજસુધારકોથી આવતાં હોય છે. જે સમાજમાં આવા સુધારકો નથી થયા તે પ્રજા દુ:ખી થતી હોય છે. આવાં સુખ-દુ:ખોને પૂર્વનાં કર્મો સાથે કશી લેવાદેવા નથી હોતી, જેમ કે બાલ—વિધવાનાં દુ:ખો.

ઉત્તમ રાજવ્યવસ્થાથી પ્રજા સુખી અને જુલ્મી રાજવ્યવસ્થાથી લોકો દુ:ખી થતાં હોય છે. આને રાજસુખ અથવા રાજદુ:ખ કહેવાય છે. પૂર્વજન્મને કશી લેવાદેવા નથી.

જો તમને સારો પરિવાર, સારી પત્ની, સારો પતિ વગેરે મળ્યાં હોય તો તમે સુખી થતાં હો છો. પણ જો આ બધાં નબળાં મળ્યાં હોય તો તમે દુ:ખી થતા હો છો. દુ:ખ દેનાર પતિ અથવા પત્નીને બદલીને તમે દુ:ખમુક્ત થઈ શકો છો. અથવા પરિવારનો જે સદસ્ય દુ:ખી કરતો હોય તેનાથી છુટકારો મેળવીને તમે દુ:ખમુક્ત થઈ શકો છો. પૂર્વજન્મનાં કર્મોને કશી લેવાદેવા નથી.

વ્યક્તિના સુખ-દુ:ખમાં સૌથી વધુ મહત્ત્વનું કારણ તે પોતે છે. અર્થાત્ તેનો સ્વભાવ, પ્રકૃતિ સૌથી મહત્ત્વનો ભાગ ભજવે છે. બીજું, તેની ક્ષમતા પણ છે. બધાંમાં બધી ક્ષમતા નથી હોતી. સ્વભાવ અને ક્ષમતા સુખી-દુ:ખી થવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આ બન્ને શાથી આવે છે તે કહેવું કઠિન છે. કદાચ પૂર્વનાં કર્મે આવતાં હોય.

કેટલાંક દુ:ખો આકસ્મિક હોય છે. સંક્રામક રોગોનું સંક્રમણ આકસ્મિક થતું હોય છે. તેમાં તમારાં પૂર્વનાં કર્મો જવાબદાર નથી હોતાં.

સંક્રમણથી, સાવધાની અને યોગ્ય ઉપાયો કરવાથી કે પછી સ્થાન છોડી દેવાથી બચી શકાય છે.આવી જ રીતે ધરતીકંપ, સુનામી, જ્વાળામુખી, વાહન-અકસ્માતો, સામૂહિક રોગચાળો, અતિભોગ, અતિઅભોગ, રાજવિપ્લવ વગેરે અનેક કારણોથી વ્યક્તિ કે સમૂહનાં મૃત્યુ કે દુ:ખી થવામાં પૂર્વનાં કર્મો કારણ નથી હોતાં. આ બધાંથી મોટા ભાગે બચી શકાય છે. યોગ્ય ઉપાયો કરવાથી નિવારી શકાય છે. અતિશય ઠંડી, અતિશય ગરમી, અતિશય વૃષ્ટિ, અતિશય અવૃષ્ટિ વગેરે કુદરતી કારણોથી થનારાં સુખ-દુ:ખો પૂર્વનાં કર્મોથી નથી થતાં, પ્રયત્નો કરીને આમાં ફેરફાર કરી શકાય છે. નપાણિયા સૌરાષ્ટ્ર જેવા પ્રદેશમાંથી પાણીવાળા સુરત જેવા પ્રદેશમાં આવીને વસો તો તે તમારા સુપ્રયત્નોનું પરિણામ છે. પૂર્વનાં કર્મોનું નહિ. ડેમ, ચેકડેમ, હીટર, A.C. વગેરેથી આવાં દુ:ખો દૂર કરી શકાય. તમારા ઘરમાં પંખો, A.C., સેન્ટ્રલ, હિટિંગ જેવી વ્યવસ્થા લાગુ છે. તેથી તમે સુખી થાવ છો તે તમારા પ્રયત્નોનું પરિણામ છે. પૂર્વનાં કર્મોનું નહિ.

ભારત ઉપર સેંકડો આક્રમણો થયાં તે ભારતનાં પૂર્વનાં કર્મોથી નહિ પણ ભારતની કમજોરીથી થયાં. કારણ કે પ્રજા બહુ ઓછા યોદ્ધા પેદા કરે છે. પ્રજા શસ્ત્રવિમુખ છે. તેથી આક્રાન્તા ખેંચાઈ આવે છે. શીખ-મરાઠા-રાજપૂત જેવી થોડી જાતિઓ બાદ કરો તો બાકીની પ્રજા યોદ્ધા નથી કે શસ્ત્રધારી નથી. આથી દેશ કમજોર બને છે.

ધર્મો પ્રજાને ઘડે છે. શીખ ધર્મ સિવાય બીજો કોઈ ધર્મ પ્રજાને શસ્ત્રધારી કે બળવાન બનાવતો નથી. ચુસ્ત અહિંસાવાદથી પ્રજા વધુ દુર્બળ થાય છે. કારણ કે તેથી શસ્ત્રવિમુખ થવાય છે.

જ્ઞાનપ્રાપ્તિનો સૌને સમાન અધિકાર છે. વર્ણ-જાતિ-જ્ઞાતિ કે બીજા કોઈ ભેદથી જ્ઞાનપ્રાપ્તિના અધિકારને રોકી શકાય નહિ. સૌમાં સમાન બુદ્ધિ હોતી નથી. બુદ્ધિની ચઢ-ઊતર સર્વત્ર દેખાય છે. જેમાં પ્રખર બુદ્ધિ હોય તેને પોતાની મેળે આગળ વધવા દેવો જોઈએ. તે રાષ્ટ્રનું ગૌરવ થશે. જેમને બુદ્ધિ હોવા છતાં પણ રોકી રાખ્યા છે તેમને વિશેષ તકો (અનામતો) આપવી જ જોઈએ. આવી અનામતો સમયમર્યાદામાં પૂરી થવી જોઈએ. અનંતકાળ સુધી ચાલુ ન રખાય. જે લોકોને કોઈએ રોક્યા કે અવરોધ્યા નથી પણ પોતાની મેળે જ જે અટકી ગયા છે તેમને વિશેષ તકો ન અપાય. તે પોતાની ભૂલો સુધારે અને આગળ વધે છે. પછાતપણા માટે તેઓ પોતે જ જવાબદાર છે. જે લોકો દબાયેલા કચડાયેલા ન હતા પણ સર્વોચ્ચ રાજસ્થાને બેઠા હતા તેમને વિશેષ તકો ન અપાય. તે વિશેષ તકોનો રાજકીય દુરુપયોગ જ કહેવાય બધા ધર્મોમાં આગળ-પાછળ ચાલનારા વર્ગો હોય જ છે. તેમાંથી કોઈ એકાદ ધર્મને ચૂંટીને વિશેષ તકો આપવી તે અન્યાય છે. અન્યાયથી અસંતોષ વધતો હોય છે. તેથી રાષ્ટ્ર તૂટતું હોય છે. એવી વિશેષ તકો ન હોય કે જેમાં પ્રખર બુદ્ધિશાળીને કચડીને દબાવીને ઓછી બુદ્ધિવાળો કે કુબુદ્ધિવાળો આગળ વધે. આ પ્રતિભાની હત્યા જ કહેવાય પ્રતિભાનું હત્યારું રાષ્ટ્ર કદી મહાન ન થઈ શકે. પ્રતિભાની પૂજા એ સર્વોચ્ચ પૂજા છે. નીચે પડેલા માણસનો હાથ પકડીને ઊભો કરાય જેથી તે સૌની સાથે ચાલી શકે. ચાલવાનું તેણે પોતાને જ હોય. નીચે પડેલા માણસને ઊંચકીને માથે ન બેસાડાય પછી તો તે ચાલવાનું જ ભૂલી જશે. માથે ચઢેલો માણસ સ્વસ્થ થઈ જશે તોપણ કદી તે રાજી-ખુશીથી ઊતરવાનો નથી. માથે ચઢવાનો આનંદ કોણ જતો કરે? પડેલાને ઉઠાડો અને ચાલતો કરો. તેથી તે સ્વાવલંબી થશે. માથે ન ચઢાવો. તેથી તમે થાકી જશો અને પેલો ચાલવાનું ભૂલી જશે. બસના, ટ્રેનના, વિમાનના પ્રવાસીઓમાં જે માંદાં હોય, અપંગ હોય, દરિદ્ર હોય તેમને સારી જગ્યાએ બેસવાની સુવિધા આપો. જેથી તે સારી રીતે પ્રવાસ કરી શકે. પણ તેની હમદર્દી એવી ન હોય કે તેને ડ્રાઈવરની સીટ ઉપર બેસાડી દો. આવી હમદર્દીનું પરિણામ બસનો, ટ્રેનનો, વિમાનનો અકસ્માત થઈ શકે છે. **(વધુ આવતા અંકે)**

# આચાર્યની દ્રઢતાથી સર્જાયું પરિવર્તન

**ગુરુપૂર્ણિમા વિશેષ**

સત્ય ઘટના પ્રસંગ

**ડો. જે. એમ. નાયક**

વલસાડની શાહ એન. એચ. કોમર્સ કોલેજમાં એફ.વાય. બી.કોમ. થી ટી.વાય. બી.કોમ. સુધી અંગ્રેજી મીડીયમનું એક ડિવિઝન ચાલે છે. અંગ્રેજી મીડીયમના વિદ્યાર્થીઓના મનમાં એવો ખ્યાલ કરો કે અમે ગુજરાતી મીડીયમના વિદ્યાર્થીઓ કરતા કંઈક વિશેષ છીએ. એઓ એવું માને છે કે ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ જે કંઈ ન કરી શકે તે અમે કરી શકીએ છીએ. કોલેજમાં એડમિશન આપતા પહેલા દરેક વિદ્યાર્થીઓનું કાઉન્સેલિંગ કરતી વખતે હું તમામ વિદ્યાર્થીઓને જણાવતો હતો કે કોલેજમાં એડમિશન લીધા પછી દરેક વિદ્યાર્થીએ દરેક પિરિયડ નિયમિત ભરવાના ફરજિયાત છે. દરેક પિરિયડમાં હાજરી પણ નિયમિત લેવાશે. અધ્યાપક રજા પર જાય અને રજાનો રિપોર્ટ ભરે એ રીતે વિદ્યાર્થીઓએ પણ લાંબી રજા પર જવાના હોય તો રિપોર્ટ ભરવાનો રહે છે. ફ્રી હોય તે વિદ્યાર્થીઓએ લાઈબ્રેરીમાં બેસીને વાંચવું અથવા રમતગમતના મેદાન પર સ્પોર્ટ્સ એક્ટિવિટી કરવી.લોબીમાં રખડવાની વિદ્યાર્થીઓને છૂટ નહીં હતી. લોબીમાં રખડતા વિદ્યાર્થીઓ પકડાય તો એમના વાલીઓને કોલેજમાં રૂબરૂ બોલાવવામાં આવતા હતા.

એક દિવસ મારા આશ્ચર્ય વચ્ચે અંગ્રેજી માધ્યમના એસ.વાય. બી.કોમ.ના વિદ્યાર્થીઓએ સામૂહિક ક્લાસ બંક કરવાનું નક્કી કર્યું. તેઓએ વિચાર્યું કે આપણે બધા ભેગા થઈને વર્ગખંડ છોડી દઈએ તો પ્રિન્સિપાલ સર બધા પર એકશન લેશે નહીં. આમ વિચારીને એક પિરિયડ ભરીને બહારથી વર્ગખંડનું બારણું બંધ કરીને એ ડિવિઝનના બધા જ વિદ્યાર્થીઓ કોલેજ કેમ્પસ છોડી ગયા. એમને તો એવો જ ખ્યાલ હતો કે આખો ક્લાસ કોલેજની બહાર છે એટલે પ્રિન્સિપાલ શું કરી લેશે કદાચ એ વિદ્યાર્થીઓ મને સાચી રીતે ઓળખી શક્યા નહીં હતા.

હું દરેક પિરિયડમાં મારી કોલેજના ૧૬ ડિવિઝનના વિદ્યાર્થીઓ બરાબર અભ્યાસ કરી રહ્યા છે કે કેમ તે માટે દિવસમાં ચાર રાઉન્ડ નિયમિતપણે લેતો હતો. એટલે અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓએ સામૂહિક બંક કર્યો તે તરત જ મારા ધ્યાન પર આવી ગયું. મેં મનોમન શું કરવું તે નક્કી કરી લીધું હતું. વિદ્યાર્થીઓની વ્યક્તિગત કે સામૂહિક ગેરશિસ્તને એક વખત હું ચલાવી લઉં તો બીજી વખત એમની હિંમત વધી જાય એ હું જાણતો હતો. એમને ખોટી ટેવ નહીં પડે અને ગેરશિસ્તને નેત્સાહન મળે તે હું ચલાવી લેવા માગતો નહીં હતો.

બીજા દિવસે એમના ડિવિઝનના પ્રથમ જ પિરીયડમાં જઈને મેં જાહેર કર્યું કે તમારા ડિવિઝનના તમામ વિદ્યાર્થીઓનું આપણી કોલેજમાંથી એડમિશન હું રદ કરુ છું. એ ડિવિઝનના બધા જ વિદ્યાર્થીઓને રસ્ટીકેટ કરવામાં આવે છે. એમને વર્ગખંડ અને કોલેજ કેમ્પસ છોડી દેવા જણાવવામાં આવ્યું. એમણે આ સજામાંથી બચવું હોય તો બીજા દિવસે તમામ વિદ્યાર્થીઓને એમના વાલીઓને કોલેજમાં લઈને આવવા જણાવ્યું. વાલીઓ સાથે વિદ્યાર્થીઓને બેસાડીને એક કલાકનો તાસ લેવામાં આવશે અને ત્યાર પછી તેને આધારે છેવટનો નિર્ણય લેવામાં આવશે. જે વિદ્યાર્થી વાલીને લઈને આવશે નહીં તેમનું નામ કોલેજમાંથી કાઢી આપવામાં આવશે. વિદ્યાર્થીઓએ આવી ધારણા તો બિલકુલ રાખી જ નહીં હતી. હું મારા નિર્ણયમાં ખૂબ જ મક્કમ હતો. સામૂહિક બંકના ત્રીજા દિવસે વિદ્યાર્થીઓ વાલીઓને લઈને આવ્યા. એક કલાક સુધી વાલીઓ સાથે વિદ્યાર્થીઓનું કાઉન્સિલિંગ કરી કોલેજમાં ચાલતી અનેકવિધ શૈક્ષણિક અને સહઅભ્યાસ પ્રવૃત્તિઓથી વાલીઓને પણ વાકેફ કર્યા. વિદ્યાર્થીઓ અને વાલીઓ માફી લખી આપવા તૈયાર હતા. મેં એમને જણાવ્યું કે તમે માફી લખી આપશો તેવી ગણતરીથી મેં વાલીઓને બોલાવ્યા નથી. બીજી વખત જીવનમાં આવી ભૂલ નહીં કરો એટલું જ મારે તમને કહેવું છે. મને જણાવતા આનંદ થાય છે કે ફક્ત મારા આ એક જ મક્કમ નિર્ણયને પરિણામે ફરી કોઈ દિવસ કોલેજમાં આવી ઘટના બની નહીં હતી.

# એક ઓફિસર-એક કાર'નો નિયમ અમલમાં

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા.૨૮

કેન્દ્રસરકારેસરકારીવાહનોના દુરુપયોગને રોકવા અને સરકારી ખર્ચમાંઘટાડોકરવામાટેમહત્વપૂર્ણ નિર્ણય જાહેર કર્યો છે. નવા આદેશ મુજબ હવે કોઈપણ કેન્દ્રીય સરકારી અધિકારીને વધારાની જવાબદારી સોંપવામાંઆવેતોપણતેમનેબીજી સરકારી કાર ફાળવવામાં આવશે નહીં. સરકારદ્વારા "એક ઓફિસર, એક કાર"ના સિદ્ધાંતને કડક રીતે અમલમાં મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

નાણા મંત્રાલયના વ્યય વિભાગ દ્વારા જારી કરાયેલા પરિપત્રમાં તમામ કેન્દ્રીય મંત્રાલયો, વિભાગો અને સંબંધિત કચેરીઓને આ નિયમનું કડક પાલન કરવાની સૂચના આપવામાં આવી છે.

પરિપત્ર મુજબ, કોઈપણ વરિષ્ઠ અધિકારી પાસે ભલે એકથી વધુ વિભાગો અથવા સંસ્થાઓનો વધારાનો ચાર્જ હોય, તેમ છતાં તેમને એકથી વધુ સરકારી વાહન આપવામાં આવશે નહીં.

સરકારે સ્પષ્ટ કર્યું છે કે જે અધિકારીને તેમની મૂળ નિમણૂક માટે પહેલેથી જ સરકારી સ્ટાફ કાર ફાળવવામાં આવી છે, તેમને વધારાની જવાબદારીના આધારે બીજી ગાડી આપવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી.

આ નિર્ણયનો મુખ્ય હેતુ સરકારી વાહનોનો કાર્યક્ષમ ઉપયોગ સુનિશ્ચિત કરવાનો અને અનાવશ્યક ખર્ચ પર નિયંત્રણ લાવવાનો છે.

સરકારે સરકારી વાહનોના ખાનગી ઉપયોગ પર પણ સંપૂર્ણ પ્રતિબંધની પુનઃપુષ્ટિ કરી છે. હવે સરકારી ગાડીઓનો ઉપયોગ માત્ર સત્તાવાર પ્રવાસ અને સરકારી કામગીરી માટે જ કરી શકાશે. વ્યક્તિગત અથવા ખાનગી હેતુઓ માટે સરકારી વાહનોનો ઉપયોગ કરવાની મંજૂરી રહેશે નહીં.

VAPI PAGE - 5

# પારડી તાલુકા વિશેષ

Wednesday 29, July 2026

● પારડી
● ઉદવાડા
● વાઘછીપા
● પરીયા

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : ૯૮૭૯૩૭૪૬૦૫

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes@yahoo.co.in

### કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈએ પારડીના અસરગ્રસ્તોને કેશડોલ સહાય આપી

## અસરગ્રસ્ત વિસ્તારોની રૂબરૂ મુલાકાત, સહાય અને રાહત કામગીરીનું નિરીક્ષણ કર્યું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૮ :** પારડી વિધાનસભાના લોકલાડીલા ધારાસભ્ય તેમજ ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા પોતાના મત વિસ્તાર પારડી ખાતે સેવા કામગીરી હાથ ધરી હતી. પારડી શહેર વિસ્તાર વોર્ડ નં ૭ શ્રી ગણેશ મંદિર વિસ્તાર, શાકભાજી માર્કેટ તળાવ વિસ્તાર , મચ્છી માર્કેટ વિસ્તાર પારડી શહેર વોર્ડ નં ૪ શિવનગર વિસ્તાર તળાવ થી નીચાણ વિસ્તારના અતિ વરસાદને કારણે પૂરથી અસરગ્રસ્ત પરિવારજનોને કેશડોલ સહાય રૂ.૬૮૦૦ તેમજ તલપતરી અને રેશન કીટ સહાય ફાળવી હતી અતિ ભારે વરસાદથી અસરગ્રસ્ત થયેલ પરિવારજનો ને સહાયક બનવા માટે કટિબંધ આગેવાન કનુભાઈ દેસાઈ પારડી વિધાનસભાના લોકલાડીલા ધારાસભ્ય તેમજ ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા પોતાના મત વિસ્તાર પારડી તાલુકા ખાતે સેવા કામગીરી હાથ ધરી હતી.

સારણ ગામ પટેલ ફળિયા, કોળીવાલ સરપંચ ગણેશભાઈ પટેલ તાલુકા પંચાયત સભ્ય ભાવનાબેન ટીડીઓ ભગવોડા બગવાળા ગામ હળપતિ વાસ, ખાડી ફળિયા સરપંચ જાગૃતિબેન નાયક આગેવાન જહારભાઈ પાઠક તીઘરા ગામહળપતિ વાસ, સરકારીયા ફળિયા સરપંચ હેમાબેન જીતુભાઈ હળપતિ સરોધી ગામ ચિત્રા ફળિયા વિસ્તાર અને આસપાસ ના અસરગ્રસ્ત વિસ્તાર વેલવાગલ ગામ તલી ફળિયા સરપંચ ડિમ્પલબેન અમિતભાઈ પટેલ અતિ વરસાદને કારણે પૂરથી અસરગ્રસ્ત પરિવારજનોને કેશડોલ સહાય રૂ.૬૮૦૦ તેમજ તલપતરી અને રેશન કીટ સહાય ફાળવી હતી.

વાપી શહેર પ્રમુખ મનીષભાઈ દેસાઈ વાપી મહાનગરપાલિકા કારોબારી ચેરમેન સતિષભાઈ પટેલ પારડી તાલુકા પ્રમુખ પુનિત પટેલ જીગ્નેશભાઈ ઉડવાડિયા કારોબારી ચેરમેન પારડી તાલુકા પંચાયત સભ્ય અપેક્ષાબેન, હેમાબેન યુવા પ્રમુખ રવિભાઈ ધર્મેન્દ્રભાઈ રાજુભાઈ સરપંચ શંકરભાઈ પટેલ સરપંચ રવિન્દ્રભાઈ પટેલ સરપંચ જીગ્નેશ પટેલ પારડી મહામંત્રી દક્ષિણ ગુજરાત સોશિયલ મીડિયા સહ કન્વીનર સત્યેન પંડ્યા પારડી -ંત અધિકારી નિરવભાઈ પટેલ. પારડી મામલતદાર કટારિયા નગરપાલિકાના નગરસેવકો, સંગઠનના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પારડી - ઉદવાડા રેલ્વે સ્ટેશને મુસાફરોને ભોજન પીરસાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૮ :** પારડી ઉદવાડા રેલવે સ્ટેશન પર ભૂસાવલ બાંદ્રા ટ્રેન વરસાદ ના કારણે યાર્ડ માં સ્ટોપ આપ્યું હતું જેમાં મુસાફરો ને તકલીફ ના પડે એ માટે ઉદવાડા સ્ટેશન વેપારી મંડળ તથા ભક્તિ મંડળ અને રેટલાવ ગામવાસીઓ મળી સવારે ચા બિસ્કિટ વેફર બપોરે ખીચડી સાજે વેફર તથા પાવ શાક ની વ્યવસ્થા કરી હતી ૧૦૦૦ પ્રવાસી ઓ એ દરેક ભાઈઓ નો આભાર વ્યક્ત કરીયો હતો. જેમાં નાના બાળકો મહિલા વડીલો દવા ટેબ્લેટ જેને તાવ તથા બીજી તકલીફ હતી દવા પૂરી પાડવામાં આવી હતી.

### કારગિલ વિજય દિવસ અને શહીદોને શ્રદ્ધાંજલિ નિમિત્તે

## પારડી જીવદયા ગૃપ અને પારનેરા યુનિટી ગૃપ દ્વારા મેરેથોન યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૮ :** કારગિલ વિજય દિવસ અને શહીદોને શ્રદ્ધાંજલિ નિમિત્તે પાનેરા યુનિટી ગ્રુપ તથા જીવ દયા ગ્રુપ પારડી વલસાડ ફિઝિકલ દ્વારા ૨૧ કિલોમીટર મેરેથોન નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રોગ્રામમાં મુખ્ય મહેમાન તરીકે ડોક્ટર મહેતા તથા ડોક્ટર એમ એમ કુરેશી તથા પાનેરા ગ્રુપના પ્રમુખ મિનેશ પટેલ તથા અલી અન્સારી તથા શશાંગ પરિહાર ભારે જહમત ઉઠાવી હતી તથા પારડી ગામના માજી મહામંત્રી કેતનભાઇ પ્રજાપતિની હાજરી હતી.

ગામમાં ૩૫ જેટલા યુવાનો તથા છોકરાઓ મહિલાઓ ભાગ લીધો હતો અને મેરેથોન પત્યા પછી બધાને મેડલ આપવામાં આવ્યો હતો.

### રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા

## પારડી પંથકમાં પૂરગ્રસ્તો માટે ભોજન સેવા શરુ કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૮ :** પારડીમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ભારે વરસાદમાં લોકો જ્યારે હેરાન પરેશાન થઈ રહ્યા છે. તેવા સમયે શુદ્ધ ભોજન સ્વાધ્યાય મંડળમાં બનાવી દરેક વિસ્તારોમાં જઈને ભોજનની સામગ્રી વિતરણ કરવામાં આવી રહી છે. પારડીપંથકમાં ભારે વરસાદના લીધે લોકોને નુકસાન થયું છે. જનજીવનને મોટી અસર થઈ છે. વરસાદ ગ્રસ્ત લોકો કે જેવો ગરીબ છે. દરરોજ કમાઈને દરરોજ ખાય છે. એવા લોકો સાથે જરૂરિયાતવાળા લોકો ને ધ્યાનમાં રાખી પારડી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા પવિત્ર સ્વાધ્યાય મંડળના હોલમાં ભોજન કાર્ય શરૂ કર્યું છે.

દરેક વિસ્તારોમાં આદિવાસી વિસ્તાર હોય કે ગરીબ પછાત વિસ્તાર હોય કે જરૂરિયાતવાળા વિસ્તારો હોય ત્યાં જઈને ભોજનની સામગ્રી વિતરણ કરવામાં આવી રહી છે જેના કારણે લોકોને રાહત મળી છે ભારે વરસાદમાં ભોજન ની સેવા કરવામાં આવી રહી છે ખરેખર ખૂબ જ ઉત્તમ કાર્ય છે વિશ્વ હિન્દુ પરિષદના અને આર.એસ.એસ ના આગ્રહણ એવા રાજેશભાઈ રાણા વિશ્વ હિન્દુ દક્ષિણ ગુજરાત વિભાગના અગ્રણી અમિતભાઈ પટેલ વિશ્વ હિન્દુ પરિષદના પારડીના નેતા રાકેશભાઈ રાણા વિશ્વ હિન્દુ પરિષદ પારડીના પીઠ નેતાકિર્તિ ભાઈ ભંડારી યોગેશભાઈ પટેલ સાથે કાર્યકર્તા ભાઈ બહેનોની ટીમ પૂરના સમયે લોકોના વહારે છે કોરોના વખતે આ જ રીતે સેવાઓ વિશ્વ હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ બજરંગ દળ દ્વારા આપવામાં આવી હતી. હમણાં પણ આપવામાં આવી રહી છે. હાલમાં જે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા પારડી પંથકમાં સેવાકીય કાર્યો કરવામાં આવ્યા છે કે ખરેખર અભિનંદનના પાત્ર છે.

## પારડી બ્લડ બેંકમાં વરસાદી પાણી ઘૂસ્યું: ૩૦૦ યુનિટ રક્તનો જથ્થો બચાવાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૮ :** સમગ્ર વલસાડ જિલ્લામાં દિવસભર અને રાત્રી દરમિયાન અતિભારે વરસાદ વરસતા જનજીવન અસ્તવ્યસ્ત બની ગયું હતું. જાણકારોના જણાવ્યા મુજબ છેલ્લા લગભગ ૪૦ વર્ષમાં આટલા ટૂંકા સમયમાં આટલો ભારે વરસાદ નોંધાયો નહોતો. પરિણામે સમગ્ર પારડી શહેર સહિત જિલ્લાના અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. પારડીના લગભગ દરેક ઘર, દુકાન અને વેપાર-ધંધા પર પૂર અને વરસાદની અસર જોવા મળી હતી માનવ આરોગ્ય સેવા કેન્દ્ર સંચાલિત સરદાર ભીલાડવાલા પારડી પીપલ્સ કો-ઓપરેટિવ બ્લડ બેન્કમાં પણ વહેલી સવારે એકથી દોઢ ફૂટ જેટલું પાણી ઘૂસી જતાં ગંભીર પરિસ્થિતિ સર્જાઈ હતી. બ્લડ બેન્કના રેફ્રિજરેટર



અને અન્ય સાધનો પાણીમાં ડૂબી જાય અથવા વીજ પુરવઠો ખોરવાઈ જાય તો લાખો રૂપિયાના કિંમતી રક્ત જથ્થાનો નાશ થઈ શકે તેવી સ્થિતિ ઉભી થઈ હતી. આ ભારે વરસાદને કારણે પારડી બ્લડ બેંક પરિસરમાં અંદાજે ૧.૫ થી ૨ ફૂટ જેટલા પાણી ભરાઈ ગયા હતા. બ્લડ બેંકમાં આશરે ૨૫૦ થી ૩૦૦ યુનિટ જેટલો રક્તનો જથ્થો સંગ્રહિત હોવાથી, તેને સુરક્ષિત રાખવા માટે તાત્કાલિક ઈમરજન્સી -ોટોકોલ અમલમાં મૂકવામાં આવ્યો હતો. પરિસ્થિતિની ગંભીરતા સમજી બ્લડ બેન્કના એડમિનિસ્ટ્રેટર અજયભાઈ ઠાકોરે તાત્કાલિક ડૉ. એમ. એમ. કુરેશી અને સંજય બારિયાનો સંપર્ક કર્યો. બંને તુરંત બ્લડ બેન્ક ખાતે પહોંચી ગયા. દિનેશભાઈ સાકરિયાએ પણ તરત જ ૭થી ૮ કાર્યકરોને મદદ માટે મોકલ્યા. તમામે મળીને બ્લડ બેન્કના રેફ્રિજરેટર સહિતના ભારે સાધનોને આશરે બે ફૂટની ઊંચાઈએ સુરક્ષિત સ્થળે ખસેડ્યા. ત્યારબાદ હાઈવેની ડ્રેનેજ સિસ્ટમમાં ભરાયેલા ઘન કચરાને દૂર કરીને પાણીના નિકાલનો માર્ગ ખુલ્લો કરવામાં આવ્યો. પરિણામે બ્લડ બેન્કની અંદર અને આસપાસ ભરાયેલું પાણી ઝડપથી ઉતરવાનું શરૂ થયું.

આ દરમિયાન વિશ્વ હિન્દુ પરિષદના પાંચથી છ જેટલા સ્વયંસેવકો પણ સ્થળ પર પહોંચી ગયા હતા. તેમણે ડોલ વડે પાણી બહાર કાઢવાનું શરૂ કર્યું, જ્યારે પારડી હોસ્પિટલ દ્વારા મોટર પંપની પણ તાત્કાલિક વ્યવસ્થા કરવામાં આવી. ભારે વરસાદ વચ્ચે સતત બે કલાકના સંયુક્ત પ્રયાસો બાદ બ્લડ બેન્ક સંપૂર્ણપણે સુરક્ષિત થઈ ગઈ અને સૌએ રાહતનો શ્વાસ લીધો. સદનસીબે તમામ રક્તનો જથ્થો સંપૂર્ણપણે સુરક્ષિત રહ્યો છે અને સફાઈ કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. ભવિષ્યમાં આવી પરિસ્થિતિ ન સર્જાય તે માટે આગામી બોર્ડ મીટિંગમાં જરૂરી તકેદારી ના પગલાં લેવા અંગે નિર્ણય કરવામાં આવશે હોવાનું ડો. એમ.એમ. કુરેશી એ જણાવ્યું હતું.

## ટુકવાડા વિસ્તારમાં પૂરગ્રસ્તોને એક મહિનાની રાશન-કીટ અપાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૮ :** અતિવૃષ્ટિના લીધે આવેલા વિનાશક પૂરના કારણે પારડી વિધાનસભાના ટુકવાડા ગામમાં ઓવર ફળિયા તેમજ આજુબાજુના આદિવાસી વિસ્તારોના અનેક ઘરો પાણીમાં ગરકાવ થઈ જવા પામ્યાં હતા. જેના લીધે ઘરમાં અનાજ સહિત બધીજ વસ્તુઓ પાણીમાં ડૂબી જવાથી બગડી જવા પામી હોય તેઓ ગંભીર મુશ્કેલીમાં મૂકાય ગયા હતા જેની જાણ થતા સેવા પરમો ધર્મનાં ઉદેશ્ય થી પારડી વિસ્તારના ધારાસભ્ય કનુભાઈ દેસાઈના સીધા માર્ગદર્શન હેઠળ પારડી શહેરથી રાજેશભાઈ પટેલ, અબ્દુલ સઈદ હુશેન શેખ, ખુશાલભાઈ ભાટી, જેસિંગ ભરવાડ, જતીનભાઈ દેસાઈ, રમેશભાઈ સહિન પટેલ,તરંગ તેજસ પટેલ અમર પટેલ, ધર્મેશભાઈ પટેલ, હિરેન પટેલ ધર્મિન પટેલ, જેવા સામાજીક આગેવાનો એ ભેગા થઈ એમને અંદાજે એક મહિના સુધી ચાલી શકે એવી અનાજ કીટ જેમાં ચોખા, દાળ, તેલ, ઘઉં નો લોટ, ચા,ખાંડ, કઠોળ અને સંપૂર્ણ મસાલો એમનાં ઘરે ઘરે પહોંચાડી એમને મદદરૂપ થવાનો વિનમ્ર પ્રયાસ કર્યો હતો.

## ટુકવાડામાં પૂરની સ્થિતિ વચ્ચે રાતોરાત બચાવ કામગીરીથી અનેક જીવ બચી ગયા : રાહત કામગીરી યથાવત





પારડી તાલુકાના ટુકવાડા ગામમાં ભારે વરસાદના કારણે પહેલી વાર પુરની પરિસ્થિતિ સર્જાઈ હતી અને ખાસ કરીને આદિવાસી લોકો ના મકાનો પુરમાં ક્ષતિગ્રસ્ત થયા છે. લોકોના જીવન બચ્યા છે લોકોના જણાવ્યા મુજબ અચાનક રાત્રે વરસાદી પાણી વધ્યો અને લોકો ગભરાઈ ગયા હતા પોતાના જીવ બચાવવા માટે લોકો પોતાના ઘરના ઉપર ટેરિસમાં ચડી ગયા હતા અને ગામના સરપંચ તેજલ બેન દીપેશભાઈ પટેલ એમનો કોન્ટેક્ટ કર્યો હતો ગામના સરપંચ તેજલ બેન અને એમની ટીમ તાત્કાલિક ગામના દરેક ફળિયામાં યુવાનો સાથે ફરી વળી હતી અને દોરડા સાથે અન્ય સાધનો વડે લોકોને બહાર કાઢ્યા હતા લોકોને ગામમાં આવેલ સ્કૂલમાં સ્થળાંતર કરી લોકો માટે ખાવા પીવાની તમામ વ્યવસ્થા કરી હતી. લોકોને જણાવ્યા મુજબ ટુકવાડામાં પહેલી વખત આવું થયું છે કે, ગામજનો મોટી સંખ્યામાં પૂરના પાણીમાં ફસાયા હતા પરંતુ સરપંચ અને એમની ટીમે રાત્રી દરમિયાન રેસ્ક્યુ ચલાવ્યો હતો બાદમાં સરપંચ અને એમની ટીમે પારડીના ધારાસભ્ય કનુભાઈ દેસાઈ સાંસદ ધવલભાઇ પટેલ મામલતદાર તાલુકા વિકાસ અધિકારી પારડીના પોલીસ ઈન્સ્પેક્ટર તમામ નો કોન્ટેક્ટ કર્યો હતો અને તમામ લોકો તાત્કાલિક બચાવ કામગીરી માટે ટૂકવાડા પહોંચી ગયા હતા. પોલીસ અને એનડીઆરએફની ટીમે જબરજસ્ત રેસ્ક્યુ ચલાવ્યો હતો અને ગંભીર રીતે ફસાયેલા લોકો ને બહાર કાઢવામાં આવ્યા હતા. ત્રણ દિવસ સતત ભારે વરસાદના કારણે પૂરમાં ફસાયેલા લોકો એમના ઘરે તમામ વસ્તુઓ જે મૂકેલી હતી એ વસ્તુઓ ખરાબ થઈ ગઈ કપડા રાશન પાણી વગેરે તમામ ઘરવખરીની ચીજ વસ્તુઓ એમની ખરાબ થઈ ગઈ હતી આ બધા વસ્તુઓને ધ્યાનમાં રાખી સરપંચ તેજલ બેન દિપેશભાઈ પટેલ અને એમની ટીમે ધારાસભ્ય કનુભાઈ દેસાઈની મદદથી તમામ લોકોને રાશન પાણી કપડા પાથરવા માટે ગાધી વગેરે ચીજ વસ્તુઓનું દરેક ફળિયામાં ગામના યુવાનોની મદદથી સર્વે કરાવી વિતરણ કામગીરી કરતા ગામના ભાઈ બહેનોને રાહત મળી છે અત્રે ઉલ્લેખનીય છે કે ગામની એક બહેન કે જેણે એવું જણાવ્યું કે સરપંચ તેજલ બેન અને એમની ટીમ એવો જ્યારે ઊંડા પાણી અને મોતમાં વચ્ચે લટકી રહ્યા હતા ત્યારે તાત્કાલિક એમને બચાવ્યા હતા અનેએમનેસહાય આપવામાંઆવી છે. આ વાત તેજલ બેન એ સાંભળતા તેઓના આંખમાં આંસુ આવી ગયા હતા અને પૂરગ્રસ્ત મહિલાના આંખમાં પણ આંસુ આવી ગયા હતા તેજલબેન



**પારડીનો પત્ર**
કુલદિપસિંહ રાજપુત, પારડી

ભાવુક થઈ ગયા હતા. સતત કરેલી કામગીરી વચ્ચે જનતા એમને વધાવી લેતા એમના આંખમાંથી આંસુ આવી ગયા હતા એમને રૂબરૂ મુલાકાત લેતા ગ્રામજનોએ ઉપરોક્ત તમામ હકીકત જણાવી હતી પૂરગ્રસ્ત વિસ્તારમાં બે વખત પારડીના ધારાસભ્ય કનુભાઈ દેસાઈએ મુલાકાત લઈ લોકોને સહાય માટેના ચેક વિતરણ કર્યા હતા ટુકવાડા ગામમાં કહેવાય છે કે આજ સુધી આવો કોઈ પૂર આવ્યો નથી જો પૂર આવ્યો હોય તો એનું કારણ છે કે ટુકુવાડા ગામમાં થયું છે ડેવલોપમેન્ટ અને દરેક બાજુએથી કમ્પાઉન્ડની દીવાલો બનાવી લેવામાં આવી છે આ દીવાલોના લીધે પાણી ઘેરાયો અને જ્યારે પાણી ઘેર આવ્યો ત્યારે દીવાલો તોડવામાં આવી અને દિવાલ તોડ્યા બાદ સંપૂર્ણ પાણી આદિવાસીઓના મકાનોમાં ઘૂસી ગયા હતા. આ વર્ષે તો આવું થયું છે પરંતુ આવતા વર્ષે આવો ન થાય એ માટેની સંપૂર્ણ જવાબદારી તાલુકા વહીવટી તંત્ર એ હાલથી જ લેવાની જરૂર છે અને ચોક્કસપણે વરસાદી પાણીનો ટુંકવાણામાં નિકાલ થાય એ માટેની તૈયારીઓ હમણાંથી જ રાખવા પડશે કારણ કે હજી તો વરસાદ ચાલુ છે ભારે વરસાદ આવશે ત્યારે ફરીથી આવી પરિસ્થિતિ સર્જાય તો કઈ રીતે એનો સામનો કરવો એની સંપૂર્ણ તૈયારીઓ રાખવાની જરૂર છે જોકે વહીવટી તંત્ર પુર દરમિયાન ખૂબ જ સુંદર કામગીરી કરી છે ગ્રામ પંચાયતના સરપંચ અને એમની ટીમે રાત દિવસ એક કર્યા છે પોતાના જીવના જોખમે પણ લોકોના ઘરો સુધી પહોંચી કામગીરી કરી છે ગામના યુવાનો માજી તાલુકા પંચાયતના પ્રમુખ દક્ષેશભાઈ પટેલ ગામના આગ્રાની લલીતભાઈ યોગેશભાઈ પટેલ સાથે મિલનભાઈ પટેલ અને ગામના અસંખ્ય યુવાનો ગ્રામ પંચાયતના સભ્યો તમામ લોકોએ ખડે પગે રહેશે ગામજનોને બચાવ્યા એટલે ગ્રામજનો સરપંચને ગામના યુવાનોને વધાવી લઈ અભિનંદન આપ્યા હતા એમનો આભાર વ્યક્ત કર્યો હતો સતત પૂરગ્રસ્ત લોકોને સહાય પહોંચાડવામાં આવી રહી છે સોમવારના રોજ મુલાકાત લેતા રૂબરૂ જોવા મળ્યું હતુ કે સરપંચ અને એમની ટીમ એ તમામ યુવાનોને સામગ્રીઓ આપી દરેક ફળીએ ફળીએ રવાના કર્યા હતા. ડોર ટુ ડોર સહાય પહોંચાડવામાં આવી રહી છે ખરેખર સૌથી પૂરગ્રસ્ત થયું હોય તો ટૂંકવાડા ગામ જે પારડી તાલુકાનું સૌથી અસરગ્રસ્ત ગામ બની ગયું છે વધુ પડતા ડેવલોપમેન્ટ અને બાંધકામના લીધે આવી પરિસ્થિતિ ઉભી થઈ છે ગરીબ હોય કે વીઆઈપી બધાને જ અસર થઈ છે પરંતુ ગરીબોને વધુ અસર થઈ છે. જે માટે સરકારે ગરીબોને વળતર અને સહાય તાત્કાલિક ચુકવી છે ગામના સરપંચ અને રહીશોએ સરકારનો આભાર વ્યક્ત કર્યો છે નાણામંત્રી કનુભાઈ દેસાઈ નો સાંસદ ધવલભાઇ પટેલનો અને જિલ્લા વહીવટી તંત્ર તાલુકા વહીવટી તંત્ર ભારતીય જનતા પાર્ટીનો આભાર વ્યક્ત કર્યો છે.







## ટુકવાડાના યુવાનો દ્વારા બચાવ કામગીરી કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૮ :** પારડી તાલુકાના ટુકવાડા ગામ ના આદિવાસી વિસ્તારો માં આદિવાસી હળપતિ સમાજ ના યુવાનો દ્વારા ટુકવાડા-ઓવરફળિયા ખાતે ઓછા સંશાધન હોવા છતાં પુરગ્રસ્ત વિસ્તારોમાં ભારે વરસાદ માં લોકો ને બચાવી સુરક્ષિત સ્થળો ઉપર પહોંચાડી તેમના માટે યોગ્ય વ્યવસ્થા ઉભી કરી હતી.આ સેવાકાર્ય માં ચેતન બલ્લુભાઈ હળપતિ રાહુલ બલ્લુભાઈ હળપતિ કૌશિક ધીરૂભાઈ હળપતિ જીતુભાઈ નાનુભાઈ હળપતિ દોલત રમેશભાઈ હળપતિ સતીષ રતિલાલ હળપતિ અંરવિદ રમણભાઈ હળપતિ વિનિત પટેલ ખજુરવાડ દ્વારા પિડીતો ને બચાવવા માટે કામગીરી કરી હતી.

## પારડી પોલીસની સરાહનીય કામગીરી



પારડીના ટુકવાડામાં ખૂબ જ ખતરનાક જીવને જોખમમાં મૂકી દે એવી પરિસ્થિતિ સર્જાઈ હતી. ત્યારે પારડી પોલીસ મથકના પીઆઈ વાય બી ગોહિલ લોકોના વાહરે પહોંચ્યા હતા અને પોતાની પોલીસ ટીમ સાથે તેઓ હોળીમાં બેસીને પાણીના વચ્ચે ફસાયેલા લોકોને બહાર કાઢ્યા હતા પોલીસ તો ખાસ કરીને ગુનો ઉકેલવા માટે તપાસ માટે કામ કરતી હોય છે આરોપીને પકડવા માટે કામ કરતી હોય છે પરંતુ આવા કાપરા સમયમાં તેઓએ પોતાના જીવના જોખમે જનતાને બચાવ્યા હતાં.

### પારનદીમાં પાણીનું સ્તર વધી જતાં

## પારડીના હેલ્પિંગ હેન્ડ ચેરિટેબલ ટ્રસ્ટના ૪૨ વૃદ્ધોને મહેતા હોસ્પિટલમાં સ્થળાંતર કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૮ :** ભારે વરસાદના કારણે પારડી પારનદીમાં પાણીનો સ્તર વધી જતા મેડિકલ હોમ હોસ્પિટલ ના પરિસરમાં પાણી ફરી વળ્યું હતું જેથીહેલ્પિંગ હેન્ડ ચેરિટેબલ ટ્રસ્ટના ૪૨ વૃદ્ધ દર્દીઓને સુરક્ષિત રીતે રેસ્ક્યુ કરીને મહેતા હોસ્પિટલમાં સફળતાપૂર્વક શિફ્ટ કરવામાં આવ્યા હતા.



આ સેવાકાર્યમાં વોર્ડ નંબર એકના સદસ્ય પ્રણવભાઈ દેસાઈ સિરીશભાઈ પટેલ માજી સદસ્ય અલી અન્સારી રાજેશ પટેલ વગેરે કિલ્લા પારડીના યુવા મિત્રો, ભાજપના આગેવાનો તથા તમામ સેવાભાવી કાર્યકર્તાઓ ભેગા મળ્યા હતા અને તમામ વડીલોને સલામત રીતે મેડિકલ હોમ માંથી બહાર કાઢવામાં આવ્યા હતા અને મહેતા હોસ્પિટલમાં સ્થળાંતર કરાવી દેવામાં આવ્યા હતા. તમામ વડીલોને બચાવી લેવામાં આવ્યા હતા એમનો રેસ્ક્યુ કરવામાં આવ્યો હતો સેવાભાવી યુવાનોએ માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતાં નિષ્ઠાપૂર્વક સહયોગ આપ્યો હતો.

આ સેવાયજ્ઞમાં જોડાયેલા તમામનો હૃદયપૂર્વક આભાર માનવામાં આવ્યો હતો અને અભિનંદન પઠાવવામાં આવ્યા હતા ખરેખર વડીલોની સેવા એ જ માનવતા છે અને તમામ લોકોએ જે કાર્ય કર્યું એ અભિનંદનને પાત્ર છે.

# અન્ય સમાચારો

Wednesday 29, July 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Wednesday 29, July 2026

## હવે ઈ-૨૦ જનતા પાર્ટી

પેપર લીક પછી માઈલેજ લીકને મોટો મુદ્દો બનાવવાની દિશામાં હિલચાલ શરૂ થઈ છે. ૧૬મી મેએ સોશિયલ મીડિયા મંચ પર શરૂ થયેલી કોકરોચ જનતા પાર્ટીએ શરૂ કરેલાં આંદાલનને પગલે પચીસમી જુલાઈએ કેન્દ્રના શિક્ષણપ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપી દેવું પડ્યું. હવે, ઈ-૨૦ જનતા પાર્ટી નામથી સોશિયલ મીડિયા પર એકાઉન્ટ ખુલ્યાં છે અને તેના ત્રણેક લાખ ફોલોઅર તો જોતજોતાંમાં થઈ ગયા છે. પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલના બ્લેન્ડિંગનો વિરોધ તથા ૧૦૦ ટકા મિશ્રણરહિત પેટ્રોલ ઓછા દરે મેળવવાની પસંદગી ગ્રાહકોને હોવી જોઈએ એવા મુદ્દા સાથે કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીનાં રાજીનામાંની માગણી થવા લાગી છે. દિલ્હીના જંતરમંતર અને મુંબઈમાં શિવાજી પાર્ક ખાતે યોજાયેલાં આંદોલનોમાં નીતિન ગડકરીનાં રાજીનામાંની માગણી કરતાં સૂત્રોચ્ચાર અને બેનર દેખાયાં હતાં, હવે ઓનલાઈન ચળવળ શરૂ થઈ છે. સીજેપીના અનુભવ પછી મોદી સરકાર આ નવા પક્ષને હળવાશથી નહીં જ લે. ઈ-૨૦ પેટ્રોલના ઉપયોગથી વાહનના માઈલેજમાં ઘટાડો નોંધાય છે તથા એન્જિનને નુકસાન પહોંચે છે એવા દાવા છેલ્લા થોડા સમયથી થઈ રહ્યા છે અને સરકારે આ દાવાઓનું ખંડન કર્યું હોવા છતાં આ પ્રચાર અટકી રહ્યો નથી. વળી, સોશિયલ મીડિયા પર એવો દપ્રચાર પણ શરૂ થયો છે કે, નીતિન ગડકરીના પુત્ર સાથે સંકળાયેલી કંપનીને ઈ-૨૦ના બ્લેન્ડિંગથી ફાયદો પહોંચે એ માટે આ નીતિ લાવવામાં આવી છે. ગડકરીએ આ દુપ્રચાર, ડીપફેક અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સથી બનાવેલા વીડિયો દ્વારા થઈ રહેલી બદનામી બાબતે મેટા, એક્સ કોર્પ તથા ગૂગલ એલએલસી જેવા ટેક જાયન્ટ્સ તથા અન્યો સામે ફોજદારી દાવો નોંધાવવાની માગેલી પરવાનગી બોમ્બે હાઈકોર્ટે બહાલ કરી છે. લોકતાંત્રિક રીતે દેશના નાગરિકોને પોતાની વાત મૂકવાનો અને સરકારની નીતિઓ-નિર્ણયોનો વિરોધ કરવાની છૂટ છે, પણ વિરોધ પ્રદર્શન, આંદોલનો અને લોકજુવાળ ઊભો કરી તેની આડમાં દેશવિરોધી એજેન્ડા ચલાવવાની છૂટ કોઈને પણ ન હોઈ શકે. હવે ઈ-૨૦નાં નામે અરાજકતા ફરી ફેલાવવાનો કારસો રચાઈ રહ્યો હોય એવું લાગે છે. માઈલેજમાં ઘટાડાની વાત સાચી હોય તો સરકારે સમયસર આ દિશામાં પારદર્શકતા સાથે આગળ વધવું જોઈએ અને આ વાતમાં વજૂદ ન હોય તો એ વિશે પણ લોકોને માહિતગાર કરવા જોઈએ. બ્રાઝિલ ઈથેનોલનો સ્વીકાર કરનારા શરૂઆતી દેશોમાંથી એક છે અને ત્યાં અનેક દાયકાઓથી બ્લેન્ડેડ પેટ્રોલ સાથે ૧૦૦ ટકા પેટ્રોલ પણ ઉપલબ્ધ છે અને પસંદગીનો અધિકાર નાગરિકોને છે. આથી, ફરજિયાતપણે ઈ-૨૦ના ઉપયોગના સરકારના આગ્રહ સામે વિરોધ છે. વળી, ગડકરી ઈ-૨૦ને પ્રમોટ કરવામાં સૌથી આગળ છે, આથી દપ્રચાર શરૂ થયો કે તેમના પુત્રની કંપનીને આનાથી આર્થિક લાભ થાય એમ છે. ગડકરીએ સોશિયલ મીડિયા પર થઈ રહેલા આ દુપ્રચાર બાબતે અદાલતમાં ધા નાખી છે. જો કે, હાલના અનુભવો પરથી સરકારે આ મોરચે ધીમી ધારે આગળ વધવાનો વિકલ્પ રાખવો આવશ્યક છે.

## ૧ ઓગસ્ટથી તત્કાલ ટિકિટ માટે ટોકન સિસ્ટમ અમલમા

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,તા.૨૮ : ભારતીય રેલવેએ તત્કાલ ટિકિટ બુકિંગ પ્રક્રિયાને વધુ સુવ્યવસ્થિત અને પારદર્શક બનાવવા માટે મહત્વપૂર્ણ ફેરફાર કર્યો છે. ૧ ઓગસ્ટ, ૨૦૨૬થી તત્કાલ ટિકિટ માટે નવી ટોકન સિસ્ટમ અમલમાં મૂકવામાં આવશે.

આ વ્યવસ્થાથી મુસાફરોને હવે વહેલી સવારથી રિઝર્વેશન કાઉન્ટર પર લાંબી લાઇનમાં ઊભા રહેવાની જરૂર નહીં પડે. નિર્ધારિત સમય મુજબ ટોકન મેળવી મુસાફરો પોતાના સમય પર કાઉન્ટર પર પહોંચી ટિકિટ બુક કરાવી શકશે. રેલવેના જણાવ્યા મુજબ, શરૂઆતમાં આ નવી વ્યવસ્થા વેસ્ટ સેન્ટ્રલ રેલવેના સ્ટેશનો પર અમલમાં મૂકવામાં આવશે. ટોકન સિસ્ટમનો મુખ્ય હેતુ રિઝર્વેશન કાઉન્ટર પરની ભીડ ઘટાડવાનો, મુસાફરોનો સમય બચાવવાનો અને તત્કાલ ટિકિટ બુકિંગ પ્રક્રિયાને વધુ વ્યવસ્થિત બનાવવાનો છે.નવી વ્યવસ્થા હેઠળ AC તત્કાલ ટિકિટ માટે ટોકન સવારે ૮:૩૦થી ૯:૦૦ વાગ્યા વચ્ચે આપવામાં આવશે, જ્યારે નોન-AC તત્કાલ ટિકિટ માટે ટોકન ૯:૦૦થી ૯:૩૦ વાગ્યા દરમિયાન આપવામાં આવશે. ટોકન પર દર્શાવેલા સમય મુજબ મુસાફરો કાઉન્ટર પર પહોંચી ટિકિટ બુક કરાવી શકશે. આથી કલાકો સુધી લાઇનમાં ઊભા રહેવાની મુશ્કેલી દૂર થશે.

## E20 નીતિ અંગેના ખોટા દાવાઓ સામે નિતિન ગડકરીની કાયદાકીય જંગ






(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ,તા.૨૮ : કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નિતિન ગડકરીને ઈ૨૦ (ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ) નીતિ અંગે સોશિયલ મીડિયા પર પ્રસારિત થતા કથિત ડીપફેક અને ભ્રામક કન્ટેન્ટ સામે કાયદાકીય કાર્યવાહી કરવા માટે બોમ્બે હાઈકોર્ટ તરફથી મંજૂરી મળી છે.
ગડકરીએ પોતાની અરજીમાં દાવો કર્યો છે કે સોશિયલ મીડિયા અને અન્ય ઓનલાઈન પ્લેટફોર્મ્સ પર તેમના તથા તેમના પરિવારને ઈ૨૦ નીતિથી આર્થિક લાભ થતો હોવાના ખોટા અને માનહાનિકારક દાવાઓ પ્રસારિત કરવામાં આવી રહ્યા છે.અરજીમાં જણાવાયું છે કે ઈ૨૦ ઈથેનોલ બ્લેન્ડિંગ કાર્યક્રમનો અમલ કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના અધિકારક્ષેત્ર હેઠળ આવે છે, જ્યારે નિતિન ગડકરીનું મંત્રાલય માર્ગ પરિવહન અને રાજમાર્ગ વિભાગ સંભાળે છે. તેથી આ નીતિ સાથે તેમને વ્યક્તિગત રીતે જોડતા દાવાઓ તથ્યવિહીન હોવાનું રજૂ કરવામાં આવ્યું છે. ગડકરીની નાગપુર સ્થિત કચેરીએ અગાઉ પણ સ્પષ્ટતા કરી હતી કે ઈ૨૦ ઈથેનોલ બ્લેન્ડિંગ નીતિનો નિર્ણય સમગ્ર કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા લેવામાં આવ્યો હતો અને તેનો કોઈ વ્યક્તિગત લાભ કે સંબંધ ગડકરી અથવા તેમના પરિવાર સાથે નથી.

## ગુનાહિત કેસ ન હોય તેવા વિદ્યાર્થીઓને મુક્ત કરોશે: સુપ્રીમ

(જી.એન.એસ) તા. ૨૮
નવી દિલ્હી, મંગળવારે એક મોટા અને મહત્વપૂર્ણ આદેશમાં, સુપ્રીમ કોર્ટે કોકરોચ જનતા પાર્ટી (ઝત્ન) ની આગેવાની હેઠળના રાષ્ટ્રવ્યાપી વિરોધ પ્રદર્શન દરમિયાન અટકાયતમાં લેવામાં આવેલા અથવા ધરપકડ કરાયેલા તમામ વિદ્યાર્થીઓને તાત્કાલિક મુક્ત કરવાનો નિર્દેશ આપ્યો, જો તેમનો અગાઉ કોઈ ગુનાહિત રેકોર્ડ ન હોય. સુપ્રીમ કોર્ટે વધુમાં સ્પષ્ટ કર્યું કે જેમની પાસે અગાઉ કોઈ ગુનાહિત કેસ નથી પરંતુ ફક્ત વિરોધ પ્રદર્શનના સંદર્ભમાં જ તેમની સામે કેસ દાખલ કરવામાં આવ્યો છે તેમની સામે કોઈ જબરદસ્તી કાર્યવાહી થવી જોઈએ નહીં.દ્નઈઈ વિરોધ પ્રદર્શન દરમિયાન થયેલી હિંસા સંબંધિત અરજીઓની સુનાવણી કરતી વખતે, સુપ્રીમ કોર્ટે નોંધ્યું કે આરોપોએ બંધારણની કલમ ૧૯ અને ૨૧ હેઠળ ગેરંટીકૃત મૂળભૂત અધિકારોના ઉલ્લંઘન અંગે ગંભીર ચિંતાઓ ઉભી કરી છે. કોર્ટે અવલોકન કર્યું કે દિલ્હીના જંતર-મંતર પર પ્રદર્શન દરમિયાન શરૂ થયેલી અને બાદમાં મધ્યપ્રદેશ અને બિહાર સહિતના રાજ્યોમાં ફેલાઈ ગયેલી ઘટનાઓમાં કાયદા અમલીકરણ એજન્સીઓ દ્વારા વધુ પડતા બળનો ઉપયોગ કરવાનો આરોપ હતો.

અરજીઓમાં પેલેટ ગનનો ઉપયોગ કરવાનો આરોપ છેઅરજદારોએ કોર્ટને જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ કથિત દ્નઈઈ પેપર લીક સામે શાંતિપૂર્ણ રીતે વિરોધ કરવા માટે ભેગા થયા હતા પરંતુ પોલીસ કર્મચારીઓ દ્વારા કથિત રીતે વધુ પડતા બળનો ભોગ બન્યા હતા. અરજીઓ અનુસાર, બળપ્રયોગમાં લાઠીચાર્જ, પેલેટ ગન અને ટીયર ગેસનો સમાવેશ થતો હતો. અરજીઓમાં રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ (દ્નઝ) માં પોલીસ પર પ્રદર્શનકારીઓ સામે અપ્રમાણસર બળપ્રયોગ કરવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો તેવી ઘણી ઘટનાઓનો પણ રેકોર્ડ રાખવામાં આવ્યો હતો.

સુપ્રીમ કોર્ટ સમક્ષ ગંભીર આરોપો પ્રકાશિત થયા

સુપ્રીમ કોર્ટે નોંધ્યું હતું કે અરજીઓમાં વિરોધ પ્રદર્શન દરમિયાન બળપ્રયોગના કથિત અનેક બનાવોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. કોર્ટ સમક્ષ મૂકવામાં આવેલા આરોપોમાં આનો સમાવેશ થાય છે:

પેલેટ ગનનો કથિત રીતે ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેના કારણે ઘણા નાના વિદ્યાર્થીઓ ઘાયલ થયા હતા. એક વિદ્યાર્થીએ એક આંખમાં દ્રષ્ટિ ગુમાવી દીધી હોવાના અહેવાલ છે.રબરની ગોળીઓના કારણે ઘણા વિરોધીઓ ઘાયલ થયા હોવાના અહેવાલ છે.

ટોળાને વિખેરવા માટે ઇલેક્ટ્રિક બેટનનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાના અહેવાલ છે.

નખ લગાવેલા લાઠીઓનો કથિત રીતે ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેના પરિણામે કાયમી અપંગતા અને કેટલાક કિસ્સાઓમાં જીવલેણ ઈજાઓ થઈ હતી.

## હાલની સ્થિતિ ઈમરજન્સી કરતાં પણ ખરાબ :અખિલેશ યાદવ



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,તા.૨૮ : લોકસભામાં પબ્લિક એક્ઝામિનેશન્સ (પ્રિવેન્શન ઓફ અનફેર મીન્સ) સુધારા બિલ-૨૦૨૬ પર ચર્ચા દરમિયાન સમાજવાદી પાર્ટીના પ્રમુખ અને કન્નૌજના સાંસદ અખિલેશ યાદવે કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે દેશની શિક્ષણ વ્યવસ્થા, નેશનલ ટેસ્ટિંગ એજન્સી અને સતત સામે આવી રહેલા પેપર લીકના બનાવોને લઈને સરકારની કાર્યશૈલી પર ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. અખિલેશે કહ્યું કે માત્ર કડક કાયદો લાવવાથી સમસ્યાનો ઉકેલ નહીં આવે, પરંતુ પરીક્ષા પ્રણાલીમાં પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવી પણ એટલી જ જરૂરી છે.ચર્ચા દરમિયાન અખિલેશ યાદવે રામ મંદિરનો ઉલ્લેખ કરતાં સરકાર પર કટાક્ષ કર્યો હતો. તેમણે કહ્યું કે, "જે લોકો રામ મંદિરમાં ચઢાવાની ચોરી રોકી શકતા નથી, તેઓ દેશભરમાં પેપર લીક કેવી રીતે રોકશે?" તેમણે આરોપ લગાવ્યો કે સરકારની પ્રાથમિકતા શિક્ષણ સુધારવાની નહીં પરંતુ માત્ર રાજકીય દાવપેચ રમવાની રહી છે. ધાર્મિક સ્થળો પર થતા ગુનાઓનો ઉલ્લેખ કરીને તેમણે સરકારની કામગીરી પર પણ સવાલો ઉઠાવ્યા.

અખિલેશે સરકારી શિક્ષણ વ્યવસ્થાને લઈને પણ ચિંતા વ્યક્ત કરી હતી. તેમના દાવા મુજબ છેલ્લા કેટલાક વર્ષોમાં મોટી સંખ્યામાં પ્રાથમિક શાળાઓ બંધ કરવામાં આવી છે, જેના કારણે ગરીબ, દલિત અને પછાત વર્ગના બાળકોના શિક્ષણ પર સીધી અસર પડી છે. તેમણે NTAમાં આઉટસોર્સિંગની નીતિ પર પણ સવાલ ઉઠાવતા કહ્યું કે પરીક્ષા જેવી સંવેદનશીલ પ્રક્રિયામાં આવી વ્યવસ્થા જોખમી સાબિત થઈ શકે છે. તેમણે માંગ કરી કે NTAમાંથી હટાવવામાં આવેલા અધિકારીઓ અંગે સરકારે સ્પષ્ટ માહિતી આપવી જોઈએ.

**આસામમાં પૂરથી ભારે નુકસાન, રાહત કામગીરી માટે સરકાર સક્રિય**

## મોદીએ આસામના સાંસદો સાથે કરી સમીક્ષા બેઠક



(સંપૂર્ણ સમાચાર સેવા)
ગુવાહાટી,તા.૨૮ : આસામમાં ભયાનક પૂરની સ્થિતિ વચ્ચે રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા રાહત અને બચાવ કામગીરી તેજ કરવામાં આવી છે. રાજ્યના અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં સામાન્ય જનજીવન પ્રભાવિત થયું છે. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આસામના સાંસદો સાથે બેઠક કરી અને પૂરગ્રસ્ત વિસ્તારોની સ્થિતિ અંગે માહિતી મેળવી હતી.

વડાપ્રધાન મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા જણાવ્યું હતું કે તેમણે આસામના સાંસદો સાથે મુલાકાત કરી રાજ્યના વિવિધ ભાગોમાં સર્જાયેલી પૂર પરિસ્થિતિ અંગે ચર્ચા કરી છે. તેમણે અસરગ્રસ્ત લોકોની સુરક્ષા અને સુખાકારી માટે પ્રાર્થના કરી અને જણાવ્યું કે કેન્દ્ર સરકાર આસામ સરકાર સાથે મળીને પૂરપીડિતોની મદદ માટે સતત કાર્ય કરી રહી છે.

પૂર રાહત માટે આસામના ધારાસભ્યોએ પણ મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. રાયજોર દળ સિવાયના તમામ ધારાસભ્યોએ પૂરથી પ્રભાવિત લોકોના રાહત અને પુનર્વસન માટે પોતાનો એક મહિનાનો પગાર દાન કરવાની જાહેરાત કરી છે. વિધાનસભા અધ્યક્ષ રણજીત કુમાર દાસે જણાવ્યું કે તેઓ અને ઉપાધ્યક્ષ હબ્બે ટેરોન પણ એક મહિનાનો પગાર રાહત કાર્ય માટે આપશે. આ ઉપરાંત વિધાનસભા સચિવાલયના કર્મચારીઓ એક દિવસનો પગાર દાન કરશે.

## કુવૈત-પાક. સંરક્ષણ સંબંધોમાં નવો અધ્યાય

(સંપૂર્ણ સમાચાર સેવા)
કુવૈત,તા.૨૮ : કુવૈતે લગભગ ત્રણ વર્ષ બાદ પાકિસ્તાન સાથે થયેલા સંરક્ષણ સહયોગ કરારને સત્તાવાર મંજૂરી આપી છે. વર્ષ ૨૦૨૩માં બંને દેશો વચ્ચે હસ્તાક્ષર કરાયેલા આ કરારને હવે કુવૈતી શાહી હુકમનામા બાદ કાનૂની માન્યતા મળી છે. આ નિર્ણયથી બંને દેશો વચ્ચેના લશ્કરી અને સુરક્ષા સંબંધોને વધુ મજબૂત બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.

૧૧ જૂન, ૨૦૨૩ના રોજ થયેલા આ કરારને વિવિધ કાનૂની પ્રક્રિયાઓ પૂર્ણ થયા બાદ હવે અમલમાં મૂકવામાં આવ્યો છે. કરારનો મુખ્ય હેતુ કુવૈત અને પાકિસ્તાનની સશસ્ત્ર દળો વચ્ચે તાલીમ, સંરક્ષણ શિક્ષણ, તકનીકી સહયોગ અને વ્યૂહાત્મક સંકલનને વધુ ગાઢ બનાવવાનો છે.

કુવૈતી સરકાર દ્વારા જાહેર કરાયેલા શાહી હુકમનામા મુજબ, આ કરારમાં કુલ ૧૨ મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

તેમાં લશ્કરી તાલીમ, સંરક્ષણ સંસ્થાઓ વચ્ચે સહયોગ, સંયુક્ત અભ્યાસ, અનુભવોની આપ-લે, તકનીકી સહયોગ અને ગુપ્તચર માહિતીના આદાન-પ્રદાન જેવી બાબતોનો સમાવેશ થાય છે. સંબંધિત મંત્રાલયો અને સુરક્ષા એજન્સીઓને કરારના અમલ માટે જરૂરી કાર્યવાહી શરૂ કરવાની સૂચના આપવામાં આવી છે.

કરાર પર હસ્તાક્ષર થયા બાદ લગભગ ત્રણ વર્ષ પછી તેની સત્તાવાર મંજૂરી મળવી બંને દેશો માટે મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

ગલ્ફ ક્ષેત્રમાં બદલાતા ભૌગોલિક અને સુરક્ષા સમીકરણોને ધ્યાનમાં રાખીને કુવૈત પોતાની સંરક્ષણ ભાગીદારીને વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. બીજી તરફ,

પાકિસ્તાન લાંબા સમયથી ગલ્ફ દેશો સાથે લશ્કરી તાલીમ અને સુરક્ષા સહયોગમાં સક્રિય રહ્યું છે.

## પ્રિયંકા ગાંધીએ નવા શિક્ષણ મંત્રી પર કર્યો ગંભીર આક્ષેપ



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,તા.૨૮ : લોકસભામાં એન્ટી પેપર લીક બિલ પર ચર્ચા દરમિયાન કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી અને સત્તાપક્ષ વચ્ચે ભારે હોબાળો સર્જાયો હતો. ચર્ચા દરમિયાન પ્રિયંકા ગાંધીએ કેન્દ્ર સરકારની શિક્ષણ નીતિ, પેપર લીકના મુદ્દા અને નવા શિક્ષણ મંત્રીને લઈને આકરા પ્રહારો કર્યા હતા. તેમના નિવેદન બાદ ભાજપના સભ્યોએ કડક વિરોધ નોંધાવતા ગૃહમાં તંગદિલીનો માહોલ સર્જાયો હતો.

ચર્ચાની શરૂઆતમાં વિપક્ષની માંગને ધ્યાનમાં રાખીને લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ બિલ પર ચર્ચાનો સમય ૬ કલાકથી વધારીને ૧૦ કલાક કર્યો હતો. ત્યારબાદ ચર્ચામાં ભાગ લેતાં પ્રિયંકા ગાંધીએ આરોપ લગાવ્યો કે પેપર લીકની ઘટનાઓના કારણે દેશના કરોડો વિદ્યાર્થીઓનું ભવિષ્ય જોખમમાં મુકાયું છે, છતાં અત્યાર સુધી જવાબદારો સામે અસરકારક કાર્યવાહી થઈ નથી. તેમણે દાવો કર્યો કે સરકારની નીતિઓના કારણે શિક્ષણ વ્યવસ્થા નબળી પડી રહી છે અને યુવાનોનો વિશ્વાસ ઘટી રહ્યો છે.

પ્રિયંકા ગાંધીએ નવા શિક્ષણ મંત્રી અંગે પણ ગંભીર ટિપ્પણી કરી હતી. તેમણે આરોપ લગાવ્યો કે વડાપ્રધાને એવા વ્યક્તિને શિક્ષણ મંત્રી બનાવ્યા છે, જેમણે ગર્ભવતી બળાત્કાર પીડિતાના કેસમાં દોષિતોની મુક્તિ અંગે સંમતિ આપી હતી. આ નિવેદન બાદ ભાજપના સાંસદોએ જોરદાર વિરોધ નોંધાવ્યો હતો અને ગૃહમાં ભારે હોબાળો મચ્યો હતો. સ્થિતિ વણસતાં લોકસભાના અધ્યક્ષે દરમિયાનગીરી કરીને ગૃહમાં શાંતિ જાળવવાનો પ્રયાસ કર્યો હતો.સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુએ પ્રિયંકા ગાંધીના નિવેદન સામે વાંધો ઉઠાવતા કહ્યું કે આ પ્રકારની ટિપ્પણી નવા શિક્ષણ મંત્રીના ચારિત્ર્યહનન સમાન છે. તેમણે માંગ કરી હતી કે આ નિવેદનને સંસદના સત્તાવાર રેકોર્ડમાંથી દૂર કરવામાં આવે. સાથે જ તેમણે કહ્યું કે જો આ આરોપને સમર્થન આપતા પુરાવા રજૂ ન કરી શકાય તો પ્રિયંકા ગાંધીએ ગૃહમાં માફી માંગવી જોઈએ.

## જાપાનમાં ૭.૧ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો



(સંપૂર્ણ સમાચાર સેવા)
ટોક્યો,તા.૨૮ : જાપાનના દક્ષિણ ભાગમાં આવેલા ક્યુશુ ટાપુના કુમામોટો પ્રીફેક્ચરમાં મંગળવારે ૭.૧ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ નોંધાયો હતો. જાપાન મેટિયોરોલોજિકલ એજન્સી અનુસાર, ભૂકંપનું કેન્દ્ર સમુદ્ર સપાટીથી અંદાજે ૧૦ કિલોમીટરની ઊંડાઈએ હતું. ભૂકંપના આંચકા બાદ તટીય વિસ્તારો માટે સુનામીની ચેતવણી જાહેર કરવામાં આવી છે, જેના પગલે સ્થાનિક તંત્ર એલર્ટ મોડમાં આવી ગયું છે.અધિકારીઓએ જણાવ્યું છે કે દરિયાકાંઠાના વિસ્તારોમાં લગભગ ૧ મીટર સુધીની સુનામી લહેરો આવવાની સંભાવના છે. આથી કુમામોટો, નાગાસાકી, કાગોશિમા, ફુકુઓકા, સાગા, ઓઇતા અને મિયાઝાકી સહિતના વિસ્તારોમાં રહેતા લોકોને તાત્કાલિક ઊંચાણવાળા અને સુરક્ષિત સ્થળોએ ખસી જવા સૂચના આપવામાં આવી છે. બચાવ એજન્સીઓ અને સ્થાનિક પ્રશાસન દ્વારા સતત પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે.ભૂકંપ બાદ કેટલાક વિસ્તારોમાં લોકોમાં ગભરાટ ફેલાયો હતો, જોકે પ્રાથમિક અહેવાલો મુજબ મોટા પાયે જાનહાનિ અથવા વ્યાપક નુકસાનના સમાચાર સામે આવ્યા નથી. તંત્રે લોકોને અફવાઓથી દૂર રહી માત્ર સત્તાવાર સૂચનાઓનું પાલન કરવાની અપીલ કરી છે.જાપાન છેલ્લા કેટલાક દિવસોમાં સતત ભૂકંપના આંચકાઓનો સામનો કરી રહ્યું છે. એક અઠવાડિયામાં આ બીજી મોટી ભૂકંપીય ઘટના છે. અગાઉ પણ ઉત્તર જાપાનમાં શક્તિશાળી ભૂકંપ નોંધાયો હતો, જેમાં સદનસીબે કોઈ મોટી જાનહાનિ થઈ નહોતી.

## પીઓકેમાં વિરોધ માર્ચ દરમિયાન ૧૯ ના મોત, બે ડઝનથી વધુ ઘાયલ



(જી.એન.એસ) તા. ૨૮
રાવલકોટમાં પાકિસ્તાની સુરક્ષા દળોએ પ્રદર્શનકારીઓ પર ગોળીબાર કર્યા બાદ પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (દ્ધ) માં મોટો સંઘર્ષ થયો, જેમાં ઓછામાં ઓછા ૧૯ લોકો માર્યા ગયા અને બે ડઝનથી વધુ લોકો ઘાયલ થયા. આ ઘટના જોઈન્ટ આવામી એક્શન કમિટી (ત્નછછઝ) ના નેતૃત્વમાં એક વિરોધ કૂચ દરમિયાન બની હતી, જેણે અધિકારીઓ પર નિઃશસ્ત્ર પ્રદર્શનકારીઓ સામે વધુ પડતો બળપ્રયોગ કરવાનો આરોપ લગાવ્યો છે. સંગઠનના જણાવ્યા અનુસાર, ચિનાર ચોક પહોંચ્યા પછી વિરોધીઓ ડી-ચોક તરફ કૂચ કરી રહ્યા હતા અને મકબુલ ભટ શહીદ ચોક પર રાત માટે રોકાવાની અપેક્ષા રાખવામાં આવી હતી ત્યારે ગોળીબાર થયો.

ત્નછછઝ નો આરોપ છે કે સુરક્ષા દળોએ નિઃશસ્ત્ર પ્રદર્શનકારીઓને નિશાન બનાવ્યા એક વિડિઓ નિવેદનમાં, જોઈન્ટ આવામી એક્શન કમિટીએ દાવો કર્યો છે કે પાકિસ્તાની સુરક્ષા કર્મચારીઓએ શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓ પર ગોળીબાર કર્યો, જેના પરિણામે ભારે જાનહાનિ થઈ. "આજે, પાકિસ્તાનના સુરક્ષા દળોએ અમારા નિર્દોષ યુવાનો પર ગોળીબાર કર્યો. પરિણામે, અમારા ૧૯ યુવાનો શહીદ થયા છે. તેમાં ઉસ્માન નઝીર પણ સામેલ છે, જે ચળવળના સ્થાપક ઉમર નઝીર કાશ્મીરીના નાના ભાઈ છે. અન્ય શહીદોમાં ખૈગલા, કોટલી શહેર, તટ્ટાપાની, બાંજા-બાસપુર, છોટા ગાલા અને હવેલીના એક-એકનો સમાવેશ થાય છે. કુલ મળીને, ૧૯ લોકો શહીદ થયા છે, જેમાં અમારા બે બલૂચ મિત્રોનો પણ સમાવેશ થાય છે.

## નેપાળમાં ૧૦ વર્ષ બાદ ભારતની રૂ.૨૦૦ અને રૂ.૫૦૦ની નોટોને મંજૂરી અપાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)
કાઠમંડુ, તા.૨૮
નેપાળે ભારતીય અને નેપાળી નાગરિકોને 200 અને 500ની ભારતીય ચલણી નોટો લઈને નેપાળમાં પ્રવેશવા અથવા ત્યાંથી બહાર જવાની મંજૂરી આપી છે. આ નિર્ણય સાથે લગભગ દસ વર્ષથી લાગુ રહેલો પ્રતિબંધ સમાપ્ત થયો છે. ઉલ્લેખનીય છે કે ભારતે 2016માં નોટબંધીનો નિર્ણય લીધો ત્યારે નેપાળ સરકારે ભારતની ફક્ત રૂ. 100ની નોટને જ સ્વીકારવાની મંજૂરી આપી અન્ય રકમની ચલણી નોટો ઉપર પ્રતિબંધ ફરમાવ્યો હતો.નેપાળ રાષ્ટ્ર બેંક દ્વારા ગુરુવારે ફરીથી જાહેર કરાયેલી સૂચના મુજબ, ભારતીય અને નેપાળી નાગરિકો 9 નવેમ્બર, 2016 પછી જારી થયેલી 200 અને 500ની ભારતીય નોટો પ્રતિ વ્યક્તિ વધુમાં વધુ 25,000 સુધી વર્તમાન નિયમો અનુસાર લઈ જઈ શકે છે.

જરૂરી નિયમો બનાવ્યા બાદ આ જોગવાઈઓ 11 ફેબ્રુઆરીએ નેપાળ ગેઝેટમાં પ્રકાશિત સૂચના દ્વારા પહેલેથી જ અમલમાં મૂકવામાં આવી હતી. જોકે, નિયમોની સ્પષ્ટતા અને તેના અમલ ઉપર ફરીથી ભાર મૂકવા માટે NRBએ આ સૂચના પુનઃ જાહેર કરી છે.નવા નિયમોની સ્પષ્ટતા કરતાં NRBના પ્રવક્તા ગુરુ પ્રસાદ પૌડેલે શનિવારે જણાવ્યું કે નેપાળી નાગરિકો ભારત સિવાયના અન્ય કોઈ દેશમાંથી ભારતીય ચલણ નેપાળમાં લાવી શકશે નહીં.

## વાપી અગ્રવાલ સેવા સમિતિ દ્વારા પૂરગ્રસ્ત ગામોમાં રાહત સામગ્રીનું વિતરણ






(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૮ :** શ્રી અગ્રવાલ સેવા સમિતિ વાપી દ્વારા ૨૩ જુલાઈ, ૨૦૨૬ના રોજ ભારે વરસાદ અને પૂરના કારણે પ્રભાવિત અંકલાશના ગેથેરપંગા, પારસી પંગા, વાણીયા પંગા, નવલા પંગા, અંબાથ પંગા અને ગરુડપંગા ગામોની મુલાકાત લઈ માનવસેવાનું ઉત્તમ કાર્ય કરવામાં આવ્યું. ૨૩ જુલાઈએ આવેલા ભારે વરસાદ અને પૂરના કારણે ઉંમરગામ તાલુકાના અંકલાશ તેમજ અન્ય ગામોના અનેક ઘરોમાં ૮થી ૧૦ ફૂટ સુધી પાણી ઘૂસી જતાં ઘરવખરી, અનાજ અને દૈનિક ઉપયોગની ચીજવસ્તુઓને ભારે નુકસાન થયું હતું. અનેક પરિવારો મુશ્કેલીમાં મુકાઈ ગયા હોવાથી તેમને તાત્કાલિક સહાયની જરૂરિયાત ઉભી થઈ હતી. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વાપી ની અગ્રવાલ સેવા સમિતિ દ્વારા અસરગ્રસ્ત પરિવારોને ૧૫ કિલોની રાશન કીટ તેમજ ૪૩ બોક્સ પીવાના પાણીની બોટલોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

રાહત સામગ્રી મળતા ગામલોકોમાં રાહતની લાગણી પ્રસરી હતી.

આ સેવાકીય કાર્ય દરમિયાન કાંતિભાઈ પટેલ તથા પાંચથી છ ગામોના આગેવાનો શરૂઆતથી અંત સુધી સમિતિની સાથે રહી સમગ્ર આયોજનમાં સહયોગી બન્યા હતા. સમિતિ તરફથી સજ્જન મુરારકા, અનુજ દેવાંગા અને દેવેન્દ્ર ઝુનઝુનવાલાએ પોતાની ટીમો સાથે હાજર રહી રાહત વિતરણની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી. સ્થાનિક ગ્રામજનોએ સમિતિના આ માનવતાભર્યા પ્રયાસની પ્રશંસા વ્યક્ત કરી હતી.

## બીલીમોરા કાવેરી નદીનો પાળો તૂટયો : કાંઠા વિસ્તારમાં તારાજી

**બીલીમોરા, તા. ૨૮ :** ગત સપ્તાહે ગણદેવી તાલુકામાં થયેલી અતિવૃષ્ટિ અને પૂરની ગંભીર પરિસ્થિતિ વચ્ચે બીલીમોરા નજીક કાવેરી નદીનો રક્ષણાત્મક પાળો તૂટી જતાં ખાપરવાડા, ગોયંદી-ભાઠલા, વણગામ, બીગરી સહિત કાંઠા વિસ્તારમાં અચાનક પૂરના ભયાનક પાણી ઘૂસી આવ્યા હતા.સામાન્ય પૂર કરતાં અંદાજે ૧૦ થી ૧૨ ફૂટ જેટલું વધુ પાણી ગામોમાં ફરી વળતાં હજારો લોકોનું જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. કાવેરી નદી નાં કાંઠા વિસ્તાર નાં સ્થાનિક રહીશોમાં ઉગ્ર રોષ સાથે એવી ગંભીર રજૂઆતો થઈ રહી છે કે કાવેરી નદીના આ પાળાનું અંદાજે ૩૦૦ ફૂટથી વધુનું બાંધકામ લાંબા સમયથી અધૂરું રાખવામાં આવ્યું હતું. આ કારણે આ ભાગનો પાળો નીચો અને કાચો રહી ગયો હતો. વાઘરેચ ટાઈડલ ડેમના કારણે પાણીનો આશરે ૧૦ ફૂટ જેટલો બેકવોટર (પાછળનો ધસારો) રહેતા પાછળના ગામો પર પાણીનું દબાણ વધ્યું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ ઘટના સંદર્ભે ખાપરવાડા ગામના માજી સરપંચ અશોકભાઈ પટેલ એ ગણદેવી મામલતદાર અને તાલુકા



વિકાસ અધિકારી ને લેખિત રજૂઆત કરી કાયદેસરની કડક કાર્યવાહીની માગ કરી છે. જેમાં ૩૦૦ ફૂટથી વધુ બાકી રહેલા પાળાના કામનું કારણ, મંજૂર એસ્ટીમેટ, કામગીરી અને દેખરેખ અંગેની ઉચ્ચસ્તરીય ટેકનિકલ તપાસ ની માંગ કરાઈ છે. પાળો તૂટવાના વાસ્તવિક કારણો, ચેકડેમ અને નદીના વહેણ, ઊંડાઈ અંગે સ્વતંત્ર નિષ્ણાત સમિતિ દ્વારા તપાસ કરી અહેવાલ જાહેર કરવા તેમજ કન્ટ્રાક્ટર, બાંધકામ એજન્સી, દેખરેખ અધિકારી કે વિભાગની બેદરકારી અથવા નિયમભંગ જણાય તો તેમની સામે કડક કાયદેસરનાં પગલાં લેવા માંગ પોકારી હતી. કાંઠા વિસ્તારના તમામ અસરગ્રસ્ત ગામોમાં થયેલા નુકસાનનું વૈજ્ઞાનિક સર્વેક્ષણ કરી અસરગ્રસ્તોને યોગ્ય વળતર અને રાહત સામગ્રી પૂરી પાડવામાં આવે, બાકી રહેલું કામ તાત્કાલિક પૂર્ણ કરી ભવિષ્યમાં આવી હોનારત ફરી ન બને તે માટે કાયમી સુરક્ષાનાં પગલાં લેવા મામલે તંત્ર દ્વારા સમયબદ્ધ અને નિષ્પક્ષ તપાસ કરી પૂરપીડિતોને સત્વરે ન્યાય અને રાહત આપવામાં આવે તેવી માંગ કરી છે.

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY OLD NAME FROM **ASHISH KUMAR MISHRA** TO **ASHISH KUMAR ADYA PRASAD** AS PER DOCUMENT
**SD : ASHISH KUMAR ADYA PRASAD**

**CHANGE OF NAME**

I have changed Old Name FROM **NAYANKUMAR DEVRAMBHAI PATEL** TO New Name **NAYANKUMAR DEVRAMBHAI CHHABHAIYA** & I WILL BE KNOWN AS NEW NAME WHICH PLEASE NOTE.
**SD : NAYANKUMAR DEVRAMBHAI CHHABHAIYA**
ADDRESS: - Ramnagar, Samroli, Chikhli, Ta. Chikhli, Dist. Navsari,

**No.MAM/KNVL/RBD-DNH/183/2026/965** **Dated: 14/07/2026**

**APPLICANT - SHRI YESUDAS LAXMAN MAHALA,**
**R/o. CHC Cemp, Khanvel, Khutali, DNH.**
**Mob.: 9904074442/7203041501**
**V/S**
**OPPONENTS - Registrar of Birth & Death, Kauncha.**
**PUBLIC NOTICE**

The public to take note that applicant Shri Yesudar Laxman Mahala, R/o. CHC Cemp, Khanvel, Khutali, DNH, has submitted an application dated 15/06/2026 seeking registration of date of death of his grandfather namely Bhikhal Mahala, S/o. Kakdi Ranu Mahala, who died on 15/02/1974 at Village Kauncha, Chikhalipada, DNH, as the above said Death was inadvertently not registered in the records of Registrar of Births and Deaths, Kauncha.

Therefore, the applicant has requested to issue an order to register the death of Bhikhal Mahala, S/o. Kakdi Ranu Mahala.

Any person having an objection or complaint in respect of this application shall submit a written objection to the Office of the Executive Magistrate, Khanvel within 30 days from the date of publication of this notice. If no objection/complaint is received, the Executive Magistrate, Khanvel will pass necessary order accordingly.

This notice is issued with prior approval of Executive Magistrate, Khanvel.

**Sd/-**
**Circle Inspector (K)**
**DNH, Khanvel.**

**No.MAM/KNVL/RBD-DNH/175/2026/798** **Dated: 20/06/2026**

**APPLICANT - SMT. BIYA MULYA KAMBDI,**
**R/o. Kambadipada, Dabhadi, Kinhawali,**
**Palghar, Maharashtra**
**V/S**
**OPPONENTS - Registrar of Birth & Death, Rudana.**
**PUBLIC NOTICE**

The public to take note that applicant Smt. Biya Mulya Kambdi, R/o. Kambadipada, Dabhadi, Kinhawali Palghar, Maharashtra, has submitted an application dated 05/05/2026 seeking registration of date of death of her father namely Sonji Sitra Gavit, S/o. Bayji Sonji Gavit, who died on 12/08/1995 at Parsipada, Talavali, DNH, as the above said Death was inadvertently not registered in the records of Registrar of Births and Deaths, Rudana.

Therefore, the applicant has requested to issue an order to register the death of Sonji Sitra Gavit, S/o. Bayji Sonji Gavit, S/o. Bayji Sonji Gavit.

Any person having an objection or complaint in respect of this application shall submit a written objection to the Office of the Executive Magistrate, Khanvel within 30 days from the date of publication of this notice. If no objection/complaint is received, the Executive Magistrate, Khanvel will pass necessary order accordingly.

This notice is issued with prior approval of Executive Magistrate, Khanvel.

**Sd/-**
**Circle Inspector (K)**
**DNH, Khanvel.**

## શેર સર્ટીફીકેટ ગુમ થયેલ છે

આથી હું **કૃપા જગદીશ ઓઝા**, રહે. ફલેટ નં.ઈ/૪૦૨, સન રેસીડન્સી, પ્રમુખ રેસીડન્સીની સામે, વાપી-દમણ રોડ, ચલા, વાપી, તા.વાપી, જી.વલસાડ જણાવું છું કે મે બેંક ઓફ બરોડા ભીમપોર દમણ શાખામાંથી ઓકસનથી સન રેસીડન્સીનો ફલેટ ખરીદ્યો હતો જેનો **શેર સર્ટીફીકેટ નં.૨૧૧ થી ૨૧૫** નોંધાયેલ છે. સદરહું શેર સર્ટીફિકેટની માંગણી કરતા બેંક ઓફ બરોડા, ભીમપોર, દમણનાઓએ અમોને જણાવેલ કે અમારી બેંકમાં શેર સર્ટીફીકેટ ઉપલબ્ધ નથી અને સન રેસીડન્સીના રેકર્ડ દફતરે અમારું નામ ટ્રાન્સફર કરવા ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટની જરૂર હોય અને જે માટે અમોએ બેંક પાસે નવા શેર સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જે કોઈને વાંધો હોય તો નીચે આપેલ સરનામે સપંર્ક કરવો.

**લિ. કૃપા જગદીશ ઓઝા**

રહે. ફલેટ નં.ઈ/૪૦૨, સન રેસીડન્સી, પ્રમુખ રેસીડન્સીની સામે, વાપી-દમણ રોડ, ચલા, વાપી, તા.વાપી, જી.વલસાડ

**સંઘ પ્રદેશ દા.ન.હ. તથા દ.દી. પ્રશાસન, શિક્ષણ નિયામકની કચેરી, દમણ - ૩૯૬૨૨૦**

**જાહેર નોટિસ ક્રમાંક DE/ADM/RTE/Draft Rules/2026-27/2682 તારીખ ૨૭-૦૭-૨૦૨૬ દ્વારા તમામ હિતધારકો પાસેથી સૂચનો અને પ્રતિસાદો આમંત્રિત છે.**

**બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર (RTE) અધિનિયમ, ૨૦૦૯ની કલમ ૧૨(૧)(c) હેઠળ શાળાઓમાં પ્રવેશ માટેની પદ્ધતિ અને રીત નિર્ધારિત કરતા મુસદ્દા RTE (સુધારા) નિયમો અંગે.**

**NO.: IP/DMN/2/5/2026-27/354** **DATED : 28/07/2026**

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ
સેલવાસ નગર પાલિકા
નિવિદા આમંત્રણ સુચના

કાર્ય નું નામ: સિલવાસાના શાહિદ ચોક ખાતે વાપી કોર્નર તરફ ફેન્સિંગ વિસ્તારનું બ્યુટિફિકેશન.

| | |
|---|---|
| ટેન્ડર સૂચના નં. | ૧૨ of ૨૦૨૬-૨૭ |
| ટેન્ડર ID | 2026_UTDNH_8173_1 |
| દસ્તાવેજ ડાઉનલોડ પ્રારંભ તારીખ | ૨૭/૦૭/૨૦૨૬ ૧૮.૦૦ વાગ્યે |
| પ્રિ-બિડ મીટિંગ ની તારીખ | ----Nil---- |
| બિડ/અપલોડ કરવા માટેની છેલ્લી તારીખ અને સમય | ૦૩/૦૮/૨૦૨૬ ૧૫.૦૦ વાગ્યે |
| બિડ ઓનલાઇન ખુલવાની તારીખ | ૦૩/૦૮/૨૦૨૬ ૧૫.૦૦ વાગ્યે |

વિગતો માટે કૃપા કરીને સ્કેન કરો

Web Site : https://dnhtenders.gov.in
Mail ID: silvassamunicipalcouncil.com
Phone No. 0260-2633193
Mo. No.: +91 8347472611
કોઈપણ અન્ય વિગતો:

મુખ્ય અધિકારી, સેલવાસ નગર પાલિકા, દાદરા અને નગર હવેલી, સેલવાસ

**NO.: IP/DMN/2/5/2026-27/355** **DATED : 28/07/2026**

**No.MAM/KNVL/RBD-DNH/177/2026/796** **Dated: 20/06/2026**

**APPLICANT - SHRI DEVJI DHARMA SATIYA,**
**R/o. Vanganpada, Khutli,**
**Mob.: 9824095846**
**V/S**
**OPPONENTS - Registrar of Birth & Death, Khanvel**
**PUBLIC NOTICE**

The public to take note that applicant Shri Devji Dharma Satiya, R/o. Vanganpada, Khutli, DNH, has submitted an application dated 05/05/2026 seeking registration of date of death of his brother namely Jayram Dharma Satiya, S/o. Giraji Dharma Satiya, who died on 11/03/1998 at Vanganpada, Khutli, DNH, as the above said Death was inadvertently not registered in the records of Registrar of Births and Deaths, Khanvel.

Therefore, the applicant has requested to issue an order to register the death of Shri Jayram Dharma Satiya, S/o. Giraji Dharma Satiya.

Any person having an objection or complaint in respect of this application shall submit a written objection to the Office of the Executive Magistrate, Khanvel within 30 days from the date of publication of this notice. If no objection/complaint is received, the Executive Magistrate, Khanvel will pass necessary order accordingly.

This notice is issued with prior approval of Executive Magistrate, Khanvel.

**Sd/-**
**Circle Inspector (K)**
**DNH, Khanvel.**

**No.MAM/KNVL/RBD-DNH/174/2026/799** **Dated: 20/06/2026**

**APPLICANT - SHRI LAXIBHAI GOPJIBHAI KUNVARA,**
**R/o. Chimbadpada, Rudana, DNH.**
**Mob.: 6352339867, 9723485278.**
**V/S**
**OPPONENTS - Registrar of Birth & Death, Rudana.**
**PUBLIC NOTICE**

The public to take note that applicant Shri Laxibhai Gopjibhai Kunvara, R/o. Chimbadpada, Rudana, DNH, has submitted an application dated 05/05/2026 seeking registration of date of death of his mother namely Jamni Gopjibhai Kunvara, D/o. Lahanu Vartha, who died on 23/12/1997 at Chimbadpada, Rudana, DNH, as the above said Death was inadvertently not registered in the records of Registrar of Births and Deaths, Rudana.

Therefore, the applicant has requested to issue an order to register the death of Jamni Gopjibhai Kunvara, D/o. Lahanu Vartha, Any person having an objection or complaint in respect of this application shall submit a written objection to the Office of the Executive Magistrate, Khanvel within 30 days from the date of publication of this notice. If no objection/complaint is received, the Executive Magistrate,

Khanvel will pass necessary order accordingly. This notice is issued with prior approval of Executive Magistrate, Khanvel.

**Sd/-**
**Circle Inspector (K)**
**DNH, Khanvel.**

**જાહેર નોટીસ**

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

**જન્મ-મરણ કેસ નં.૧૨૯/૨૦૨૬**

**અરજદાર : કનૈયાભાઈ નગીનભાઈ પટેલ**
સુથાર ફળિયા, નેવરી, તા.નાનાપોંઢા, જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને**
**તલાટી કમ મંત્રીશ્રી, નેવરી, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **ગોમતીબેન નગીનભાઈ પટેલનું** મરણ તા.૦૯/૦૪/૨૦૦૯ના રોજ મોજે નેવરી, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત નેવરીના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત નેવરીને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી નેવરી ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહિ/-**
**(એન.ઝેડ. ચૌરા)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા**
**તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જાહેર નોટીસ**

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

**જન્મ-મરણ કેસ નં.૧૪૧/૨૦૨૬**

**અરજદાર : વિરલભાઈ સુભાષભાઈ વાઢુ**
બરડા ફળિયા, આમધા, તા.નાનાપોંઢા, જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને**
**તલાટી કમ મંત્રીશ્રી, મોટીવહીયાળ, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **પ્રાચીબેન વિરલભાઈ વાઢુનો** જન્મ તા.૨૭/૦૮/૨૦૨૫ના રોજ મોજે મોટીવહીયાળ, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના જન્મની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત મોટીવહીયાળના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત મોટીવહીયાળને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી મોટીવહીયાળ ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહિ/-**
**(એન.ઝેડ. ચૌરા)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા**
**તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જાહેર નોટીસ**

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

**જન્મ-મરણ કેસ નં.૯૦/૨૦૨૬**

**અરજદાર : ગમનભાઈ વાનજીભાઈ પટેલ**
નાનાપોંઢા, તા.નાનાપોંઢા, જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને**
**તલાટી કમ મંત્રીશ્રી, નાનાપોંઢા, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **કાળીદાભાઈ નાવજીભાઈ ભીંસરાનું** મરણ તા.૦૨/૦૩/૧૯૮૫ના રોજ મોજે નાનાપોંઢા, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત નાનાપોંઢાના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત નાનાપોંઢાને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી નાનાપોંઢા ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહિ/-**
**(એન.ઝેડ. ચૌરા)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા**
**તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જાહેર નોટીસ / સમન્સ**

**નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, વાંસદાની કોર્ટમાં**

**જન્મ-મરણ નોંધણી અરજી નં.૧૬૮/૨૦૨૬**

**અરજદાર : ગુલાબભાઈ લીમજીભાઈ પટેલ**
**રહે.** બહેજ, કુતિખડક
તા.ખેરગામ જી.નવસારી
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, બહેજ**
**તા.ખેરગામ જી.નવસારી**

આ કામના અરજદારશ્રી **ગુલાબભાઈ લીમજીભાઈ પટેલ** રહે. બહેજ, કુતિખડક, તા. ખેરગામ જી.નવસારીએ તેમના પુત્રી **જયાબેન ગુલાબભાઈ પટેલ**નો જન્મ મોજે, બહેજ, તા.ખેરગામ જી.નવસારી મુકામે તા.૦૧/૦૬/૧૯૭૨ના રોજ થયેલ હોવાનું જણાવી તેમના જન્મની નોંધણી સામાવાળા સમક્ષ થયેલ નહી હોવાથી સામાવાળાને નોંધણી કરવા હુકમ મેળવવા બાબતે આધાર પુરાવા સહિત અત્રે અરજ ગુજારેલી છે. સબબ આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ / સમન્સથી જાણ કરવામાં આવે છે, કે સદર કામે અરજદારની અરજી સામે કોઈના કોઈ પણ જાતના વાંધા વિરોધ અગર તકરાર હોઈ તો તે રજુ કરવા આ નોટીસની પ્રસિધ્ધિ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં કચેરી સમય દરમ્યાન જાતે અથવા યોગ્ય રીતે માહિતગાર વકીલ મારફતે આધાર પુરાવા સાથે લેખિત રજુઆત સહિત હાજર થઈ રજુ કરવું. નિર્દિષ્ટ સમયમર્યાદામાં કોઈ વાંધા રજુ કરવામાં નહી આવશે તો અરજી સંદર્ભે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**તા.૨૦/૦૭/૨૦૨૬**
**સ્થળ : વાંસદા**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**(બી.એલ. માહલા)**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વાંસદા**

**જાહેર નોટીસ / સમન્સ**

**નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, વાંસદાની કોર્ટમાં**

**જન્મ-મરણ નોંધણી અરજી નં.૧૯૮/૨૦૨૬**

**અરજદાર : પુષ્પાબેન ઈશ્વરલાલ પારેખ**
**રહે.** ખેરગામ, બજાર રોડ
તા.ખેરગામ જી.નવસારી
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ખેરગામ**
**તા.ખેરગામ જી.નવસારી**

આ કામના અરજદારશ્રી **પુષ્પાબેન ઈશ્વરલાલ પારેખ** રહે. ખેરગામ, બજાર રોડ, તા. ખેરગામ જી.નવસારીએ તેમના પુત્રી **ભાવનાબેન ઈશ્વરભાઈ પારેખ**નો જન્મ મોજે, ખેરગામ, તા.ખેરગામ જી.નવસારી મુકામે તા.૧૪/૧૨/૧૯૭૪ના રોજ થયેલ હોવાનું જણાવી તેમના જન્મની નોંધણી સામાવાળા સમક્ષ થયેલ નહી હોવાથી સામાવાળાને નોંધણી કરવા હુકમ મેળવવા બાબતે આધાર પુરાવા સહિત અત્રે અરજ ગુજારેલી છે. સબબ આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ / સમન્સથી જાણ કરવામાં આવે છે, કે સદર કામે અરજદારની અરજી સામે કોઈના કોઈ પણ જાતના વાંધા વિરોધ અગર તકરાર હોઈ તો તે રજુ કરવા આ નોટીસની પ્રસિધ્ધિ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં કચેરી સમય દરમ્યાન જાતે અથવા યોગ્ય રીતે માહિતગાર વકીલ મારફતે આધાર પુરાવા સાથે લેખિત રજુઆત સહિત હાજર થઈ રજુ કરવું. નિર્દિષ્ટ સમયમર્યાદામાં કોઈ વાંધા રજુ કરવામાં નહી આવશે તો અરજી સંદર્ભે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**તા.૨૦/૦૭/૨૦૨૬**
**સ્થળ : વાંસદા**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**(બી.એલ. માહલા)**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વાંસદા**

**જાહેર નોટીસ / સમન્સ**

**નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, વાંસદાની કોર્ટમાં**

**જન્મ-મરણ નોંધણી અરજી નં.૧૯૯/૨૦૨૬**

**અરજદાર : કોકિલાબેન છોટુભાઈ પટેલ**
**રહે.** ડેબરપાડા, નિશાળ ફળિયા
તા.ખેરગામ જી.નવસારી
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ડેબરપાડા**
**તા.ખેરગામ જી.નવસારી**

આ કામના અરજદારશ્રી **કોકિલાબેન છોટુભાઈ પટેલ** રહે. ડેબરપાડા, નિશાળ ફળિયા, તા.ખેરગામ જી.નવસારીએ તેમના ભાઈ **રામભાઈ છોટુભાઈ પટેલ**નો જન્મ મોજે, ડેબરપાડા, તા.ખેરગામ જી.નવસારી મુકામે તા.૦૪/૦૩/૧૯૭૦ના રોજ થયેલ હોવાનું જણાવી તેમના જન્મની નોંધણી સામાવાળા સમક્ષ થયેલ નહી હોવાથી સામાવાળાને નોંધણી કરવા હુકમ મેળવવા બાબતે આધાર પુરાવા સહિત અત્રે અરજ ગુજારેલી છે. સબબ આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ / સમન્સથી જાણ કરવામાં આવે છે, કે સદર કામે અરજદારની અરજી સામે કોઈના કોઈ પણ જાતના વાંધા વિરોધ અગર તકરાર હોઈ તો તે રજુ કરવા આ નોટીસની પ્રસિધ્ધિ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં કચેરી સમય દરમ્યાન જાતે અથવા યોગ્ય રીતે માહિતગાર વકીલ મારફતે આધાર પુરાવા સાથે લેખિત રજુઆત સહિત હાજર થઈ રજુ કરવું. નિર્દિષ્ટ સમયમર્યાદામાં કોઈ વાંધા રજુ કરવામાં નહી આવશે તો અરજી સંદર્ભે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**તા.૨૦/૦૭/૨૦૨૬**
**સ્થળ : વાંસદા**

કોર્ટનો સિક્કો


**સહિ/-**
**(બી.એલ. માહલા)**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વાંસદા**


**ડિસ્કાઉન્ટ ધમાકા**
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ
લોફર શુઝ
સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસ્કાઉન્ટ
પેરાગોન, VKC, ફલાયપર, ઈબ્લુ ચપલ,સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક,
10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361






દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઇનમાં
ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઇ સાથે રૂ.5000/-
The Complete Man Raymond · dinesh SUITING · Siyaram's SHOP · DONEAR SUITINGS & SHIRTINGS · DIGJAM · NIRVAN SHIRTINGS · ICON ashima LUXURY FABRICS · Kriplon
LORD'S MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬


Jai Jalaram Bapa
Septic Tank Cleaner
ખાળ કુવાની સફાઈ
खार कुवे की सफाई
TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200

CLEAN CLUB
WATER TANK CLEANNIG SERVICE
પાણીની ટાંકીની સફાઈ
SERVICE PROVIDING AREAS
SURAT, NAVSARI, VALSAD, PARDI, VAPI, DNH, DAMAN
BEFORE AFTER
એક્સપર્ટ ટીમ | ૧૦૦% સુરક્ષિત સફાઈ | બેક્ટેરિયા મુક્ત | ઘર અને બિલ્ડિંગ માટે
7227996752

Wednesday 29, July 2026

# દમણગંગા ટાઇમ્સ

દમણગંગા ટાઇમ્સ
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
મુખ્ય કાર્યાલય
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

## નારવડ ગામે આરટીઓની ગાડી અકસ્માત, ઉઘરાણીના આક્ષેપો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીવલ તા.૨૮ :** વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના નારવડ ગામે વહેલી સવારે વલસાડ આરટીઓ વિભાગની એક સરકારી ગાડી અકસ્માતનો ભોગ બનતાં સમગ્ર વિસ્તારમાં ચર્ચા જાગી છે. સ્થાનિક સ્તરે મળતી માહિતી મુજબ આરટીઓની ટીમ નેશનલ હાઈવે પરથી અંદરના વિસ્તારમાં પ્રવેશી કોઈ વાહનનો પીછો કરી રહી હતી, તે દરમિયાન નારવડ ગામ નજીક અકસ્માત સર્જાયો હોવાનું જાણવા મળ્યું છે. જોકે અકસ્માતનું ચોક્કસ કારણ અને સત્તાવાર વિગતો હજુ જાહેર કરવામાં આવી નથી.

આ ઘટનાની સાથે સ્થાનિકોમાં આરટીઓની કામગીરી અંગે પણ અનેક સવાલો ઉઠ્યા છે. કેટલાક લોકોનો આક્ષેપ છે કે રાજ્ય સરકારે પરંપરાગત આરટીઓ ચેકપોસ્ટો બંધ કર્યા બાદ પણ વલસાડ જિલ્લામાં આશરે ૪૦ જેટલા વાહનો દ્વારા ચેકિંગની કામગીરી ચાલુ રાખવામાં આવે છે. ગ્રામ્ય વિસ્તારોમાં દિવસ-રાત વાહનો રોકી તપાસ કરવામાં આવતી હોવાના પણ આક્ષેપો થઈ રહ્યા છે.

સ્થાનિક સ્તરે એવી પણ ચર્ચા છે કે કપરાડા અને નાનાપોઢા વિસ્તારમાં કેટલાક લોકો મારફતે વાહનચાલકો પાસેથી નિયમિત ઉઘરાણી કરવામાં આવે છે. નાના-મોટા ટ્રકો પાસેથી ૨,૫૦૦થી ૩,૫૦૦ સુધીની રકમ લેવામાં આવતી હોવાના તેમજ એક વ્યક્તિ દ્વારા દર મહિને લાખો રૂપિયાની વસુલાત અધિકારીઓ સુધી પહોંચાડવામાં આવતી હોવાના ગંભીર આક્ષેપો પણ કરવામાં આવ્યા છે. જોકે આ દાવાઓની કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી.

વાહન વ્યવસાય સાથે સંકળાયેલા લોકોનું કહેવું છે કે ખાણ-ખનીજ અને વાહન પરિવહન ક્ષેત્રના વેપારીઓ સતત દબાણ અને તપાસથી પરેશાન છે. સમગ્ર મામલે વલસાડ જિલ્લા કલેક્ટર દ્વારા ગંભીર નોંધ લઈ અકસ્માત તેમજ ઉઠેલા આક્ષેપોની નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તેવી સ્થાનિકોમાં માંગ ઉઠી છે. અધિકૃત તપાસ બાદ જ સમગ્ર ઘટનાની હકીકત સ્પષ્ટ થઈ શકશે.

### આરટીઓમાંથી બોલું છું, ફોર્ચ્યુનર પકડાઈ છે કહી

## વાપી મનપાના હોદ્દેદાર પાસે ૫ હજારની માંગણી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૮ :** વાપીમાં સરકારી અધિકારી બનીને લોકોને ડરાવીને પૈસા પડાવતી ઠગ ટોળકી ફરી સક્રિય થઈ છે. વાપી મહાનગરપાલિકાના એક વરિષ્ઠ હોદ્દેદારને ફોન કરીને તેમની ફોર્ચ્યુનર કાર પકડાઈ હોવાનું કહી ૫ હજાર રૂપિયાની માંગણી કરવાનો બનાવ બન્યો છે.

મળતી માહિતી મુજબ, મંગળવારે વાપી મનપાના હોદ્દેદારના મોબાઈલ પર એક અજાણ્યા નંબરથી ફોન આવ્યો હતો. સામેથી બોલનાર ઈસમે પોતાની ઓળખ આરટીઓ અધિકારી તરીકે આપીને કહ્યું કે સાહેબ તમારી ફોર્ચ્યુનર કાર અમારા હાથમાં પકડાઈ છે. તે છોડાવવી હોય તો તાત્કાલિક ૫ હજાર રૂપિયા આપવા પડશે, નહીં તો કાર જપ્ત કરી લેવામાં આવશે.

જોકે ફોન આવ્યો તે સમયે હોદ્દેદાર પોતે જ પોતાની ફોર્ચ્યુનર કારમાં બેઠા હતા. ઠગની વાત સાંભળીને તેમને તરત જ શંકા ગઈ. તેમણે ઠગ ઈસમને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે જે કરવું હોય તે કરી લે.

હોદ્દેદારના આ જવાબ બાદ સામેથી ફોન કરનાર ઠગ ગભરાઈ ગયો હતો અને ત્યારબાદ તેણે ફરી ક્યારેય ફોન કર્યો ન હતો. આવા ઠગ ઈસમોથી નાગરિકો એ સાવચેત રહેવાની જરૂર છે,આરટીઓ, પોલીસ કે અન્ય કોઈપણ સરકારી વિભાગના નામે ફોન કરીને પૈસાની માંગણી થાય તો તરત જ પોલીસનો સંપર્ક કરવો.

## તીઘરામાં કાર અડફટે ઘવાયેલા બાળકનું અંતે મોત




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૨૮ :** પારડી તાલુકાના તીઘરા ગામે પુરઝડપે આવતી વોક્સવેગન ટાયગન કારે ૧ વર્ષના બાળકને ટક્કર મારી હતી મળતી માહિતી અનુસાર તીઘરા ગ્રામ પંચાયત નજીક દુર્ગા માતાના મંદિર સામે રોડ કિનારે માસૂમ બાળક ચંદન રમી રહ્યો હતો ત્યારે ગફલતભરી અને પુરઝડપે કારચાલક આવીકાર નંબર GJ 15 CQ 8831થી રમી રહેલા માસૂમ બાળકને અડફેટે લીધો હતો. અકસ્માત બાદ ગંભીર રીતે ઘવાયેલા બાળકને તુરંત વાપીની હરીયા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. મધ્યપ્રદેશના ઝાબુઆ જિલ્લાના વતની અને અહીં ટાઈલ્સ બેસાડવાનું મજૂરી કામ કરતા નાહટીયા તોલીયા નિનામા ના ૧ વર્ષના પુત્ર ચંદનનું કાર અકસ્માતમાં ગંભીર ઈજા થવાને કારણે મોત નિપજતા શોક નું મોજું ફરી વળ્યું હતું. પારડી પોલીસે મૃતક બાળકના પિતા નાહટીયા નિનામા રહે. મધ્યપ્રદેશ ની ફરિયાદના આધારે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અકસ્માત સર્જનાર કાર ચાલક મહિલા શ્રીજાબેન કેયુરભાઈ પટેલ રહે. કુંતા વાપી વિરુદ્ધ પારડી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

## વાપીની વૃધ્ધાને ઠગી ઘરેથી દાગીના સેરવી મહિલા ફરાર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૮ :** વાપીમાં ફરી એકવાર સરકારી અધિકારી બનવાના બહાને વૃદ્ધ મહિલાઓને ટાર્ગેટ કરતી ઠગ ટોળકી સક્રિય થઈ છે. વાપી વોહરા મસ્જિદ લાગુ બિલ્ડિંગમાં રહેતી ૭૧ વર્ષીય વિધવા મહિલા ફરીદા તાહિર પ્રયાસ સાથે બુધવારે સવારે ઠગાઈનો બનાવ બન્યો છે.

મળતી માહિતી મુજબ, આજે સવારે પેન્ટ અને ટી-શર્ટ પહેરેલી એક અજાણી મહિલા ફરીદાબેનના પહેલા માળના ફ્લેટ પર આવી હતી. તેણે પોતાની ઓળખ નગરપાલિકામાંથી આવતી હોવાનું આપીને વાતોમાં ભોળવી હતી.

તમે વિધવા છો એટલે સરકાર તરફથી તમને દર મહિને ૨૫૦૦ રૂપિયા મળશે. પણ તેના માટે તમારું નવું આધારકાર્ડ બનાવવું પડશે. હું તમને નગરપાલિકા ઓફિસે સાહેબ પાસે લઈ જાઉં છું તેમ કહીને ઠગ મહિલાએ ફરીદાબેનનો વિશ્વાસ જીતી લીધો.

મહિલાએ પહેલા પોતાની મુંબઈ રહેતી દીકરીને ફોન કરીને વાત કરી તો દીકરીએ ના પાડી હતી. પરંતુ ઠગ મહિલાએ સાહેબ પાસે દાગીના પહેરીને જવાનું નહીં, જે પહેર્યા છે તે કાઢી નાખો તેમ કહ્યું. જે બાદ ફરીદાબેને કાનની રિંગ અને હાથની વીંટી કાઢીને કબાટમાં મૂકવા જતાં ઠગ મહિલાએ ટીવી પાસે મૂકી દો, જલ્દી જવાનું છે તેમ કહ્યું.

ત્યારબાદ બંને ઘરને તાળું મારીને નીચે ઉતર્યા. આ દરમિયાન વૃદ્ધા મોબાઈલ ભૂલી ગયા હતા જે ઠગ મહિલા પાછી આવીને આપી ગઈ અને હું રિક્ષા લઈને આવું છું તેમ કહીને ત્યાંથી નીકળી ગઈ.

થોડી વાર બાદ જયારે ફરીદાબેન ઘરે પરત ફર્યા અને ટીવી પાસે જોયું તો તેમના મૂકેલા દાગીના ગાયબ હતા. શંકા જતા તેઓ તાત્કાલિક વાપી નગરપાલિકા કચેરીએ પહોંચ્યા. ત્યાં ખબર પડી કે નગરપાલિકા દ્વારા આ પ્રકારની કોઈ આધારકાર્ડ બનાવવાની કે ઘરે આવીને સહાય આપવાની કામગીરી થતી જ નથી. ત્યારે વૃદ્ધાને સમજાયું કે પોતે ઠગાઈનો ભોગ બન્યા છે.

હાલ આ મામલે વાપી પોલીસ મથકે કોઈ ફરિયાદ નોંધાઈ નથી. પોલીસે નાગરિકોને અપીલ કરી છે કે સરકારી યોજનાના નામે ઘરે આવનાર કોઈપણ વ્યક્તિની ઓળખપત્ર વગર વાતોમાં ન આવો અને શંકા જણાય તો તરત જ પોલીસનો સંપર્ક કરો.

## વાપીના ઘરફોડ ચોરીના આરોપીને ૬ માસ માટે તડીપાર કરાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૮ :** વલસાડ જિલ્લા એલ.સી.બી.ના એ.યુ.રોઝના માર્ગદર્શન હેઠળ ટીમે ઘરફોડ ચોરીના ગુનાઓ આચરીને પબ્લિકમાં ભયનો માહોલ ઉભો કરતા એક ઈસમને તડીપાર કર્યો છે. પકડાયેલ આરોપી જય લલીત અજુ વઘેલા, ઉ.વ. ૨૩, રહે. છીરી રામનગર તિવારીની ચાલ રૂમ નં.૦૯, તા.વાપી જી.વલસાડ, મૂળ રહે. મેમદપુર તા.વડનગર જી. બનાસકાંઠા છે. આરોપી ડેન્જર પર્સને તરીકેની છાપ ધરાવે છે. તેની વિરુદ્ધમાં નોંધાયેલ ગુનાના સા?ધનિક કાગળો એકઠા કરી તડીપાર દરખાસ્ત તૈયાર કરી સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ પારડી તરફ મોકલવામાં આવી હતી. જેમાંથી સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ પારડીએ દરખાસ્ત મંજૂર કરી સદર ઈસમને



વલસાડ જિલ્લાની હદમાંથી ૬ માસ માટે તડીપાર કરવાનો હુકમ કર્યો હતો. જેના અનુસંધાને વલસાડ એલ.સી.બી.ની ટીમ દ્વારા આરોપીને વાપી ખાતેથી ડીટેઈન કરી વલસાડ જિલ્લાની હદમાંથી ૬ માસ માટે તડીપાર કરેલ છે. આરોપી વિરુદ્ધ ડુંગરા, ભીલાડ, ઉમરગામ, પારડી અને સુરત શહેરના સચીન પોલીસ સ્ટેશનમાં ઘરફોડ ચોરીના ૫ ગુના નોંધાયેલા છે.

## ઔરંગામાં રસોઈયાને ડૂબતો બચાવવા ભારે જહેમત કરવી પડી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા.૨૮ :** પીઠા-ભુનવાડાથી સારંગપુર ને જોડતો ડૂબાઉ કોઝવેની બાજુમાં નવો ઉંચો પુલ તૈયાર થઈ રહ્યો છે, જેના બાંધકામ માટેની સાધન સામગ્રી ટ્રક, ટેન્કર, મિક્સર વિગેરે સારંગપુરના છેડે એક પતરાની કેબિન શેડ બનાવી રાખવામાં આવી છે. ૨૩ મીની રાતે રસોઈયો -મહારાજ કેબિનમાં સુઈ ગયો હતો. મધરાતે જાગતા પૂર પાણી વધી જતા દરવાજો ખોલી ના શક્યો જેથી બૂમાબૂમ કરતાં ઘરના અશોક રમણે બૂમ સાંભળતા ભત્રીજા રાજેશ ચંદુને ફોન કર્યો અને તે તરવૈયો હોય આવી જતા રાત્રે પતરા ઉખેડી મહારાજને ઉપર ખેચી લીધો અને ટ્રકની કેબિન પર ચડ્યા. ત્યાં પણ પાણીનું સ્તર



વધવા માંડ્યું એટલે અમૃતભાઈએ સુનિલ, હિતેશ બીજા બધા મિત્રોને ફોન કરીને ભેગા કર્યા અને મહારાજને બચાવવા મોટા ટાયરની ટ્યુબ, પ્લાસ્ટિકના ખાલી ડબલા કેન વિગેરે બાંધીને બબ્બે દોરડા સાથે મહારાજને બચાવવાની સઘન કામગીરી શરૂ કરી. તેમને ટ્યુબ સાથે બાંધ્યા બાદ અન્યો એપ્રોચમાં તરીને પુલ પર ગયા અને પુલ સુધી ખેચી લાવ્યા હતાં. ત્રિપુટીએ ભારે સંઘર્ષ કરીને અજવાળું થતા સવારે સાત વાગે તેમને હેમખેમ બચાવ્યા. આ સંઘર્ષ કરી રાજેશ સુનિલ હિતેશે ખૂબ જ ઉમદા પ્રશંસનીય કાર્ય કર્યું.

## ચીખલીના જ્વેલર્સ સાથે છેતરપિંડી કરતા ફરિયાદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૨૮ :** ચીખલી જુના વલસાડ રોડ ઉપર આવેલ ચામુંડા જ્વેલર્સમાં ૧૩. ૭. ૨૬ ના રોજ હુસેન યુસુફ પારડીવાલા રહે. વલસાડ જેણે લલિત ભૂરારામ દેવારામ ચૌધરી ઉ.વ. ૩૧ રહે રઘુનાથ પાર્ક જુના વલસાડ રોડ ની દુકાનમાં આવી જણાવેલ કે મારી પાસે ૨૬.૮ ગ્રામની સોનાની બંગડી છે અને મેં એચડીબી ફાઈનાન્સમાં મુકેલ છે અને તેના ઉપર લોન લીધેલ હોય જેના રૂપિયા ૧.૨૫ લાખ ભરવાના બાકી છે તો તમે ૧.૨૫ લાખ રૂપિયા આપો તો હું સોનાની બે બંગડી છોડાવીને તમને વેચાણ માટે આપીશ એમ જણાવતા લલિત ચૌધરીએ ચીખલી લાયન્સ ગાર્ડન પાસે આવેલ એસબીઆઈ ના એટીએમમાં આવી રૂપિયા ૫૦, ૫૦ અને ૨૫ હજાર ઉપાડી કુલ રૂપિયા ૧.૨૫ લાખ હુસેન યુસુફ પારડીવાલા ને આપ્યા હતા અને હુસેન પારડીવાલા કહેલ કે મારી મમ્મી ચીખલી ડેપો પર ઉભી છે અને હું લઈને આવું એમ લલિત ચૌધરીને કહી ગયા બાદ મોબાઈલ નંબર ઉપર લલિતે ફોન કરતા મોબાઈલ સ્વીચ ઓફ આવ્યો હતો ત્યારે લલિત ચૌધરીને અહેસાસ થયો હતો કે પોતે છેતરાયો છે જે બાદ ચીખલી પોલીસ મથકમાં હુસેન યુસુફ પારડીવાલા સામે ફરિયાદ નોંધાવી છે.

## કોઠાર ગામના યુવકની લાશ કોલક નદીના કોઝવે પરથી મળી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીવલ, તા. ૨૮ :** નાનાપોંઢાના ચીવલ ગામના ઘોલ ફળિયા નજીક કોલક નદીના કોઝવે પરથી મળેલા મૃતદેહની ઓળખ વીનેશભાઈ કરશનભાઈ વળવી (ઉંમર ૩૦ વર્ષ), રહેવાસી કોઠાર માની ફળિયા હોવાનું થઈ છે.

વીનેશ તા.૨૧ના રોજ સાંજે આશરે ૭ વાગ્યે ગુમ થયો હતાં. જે બાદ કોલક નદીના પુલ પરથી તેની બાઈક મળી આવી હતી. પરિવારજનોએ તેમની શોધખોળ શરૂ કરી હતી. તાજેતરમાં કોલક નદીમાં આવેલા પૂરના પાણી ઓસરતાં ચીવલ ગામના ઘોલ ફળિયા નજીક કોઝવેના મધ્ય ભાગમાં એક મૃતદેહ દેખાતા સ્થાનિક ગ્રામજનોએ નાનાપોઢા પોલીસને જાણ કરી હતી. પોલીસ સ્થળ પર પહોંચી લાશનો કબ્જો લીધો હતો. ત્યારબાદ પરિવારજનોને બોલાવતા મૃતદેહની ઓળખ વીનેશભાઈ કરશનભાઈ વળવી તરીકે થઈ હતી.

## ચીખલી હાઈવેથી દારૂ ભરેલી કાર સાથે બે ઝડપાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૨૮ :** ચીખલી ને.હા નંબર ૪૮ ઉપર આવેલ ચીખલી ઓવરબ્રિજ ઉતરતા મુંબઈથી અમદાવાદ જતા ટ્રેક ઉપર ચીખલી પોલીસ સવારના સમયે વોચ ગોઠવીને બેઠી હતી દરમિયાન એક ખાનગી રાહે બાતમી મળી હતી કે વાપી થી દારૂ ભરીને એક વેન્યુ કાર નંબર જીજે૧૬ એફબી ૦૮૬૬ સુરત તરફ જઈ રહી છે જેના આધારે ચીખલી પોલીસે ઉપરોક્ત નંબર વાળી કારને આંતરિ તલાસી લેતા કારમાંથી વિસ્કી તથા ટીન બિયર બોટલ નંગ ૯૧૨ જેની અંદાજિત કિંમત રૂપિયા ૨.૫૯.૬૮૦ તથા વેન્યુ કાર કિંમત રૂપિયા ૭,૦૦,૦૦૦ તેમજ બે નંગ મોબાઈલ કિંમત રૂપિયા ૨૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૯.૭૯.૬૮૦ નો મુદ્દા માલ કબજે કર્યો હતો.

જ્યારે ગાડીમાં સવાર જગદીશ બુધિયા વસાવા રહે ખરચી ભીલવાડા ગામ આમલી ફળિયું તા ઝઘડિયા જી. ભરૂચ તેમજ નરેન્દ્ર બાબુ વસાવા ઉ.વ.૨૦ રહે ખરચી ભીલવાડા ગામ આમલી ફળિયું તા ઝઘડિયા જી ભરુચ આ બે શખ્સો ને પકડી પાડી વધુ પૂછપરછ કરતા દારૂનો જથ્થો પ્રીતમ હેમંત પટેલ રહે ડુંગરી ભરા ફળીયા તા.જી વલસાડ જેણે ભરાવી આપ્યો હતો જ્યારે દારૂનો જથ્થો મંગાવનાર જીતુ વસાવા રહે. માંડવા ગામ તા અંકલેશ્વર જી. ભરૂચ આ બે શખ્સોને પોલીસ ચોપડે વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે બનાવની વધુ તપાસ ચીખલી પોલીસ કરી રહી છે.

**ફ્લેટ વેચવાનો છે**
**વાપીમાં નેશનલ હાઈવે નજીક આવેલા પ્રતિષ્ઠિત રહેણાંક વિસ્તારની લીફ્ટ, જનરેટર સેટ સહિતની અદ્યતન સુવિધાઓ ધરાવતી વેલમેન્ટેઈન કો.ઓપ.હાઉસીંગ સોસાયટીમાં**
**2 BHK ફ્લેટ વેચવાનો છે**
**Area : 1240 Sq.ft.**
**Mo. :98259 90770**

### મોરાઈમાં ૧૫ કલાક ધસમસતા પૂર સામે ઝઝૂમનાર શ્રમજીવી મછુંદ્ર યાદવ એ ખોફનાક રાત અને અનુભવને યાદ કરતા કહે છે

## ડર કે આગે જીત હૈ...

(મુકુન્દ સોની દ્વારા)

ગત સપ્તાહે વાપી અને આસપાસના વિસ્તારોમાં પડેલા ધસમસતા વરસાદ વચ્ચે એક એવી ઘટના બની જેણે માનવ હિંમતની તમામ સીમાઓ તોડી નાખી. મોરાઈની આલોક કંપનીમાં છેલ્લા ૧૭ વર્ષથી નોકરી કરતા ૫૫ વર્ષીય મછુંદ્ર યાદવે ૧૫ કલાક સુધી પૂરના પાણી સામે જંગ ખેલીને મોતને માત આપી.

મૂળ ઉત્તર પ્રદેશના દેવરિયા ગામના વતની મછુંદ્ર યાદવ, જેનો પરિવાર યુપીમાં રહે છે, પત્ની અને ૨ દીકરી તથા એક દીકરો જે ગોરખપુરમાં નોકરી કરે છે, પોતે મોરાઈની કંપનીની ટુકવાડા હાઈવે પૂર્વમાં નિર્માણાધિન નવા પુલની બાજુમાં નદી કિનારે આવેલી રૂમમાં રહે છે. બુધવારે રાત્રે રાબેતા મુજબ નોકરીથી છૂટીને રાત્રે ૧૧:૩૦ વાગ્યે તે સાથી મિત્ર સાથે જમીને સૂઈ ગયો હતો.

ગુરુવાર તા. ૨૩ ના રોજ વહેલી સવારે ૩:૩૦ વાગ્યે અચાનક તેને પોતાની ખાટલી નીચે પાણીનો સ્પર્શ થતાં જાગી ગયો. આંખ ખોલીને જોયું તો ચારે તરફ માત્ર પાણી જ પાણી હતું. તેણે તરત જ મિત્રને જગાડ્યો. ગભરાટમાં મિત્ર દોડીને ભાગ્યો અને કમનસીબે પૂરના પ્રવાહમાં તણાઈ ગયો. જોકે આગળ જતા સ્થાનિકોએ તેને બચાવી લીધો.

મછુંદ્ર યાદવ કંઈ વિચારે તે પહેલાં પાણીનો પ્રવાહ એકદમ વધી ગયો. તેણે ત્વરિત સૂઝથી પોતાનો મોબાઈલ ગમછામાં બાંધી માથે મૂકી દીધો. જીવ બચાવવા તે પણ પાણી સાથે વહી રહ્યો હતો ત્યાં જ તેના હાથમાં હાઈટેન્સન લાઈનનો મોટો પોલ આવી ગયો. તેણે તે પોલને મજબૂતીથી પકડી લીધો. જેમ જેમ પાણીનું લેવલ વધતું ગયું તેમ તેમ તે પણ પોલ પર ઉપર ચઢતો ગયો.



આખી રાત ધસમસતા વરસાદ અને કાળા અંધકાર વચ્ચે તે તે પોલ પર અડીખમ ઊભો રહ્યો. સવારે ૬ વાગ્યે અજવાળું થતાં તેણે મદ માટે બૂમો પાડી, પરંતુ પાણીનો પ્રચંડ પ્રવાહ હોવાના કારણે કોઈ તેની પાસે પહોંચી શક્યું નહીં. ગુરુવારે આખો દિવસ પણ તે ભૂખ્યા-તરસ્યા પૂરની વચ્ચે હિંમત હાર્યા વિના ઊભો રહ્યો.

અંતે સાંજે ૬:૩૦ વાગ્યે કોસ્ટગાર્ડનું હેલિકોપ્ટર ઘટનાસ્થળે પહોંચ્યું. હેલિકોપ્ટરમાં હાજર બે પાયલોટ અને બે જવાનોએ તેના બંને ખભામાં બચાવ દોરડું ભેરવીને તેને ઉપર ખેંચી લીધો. તેને તાત્કાલિક દમણ સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો. ત્યાં તમામ મેડિકલ ટેસ્ટ નોર્મલ આવતા ડોકટરો અને કોસ્ટગાર્ડના જવાનો પણ તેની હિંમત જોઈને અચંબામાં પડી ગયા. તમામે તેની સાથે હાથ મિલાવીને તેની હિંમતને દાદ આપી.

હોસ્પિટલથી તેણે સીધો પોતાના દીકરાને ફોન કરીને સલામત હોવાના સમાચાર આપ્યા. બીજા જ દિવસે તે મિત્ર સાથે વાપી પરત ફરીને બે દિવસ બાદ કામે લાગી ગયો. આજે પણ આ હિંમતવાન વ્યક્તિ ટુકવાડાની એક સાઈટ પર એ જ રૂમમાં રહે છે.

તેણે કહ્યું, મોત સે ક્યાં ડરના, વો તો જબ આની હૈ આયેગી, ડર કે આગે જીત હૈ. દેવરિયા ગામના વતની મછુંદ્ર યાદવ કંપનીની ટુકવાડા



હાઈવે પૂર્વમાં નિર્માણાધિન નવા પુલની બાજુમાં નદી કિનારે આવેલી રૂમમાં રહે છે. બુધવારે રાત્રે રાબેતા મુજબ નોકરીથી છૂટીને રાત્રે ૧૧:૩૦ વાગ્યે તે સાથી મિત્ર સાથે જમીને સૂઈ ગયો હતો. ગુરુવાર તા. ૨૩ ના રોજ વહેલી સવારે ૩:૩૦ વાગ્યે અચાનક તેને પોતાની ખાટલી નીચે પાણીનો સ્પર્શ થતાં જાગી ગયો. આંખ ખોલીને જોયું તો ચારે તરફ માત્ર પાણી જ પાણી હતું. તેણે તરત જ મિત્રને જગાડ્યો. ગભરાટમાં મિત્ર દોડીને ભાગ્યો અને કમનસીબે પૂરના પ્રવાહમાં તણાઈ ગયો. જોકે આગળ જતા સ્થાનિકોએ તેને બચાવી લધો.

મછુંદ્ર યાદવ કંઈ વિચારે તે પહેલાં પાણીનો પ્રવાહ એકદમ વધી ગયો. તેણે ત્વરિત સૂઝથી પોતાનો મોબાઈલ ગમછામાં બાંધી માથે મૂકી દીધો. જીવ બચાવવા તે પણ પાણી સાથે વહી રહ્યો હતો ત્યાં જ તેના હાથમાં હાઈટેન્સન લાઈનનો મોટો પોલ આવી ગયો. તેણે તે પોલને મજબૂતીથી પકડી લીધો. જેમ જેમ પાણીનું લેવલ વધતું ગયું તેમ તેમ તે પણ પોલ પર ઉપર ચઢતો ગયો.

આખી રાત ધસમસતા વરસાદ અને કાળા અંધકાર વચ્ચે તે તે પોલ પર અડીખમ ઊભો રહ્યો. સવારે ૬ વાગ્યે અજવાળું થતાં તેણે મદ માટે બૂમો પાડી, પરંતુ પાણીનો પ્રચંડ પ્રવાહ હોવાના કારણે કોઈ તેની પાસે પહોંચી શક્યું નહીં. ગુરુવારે આખો દિવસ પણ તે ભૂખ્યા-તરસ્યા પૂરની વચ્ચે હિંમત હાર્યા વિના ઊભો રહ્યો.

અંતે સાંજે ૬:૩૦ વાગ્યે કોસ્ટગાર્ડનું હેલિકોપ્ટર ઘટનાસ્થળે પહોંચ્યું. હેલિકોપ્ટરમાં હાજર બે પાયલોટ અને બે જવાનોએ તેના બંને ખભામાં બચાવ દોરડું ભેરવીને તેને ઉપર ખેંચી લીધો. તેને તાત્કાલિક દમણ સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો. ત્યાં તમામ મેડિકલ ટેસ્ટ નોર્મલ આવતા ડોકટરો અને કોસ્ટગાર્ડના જવાનો પણ તેની હિંમત જોઈને અચંબામાં પડી ગયા. તમામે તેની સાથે હાથ મિલાવીને તેની હિંમતને દાદ આપી. હોસ્પિટલથી તેણે સીધો પોતાના દીકરાને ફોન કરીને સલામત હોવાના સમાચાર આપ્યા. બીજા જ દિવસે તે મિત્ર સાથે વાપી પરત ફરીને ફરી કામે લાગી ગયો. આજે પણ આ હિંમતવાન વ્યક્તિ ટુકવાડાની એક સાઈટ પર એ જ રૂમમાં રહે છે. તેને કંપની સંચાલકોએ પણ બિરદાવ્યો હતો. અત્યાર સુધીમાં તેને મળવા વટાર ના સેવાભાવી યુવક રિકેન પટેલ આવ્યો હતો અને રાશન કીટ આપી હતી. તેણે કહ્યું, મોત સે ક્યાં ડરના, વો તો જબ આની હૈ આયેગી, ડર કે આગે જીત હૈ.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**